१९७

## :: પ્રેસનોટ ::

"સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી સપ્ટેમ્બર–૨૦૧૮માં યોજાનાર સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૫ વર્ષથી યોજવામાં આવે છે. ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર માસમાં યોજાનાર ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ અને કલાકારો ભાગ લઈ શકે તે માટેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ ખાતે તા.૩૦/૦૬/૨૦૧૮ સુધી ઉપલબ્ધ હતા. ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in પર પણ ભાગ લેવા અંગેની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ મૂકવામાં આવ્યા હતા. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સ્વીકારવાની અંતિમ તારીખ ૩૦/૦૬/૨૦૧૮ સુધીમાં નીચે મુજબની કુલ– ૨૨ નાટ્ય સંસ્થાઓના પ્રવેશ ફોર્મ મળેલ છે.

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | દિપ આર્ટસ્ | આખરી દાવ |
| ૨ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ |
| ૩ | આશિયાના પરિવાર | એક સપનાનું ઘર |
| ૪ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ |
| ૫ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરર્ફોર્મિંગ આર્ટસ | બાલ ભગવાન |
| ૬ | ઑફ બીટ થિયેટર | કુક્કૂ ડાર્લિંગ |
| ૭ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ |
| ૮ | એક્ષપ્રેશન ગૃપ | કારાગાર |
| ૯ | સેવેન પ્રોડકશન | અધૂરો ઓરડો |
| ૧૦ | થર્ડ બેલ થિયેટર | સુર્ય કી અંતિમ કિરણ સે સુર્ય કી પહેલી કિરણ તક |
| ૧૧ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે |
| ૧૨ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા |
| ૧૩ | સંભવ ગૃપ | અમારા જેવો કોઈ નહિ |
| ૧૪ | યુવા આર્ટસ્ | આતમના ઉતારા |
| ૧૫ | વંશાલી ગ્રુપ | લક્ષ્યવેધ |
| ૧૬ | પરમ | મનુ દામજી |
| ૧૭ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ |
| ૧૮ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ |
| ૧૯ | સ્માઈલ ડીઝાઈન | તમસ (એક ઘોર અંધકાર) |
| ૨૦ | કૃ | છેદ વિચ્છેદ |
| ૨૧ | શૈલ થિયેટર | એક હતું જંગલ |
| ૨૨ | સ્કોપા કોલેજ | જિલ્લે સુબ્હાની |

નાટ્ય સ્પર્ધામાં નાટકના ક્રમ નક્કી કરવા ભાગ લેનાર તમામ નાટ્ય સંસ્થાઓની એક મીટીંગ તા.૦૯/૦૭/૨૦૧૮ને સોમવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે નવા સ્ટેંડિંગ કમિટી રૂમ, નવી એનેક્ષી બિલ્ડીંગ,

ત્રીજો માળ, મહાનગર સેવાસદન, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતે રાખવામાં આવેલ છે. ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓએ તમામ વિગતો સાથે મીટીંગના સ્થળે સમયસર હાજર રહેવા નોંધ લેવી.

૧૯૮

## :: પ્રેસનોટ ::

### "સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી" નિમિત્તે નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા "સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી" નિમિત્તે તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ યોજાનાર નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા

"સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી" નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ધો.૯ થી ૧૨ની નિબંધ સ્પર્ધા તથા બપોરે ૧૨.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી, સીટીલાઈટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ નિબંધ અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત તથા સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી સ્પર્ધાના પ્રવેશફોર્મ તથા નિયમો અંગેની માહિતી મળી શકશે. ભરેલા પ્રવેશપત્રો તા.૧૬/૦૭/૨૦૧૮ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત ખાતે પરત કરવાના રહેશે.

૧૯૯

## :: પ્રેસનોટ ::

## <u>'' વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા કરવામાં આવેલ ઝુંબેશરૂપે કામગીરી ''</u>

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ખાતાકીય તમામ કામગીરી ઝુંબેશરૂપે કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન, વી.બી.ડી.સી. વિભાગ દ્વારા જુન મેલેરીયા માસ દરમ્યાન કુલ – ૧૩૧૯૧૩ ઘરો સર્વે કરી જેમાંથી ૯૮૭ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૯૦૫ બાંધકામો સર્વે કરી ૨૮૮ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.

સર્વે દરમ્યાન મળેલ બ્રિડીંગ માટે જવાબદાર એવા કુલ–૬૮૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી.જેમાંથી કુલ–૧૬ ઈસમો સામે સામે કોર્ટ કેસની કાર્યવાહી કરવામાં આવેલ છે અને કુલ–૨૦૮ બાંધકામોમાં આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપવામાં આવેલ છે અને ક્ષતિ જણાયેલ માટે જવાબદાર એવા બાંધકામો જેવા કે દોરીયાવાડ,સલાબતપુરામાંથી રૂપિયા ૫૦૦૦/–, સિધ્ધી બાંધકામમાંથી રૂપિયા –૫૦૦૦/–, રાજ ટેક્ષટાઈલમાંથી રૂપિયા–૫૦૦૦/–, SMC ફાયર બ્રિગેડ સામેથી રૂપિયા–૪૦૦૦/–,નાણાવટ મે.રોડ પરથી રૂપિયા–૩૫૦૦/–,ભાજીવાળી પોળમાંથી રૂપિયા –૩૫૦૦/–,ઈન્દરપુરા બદરીરોડ પરથી રૂપિયા–૩૦૦૦/–,કાળા મહેતાની શેરીમાંથી રૂપિયા–૩૦૦૦/– એમ કુલ રૂપિયા ૫૧૦૦૦/– નો વહિવટી પરચુરણ ખર્ચ બાંધકામોમાંથી વસુલ કરવામાં આવેલ છે તથા ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન વહિવટી પરચુરણ ખર્ચ રૂપિયા ૫૩૪૦૦/– મળી કુલ રૂપિયા ૧૦૪૪૦૦/– વહિવટી

**પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૨૨૭૨ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત મચ્છરજન્ય રોગોનો ફેલાવો ન થાય તે હેતુસર કુલ–૨૧ લીકો જીપ અને કુલ–૮૩૦ હેન્ડીસેટ મશીનો દ્વારા ફોગીંગની કામગીરીમાં ઝોનનો તમામ વિસ્તાર આવરી લેવામાં આવેલ છે.**

**આ ઉપરાંત હાલની ચોમાસાની ઋતુને ધ્યાને લઈ સેન્ટ્રલઝોન વિસ્તારમાં આવેલ કુલ–૮૩ ખુલ્લા પ્લોટોમાં આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપવામાં આવેલ જે પૈકીના ૦૨ પ્લોટધારકો પાસેથી રૂપિયા ૨૫૦૦/– વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે અને સેન્ટ્રલઝોન વિસ્તારમાં આવેલ કુલ–૬૪૮ મિલ્કતોના બેઝમેન્ટો ચેક કરી તેમાં પાણી ભરાવાની શકયતાને ધ્યાને લઈ તમામને આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપવામાં આવેલ છે.**

**વધુમાં શાળા,આંગણવાડી તથા શેરીઓમાં સઘન આઈ.ઈ.સી.એકટીવીટી અને અલગ અલગ બે વિસ્તારોમાં રેલી દ્વારા સમજણ આપી પેમ્ફલેટનું વિતરણ કરી જનજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે.**

૨૦૦

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા યુ.સી.ડી. વિભાગ હસ્તકની દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) અંતર્ગત વિવિધ ઘટક જેવાકે, સખી મંડળ, લોનના લાભાર્થીઓ, તાલીમના લાભાર્થીઓ, પિંક ઓટો પ્રોજેક્ટ, આરોગ્ય વિભાગ હસ્તકની મા-વાત્સલ્ય કાર્ડ ધારક યોજના તેમજ આઈ.સી.ડી.એસ. વિભાગ હસ્તકની પ્રધાનમંત્રી માતૃવંદના અમલીકૃત વિવિધ યોજનાઓના લાભાન્વિત લાભાર્થીઓ સાથે તા.૦૩/૦૭/'૧૮ના રોજ સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ ખાતે મા. મેયરશ્રીની અધ્યક્ષતામાં "સંવાદ કાર્યક્રમ" આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોને આવકારતા સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહએ જણાવ્યું હતું કે યુ.સી.ડી. વિભાગ, આઈ.સી.ડી.એસ વિભાગ તેમજ આરોગ્ય વિભાગની વિવિધલક્ષી યોજનાઓના અમલ થકી લોકોને સારા એવા પ્રમાણમાં લાભો મળેલ છે. જેઓ અહિયાં ઉપસ્થિત છે તેઓએ વિવિધ લાભ મેળવી પોતાના પરિવારને ઉપયોગી નીવડેલ છે.

મા.સાંસદશ્રી દર્શનાબેન જરદોશએ પ્રાસંગિક ઉધબોધન કરતા જણાવ્યું હતું કે "કૌશલ્ય વર્ધન તાલીમ થકી લાભાર્થીને રોજગારલક્ષી બનાવી જીવનવિકાસમાં આગળ વધવામાં ખુબસરસ પ્રેરણા પૂરી પાડેલ છે." યોજનાઓના

લાભાર્થીઓ સાથે મા.વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે થયેલ વાતચીત, Mo. App. ધ્વારા સંવાદ, સરકારશ્રીની યોજનાઓની માહિતી સામાન્ય વ્યકિત સુધી પહોચાડવા બાબતોની વિગત રજુ કરી હતી.

સમારંભના અધ્યક્ષ અને મા.મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલએ અધ્યક્ષીય પ્રવચન કરતા જણાવ્યું હતું કે "યુ.સી.ડી. વિભાગ, આઈ.સી.ડી.એસ વિભાગ તેમજ આરોગ્ય વિભાગ ધ્વારા સરકારશ્રીની વિવિધ યોજનાઓ થકી છેવાડાના માનવીઓ લાભ મેળવીને પગભર થયા છે. લોકોની ચિંતા હોય તેમાંથી રચનાત્મક પ્રવૃત્તિ થઈ શકે છે જો કોઈ વ્યક્તિને સાધન આપીએ તો એક પ્રયાસ ગણાય પરંતુ તે વ્યક્તિને પગભર કરવામાં આવે તો સારી રીતે જીવન જીવી શકે છે" લોકોની વેદનાને વાચા આપી જીવનવિકાસમાં પ્રગતી સાધી છે તે બાબતના વિવિધ ઉદાહરણો સહીતના દ્રષ્ટાંતો રજુ કરવામાં આવ્યા હતા. મા. મેયરશ્રીએ વધુમા જણાવ્યું હતું કે સુરત શહેરની પ્રગતિનું કારણ સુરત મહાનગરપાલિકાના સબળ શાસકો અને પ્રજાની પીડાને સમજનાર અધિકારીઓ વચ્ચે યોગ્ય સંકલન છે.

આ પ્રસંગે મા.અધ્યક્ષ સ્થાયી સમિતિ અનિલભાઈ ગોપલાણી, મા.શાસક પક્ષના નેતા શ્રી ગિરિજાશંકર મિશ્રા, મા.અધ્યક્ષા ગટર સમિતિ શ્રીમતી સુધાબેન નાહતા, મા.અધ્યક્ષ કાયદા સમિતિ શ્રી નરેશભાઈ પટેલ, મા.અધ્યક્ષ, લાઈટ એન્ડ ફાયર સમિતિ શ્રી પિયુષભાઈ જરીવાલા તથા મ્યુ. સદસ્યશ્રીઓએ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે યુસીડી વિભાગના સખીમંડળના બહેનો દ્વારા તેઓ દ્વારા ઉત્પાદિત થતી વિવિધ વસ્તુઓનું પ્રદર્શન તથા આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા વાનગી હરીફાઈ અંતર્ગત તૈયાર કરેલ વિવિધ વાનગીઓનું નિદર્શન કરેલ હતું. આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવેલ હતી.













૨૦૧

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૩/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

- ઉધના ઝોન પાંડેસરા વિસ્તારના લક્ષ્મીનારાયણનગરમાં ના બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળવાથી કુલ ૨૫૦૦/– રૂ., ઉધના રામદેવનગર બાધકામમાં ઓવરહેડ ટાંકી તથા ગ્રાઉન્ડ ટાંકીમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા નોટીસ તથા ૩૦૦૦/– રૂ.,બમરોલી અલથાણ રોડ પર આવેલ ડી–માર્ટ ખાતે મોસ્કીટો બ્રિડીંગ સાઈટ મળી આવવાથી રૂ. ૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.
- ઉધના ઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૨૮૫૬ ઘરોમાં **૨૬૦૨૧** સ્પોટ સર્વે કરી કુલ **૧૦૯** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૧૦૫૦૦ /– રૂ.** વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ **૨૨** નોટીસ આપવામાં આવેલ છે.
- સાઉથ ઈસ્ટ ઝોન ના ઉમરવાડા યુનિટ દ્વારા ચૌયાસી ડેરી માં દુધ ના કેરેટ માં બ્રિડીગ મળતા વહીવટી ખર્ચ વસુલાત ૨૦૦૦/– રૂપિયા કરેલ છે.
- અઠવાઝોનમાં એટલાન્ટા મોલ, પુણ્યભુમી,પ્રજ્ઞાનગર, સુડા આવાસ, એસ.વી.એન.આઈ.ટી. પ્ર.જીત રોહાઉસ, સિંચાઈ ભવન,બાલાશ્રમ પાછળ, જશ રેસી.,સુમન ઉદય, વિસ્તારમાં ૬૬૬૩ ઘર માં ૧૫૭૪૦ સ્પોટ સર્વે કરતા કુલ ૩૨ બ્રિડીંગ

મળેલ હતા. તેમજ ૮ નોટીસ આપવામાં આવેલ હતી અને ૮ ઈસમો પાસેથી રૂા.૩૦૬૦૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ હતો.

- ઈસ્ટ ઝોનમાં પુણા ખાતે સૌરાષ્ટ્ર પાટીદાર સમાજનીવાડીમાંમિંટીગરાખવામાંઆવેલહતી તેમાં સુકા ભીના કચરાની જગૃકતા માટે , પ્લાસ્ટિક બંધ કરવા માટે તેમજ મચ્છર ઉપદ્રવ અટકાયતતા માટે ૭૦સોસાયટીઓનાપ્રમુખો/આગેવાનોતેમજકોરપોરેટરશ્રીદિનેશભાઈસાવલીયા અને સોનલબેન દેસાઈ હાજર રહયા હતા.

૨૦૨

# <u>પ્રેસનોટ</u>

## <u>" વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા કરવામાં આવેલ ઝુંબેશરૂપે કામગીરી "</u>

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ખાતાકીય તમામ કામગીરી ઝુંબેશરૂપે કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન, વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મેલેરીયા માસ દરમ્યાન કુલ –૧૦૪૧૬ ઘરો સર્વે કરી જેમાંથી ૪૮ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૨૩ બાંધકામો સર્વે કરી ૧૮ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે.

સર્વે દરમ્યાન મળેલ બ્રિડીંગ માટે જવાબદાર એવા કુલ–૫૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી.જેમાંથી કુલ–૦૪ ઈસમો સામે સામે કોર્ટ કેસની કાર્યવાહી કરવામાં આવેલ છે અને ક્ષતિ જણાયેલ ઈસમો જેવા કે નાણાવટ બાંધકામમાંથી રૂપિયા ૧૫૦૦/–, ચૌટાબજાર બાંધકામમાંથી રૂપિયા –૫૦૦/–, અને ખાંગડશેરી ખુલ્લા પ્લોટમાંથી રૂપિયા–૧૦૦૦/–, એમ કુલ રૂપિયા ૩૦૦૦/– નો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૨૨૬ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે.

વધુમાં શાળા,આંગણવાડી તથા શેરીઓમાં સઘન આઈ.ઈ.સી.એકટીવીટી દ્વારા સમજણ આપી પેમ્ફલેટનું વિતરણ કરી જનજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે.

૨૦૩

# –:: પ્રેસનોટ ::–

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ સંચાલિત સેન્ટર ફોર અર્બન એન્ડ એન્વાયરમેન્ટલ સ્ટડીઝ ( RCUES ), મુંબઈ દ્વારા તા.૦૨.૦૭.૨૦૧૮ ના રોજ સવારે ૧૦/૦૦ કલાકે હોટલ લોર્ડ પ્લાઝા, દિલ્હી ગેટ, રીંગરોડ, સુરત ખાતે રીજીયોનલ સ્પેશ્યલ ટ્રેનીંગ પ્રોગ્રામ ઓન " પ્રધાન મંત્રી આવાસ યોજના ( PMAY ) એ વિષય પર તાલીમવર્ગનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર તાલીમમાં સુરત મહાનગરપાલિકાના મા.મેયર શ્રી જગદીશ પટેલ, સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુનિ. કમિશ્નર શ્રી એન.વી.ઉપાધ્યાય, સંસ્થાના એકઝીકયુટીવ એડવાઈઝર શ્રીમતી હંસાબેન પટેલ, વિવિધ મહાનગરપાલિકા / નગરપાલિકાન અધિકારીઓ / પદાધિકારીઓ વિગેરે હાજર રહેલ હતા.

તાલીમમાં હાજર રહેલ તમામ મહાનુભાવોનું સ્વાગત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, વડોદરા કેન્દ્રના રીજીયોનલ ડાયરેકટર શ્રી દિનેશ પટેલે કર્યું હતું.

સુરત મહાનગરપાલિકાના મા.મેયર શ્રી જગદીશ પટેલ, સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુનિ. કમિશ્નર શ્રી એન.વી.ઉપાધ્યાય, એ.આઈ.આઈ.એલ.એસ.જી.ના એકઝીકયુટીવ એડવાઈઝર શ્રીમતી હંસાબેન પટેલ, વિગેરેઓએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

એડવાઈઝર શ્રીમતી હંસાબેન પટેલે સંસ્થા દ્વારા ચાલતા ટ્રેનીંગ પ્રોગ્રામો, ફાયર એકેડેમી, નર્સીગ કોલેજ, સેનીટરી ઈન્સ્પેકટર ડિપ્લોમાં કોર્સ તથા ભારત સરકારના સંકલનમાં રહી કરવામાં આવતી કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી તથા પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત " સૌના માટે ઘર " વિશે ખુજબ ઉંડાણ પૂર્વક માહિતી આપેલ હતી.

મા.મેયર શ્રી જગદીશ પટેલે સુરત શહેર વિશ્વનું ચોથા ક્રમાંકનું ઝડપથી વિકાસ પામતા શહેર તથા સુરત મહાનગરપાલિકાએ પણ તમામ લોકોને આવાસ મળી રહે તે રીતનું આયોજન કરવામાં આવેલ છે તેઓશ્રીએ આવેલ તમામ અધિકારી / પદાધીકારીઓનું સ્વાગત કરેલ.

સુરત સેન્ટરના રીજીયોનલ ડાયરેકટર શ્રી પી.આઈ.મલિકે ટ્રેનીંગ પ્રોગ્રામમાં ભાગ લેનાર તમામ અધિકારી / પદાધિકારીઓ પોતાનો કિમતી સમય ફાળવી ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યકત કરેલ.



ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ સંચાલિત સેન્ટર ફોર અર્બન એન્ડ એન્વાયરમેન્ટલ સ્ટડીઝ ( RCUES ), મુંબઈ દ્વારા તા.૦૨.૦૭.૨૦૧૮ ના રોજ ટ્રેનીગ પ્રોગ્રામ ઓન " પ્રધાન મંત્રી આવાસ યોજના ( PMAY ) એ વિષય પર તાલીમવર્ગનું આયોજન કરવામાં આવેલ હતું. જેનું ઉદ્ઘાટન સુરત મહાનગરપાલિકાના મા.મેયર શ્રી જગદીશ પટેલ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં સુરત મહાનગરપાલિકાના ડે.મ્યુનિ. કમિશનર શ્રી એન.વી.ઉપાધ્યાય, સ્લમ કમિટીના સદસ્યા શ્રી પૂર્ણિમાબેન, શ્રી મંજુલાબેન દૂધાત તથા એ.આઈ.આઈ.એલ.એસ.જી.ના એકઝીકયુટીવ એડવાઈઝર શ્રીમતી હંસાબેન પટેલ, તથા અન્ય મહાનુભાવો હાજર રહેલ હતા.

૨૦૪

# :પ્રેસનોટ:

**જૂન–૨૦૧૮ "મેલેરીયા વિરોધી માસ" અભિયાન અંતર્ગત પૂર્વઝોન (વરાછા) ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદી :–**

હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળો વકરે નહિં તે હેતુસર દર વર્ષે જૂન માસને "મેલેરીયા વિરોધી માસ" તરીકે ઉજવણી કરવાના ભાગરૂપે પૂર્વઝોન (વરાછા) ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને મચ્છરની ઉત્પતિ નિવારવા લેવા જોગ પગલાં બાબતે માહિતગાર કરી જન–જાગૃતિ અભિયાન હાથ ધરેલ છે. તેમજ ઝોન સમાવિષ્ટ વિસ્તારના ૫૩૧૯૫૭ ઘરોમાં સર્વે કામગીરી હાથ ધરી ૧૨૧૪ મચ્છરના બ્રિડીંગનો નાશ કરવા ઉપરાંત તેની ઉત્પતિ કરેલ કુલ ૪૬૫ ઈસમો સામે નોટિશ બજાવવાની કાર્યવાહી હાથ ધરેલ છે. વધુમાં, વધુ શિક્ષાત્મક કાર્યવાહી તેમજ જરૂરી દવા છંટકાવ કરવાના ભાગરૂપે રૂા.૧૮૫૮૫૦/– વહીવટી પરચૂરણ ખર્ચની વસૂલાત લેવામાં આવેલ છે.

સ્થાનિક રહીશોના રહેણાંક વિસ્તાર તેમજ કોમર્શિયલ વિસ્તારમાં ધાબાં ઉપર નકામા પડતર ભંગાર–સાધનસામગ્રી તેમજ ખુલ્લાં ડ્રમ,પીપ સહિતના સાધનો કે જેમાં વરસાદી પાણી ભરાયને મચ્છરનું બ્રિડીંગ થવાની શકયતા રહેલી છે, તેનો નાશ/નિકાલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

આથી સ્થાનિક રહીશોને જણાવવાનું કે તમારા રહેણાંક વિસ્તારના ધાબાં ઉપર વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબ પાણીનો નિકાલ કરવા ઉપરાંત ઘરે રાખવામાં આવતાં "પક્ષીકુંજ" કે જેમાં "ડેંગ્યુ તથા મેલેરીયા" ફેલાવતાં મચ્છરની ઉત્પતિ થાય છે. તેનો તાત્કાલિક નિકાલ કરવા નમ્ર અપીલ કરવામાં આવે છે.

૨૦૫

# :: પ્રેસનોટ ::

## પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"

વિષય : પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા"** તથા **દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**નું પરિણામ

પૂજય શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા શહેરના ૧૩ થી ૫૦ વર્ષની વયના દિવ્યાંગ વ્યકિતઓની પુરૂષ વિભાગમાં "તરણ સ્પર્ધા" તા.૦૪/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે વીર સાવરકર તરણકુંડ, જોગાણીનગર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી.

પૂજય શ્રીમોટાએ આપેલ 'ગુરૂજી'ના હુલામણા નામે લોકપ્રિય અને જેના નામ સાથે આ સ્પર્ધા જોડાયેલ છે એવા શ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા તરણ પ્રવૃતિઓમાં ખ્યાતનામ હતા અને તેથી જ તેમના નામે યોજાતી આ સ્પર્ધાના બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી યોજવામાં આવતી આ બાળતરણ સ્પર્ધાનો શુભારંભ તા.૦૪/૦૭/૨૦૧૮ના રોજ સવારે માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, શાસક પક્ષનેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, લાઈટ એન્ડ ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પિયુષકુમાર જરીવાલા તથા હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, સન્મુખભાઈ જીનવાલા, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલાએ ઝંડી ફરકાવી કરાવ્યો હતો. તરણ સ્પર્ધામાં કિશોર અને કિશોરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ ગૃપ અને દિવ્યાંગ પુરૂષોના–૧ ગૃપ મળી કુલ ૫ વિભાગમાં યોજાઈ હતી. ઝરમર વરસતા વરસાદમાં ૧૦૦થી વધુ સ્પર્ધકોએ ઉમંગભેર નિર્ધારીત ૫૦ મીટરનું અંતર પૂર્ણ કર્યુ હતું. સ્પર્ધાને અંતે નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| | છોકરાઓ | છોકરીઓ | દિવ્યાંગ પુરૂષો |
|---|---|---|---|

| વિજેતા ક્રમ | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ | ઈ<br>૧૩ થી ૫૦ વર્ષ |
|---|---|---|---|---|---|
| **પ્રથમ** | નમ્ર આર. પટેલ | તીર્થ એસ. ભાણવડીયા | તાશા નિમેષ મોદી | મહેક ડી.ચોપડા | અબીઝર અમ્માર દોડીયા |
| **દ્વિતિય** | કુંજ હર્ષલ દેસાઈ | મધુર એન. જૈન | દેબાશ્રી પી. ગલીયારા | અનન્યા એ. જોષી | જયનીશ કે. સારંગ |
| **તૃતિય** | રીપુદમનસિંહ શેખાવત | માલવ પી. સારંગ | ભવ્યા જે. લાકડાવાલા | જાનવી દેવાંગ દોરીવાલા | મોહંમદ એમ. વાનીઆ |
| **આશ્વાસન** | પટેલ હાસ્ય એમ. | જાગીરદાર વેદાંત એચ. | ભગત રિધ્ધિ ગૌરાંગ | દ્રીશ્યા પી.મહેતા | હર્ષકુમાર એચ. વાવડીયા |
| | રૂશીલ કિશન ભાટીયા | ખલાસી કરણ કિશોર | માંડલીયા ભવ્યા એસ. | વિભુતિ રોહિત પટેલ | અશોક આર. રાણા |

આ બાળતરણ સ્પર્ધાના વિજેતાઓ અને દિવ્યાંગ વ્યકિતઓની તરણ સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભવોના હસ્તે રોકડ પુરસ્કાર, ટ્રોફી, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમ તરફથી પૂજય શ્રીમોટાના ફોટો, કેલેન્ડર અને પુસ્તક એનાયત કરી નવાજવામાં આવ્યા હતા. અન સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા તરફથી સ્મૃતિભેટ અને પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા જયારે હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પૂજય શ્રીમોટાની પ્રાર્થના પુસ્તિકા આપવામાં આવી હતી. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વાલીઓ અને રમતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળતરણવીરો અને દિવ્યાંગ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.




૨૦૬

**સુરત મહાનગર પાલિકા**

**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**

**અખબારી યાદી**

## <u>વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૪/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

સેન્ટ્રલ ઝોનમાં નાણાવટ બાંધકામમાંથી રૂપિયા ૧૫૦૦/–, ચૌટાબજાર બાંધકામમાંથી રૂપિયા –૫૦૦/–, અને ખાંગડશેરી ખુલ્લા પ્લોટમાંથી રૂપિયા–૧૦૦૦/–, એમ કુલ રૂપિયા ૩૦૦૦/– નો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૨૨૬ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે

વેસ્ટઝોન માં આવેલ બાંધકામમાંથી રૂા.૮૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ, પાલ યુનિટ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાંથી રૂા.૧૦,૦૦૦/,પાલણપોરગામ યુનિટ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાંથી રૂા.૩,૦૦૦/– અને રાંદેર યુનિટ ખાતે આવેલ બાંધકામમાંથી રૂા.૧,૫૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

પાંડેસરા બાંધકામમાં પાણી ભરાવા મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.ઉન યુનિટના રામેશ્વરનગર વિસ્તારમાં નકામાભંગાર હોવાથી રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ તથાઆજરોજ ૧૬ જગ્યાએ વરસાદી પાણી ભરાવા જોવા મળતા તેમાંથી કુલ ૦૮ જગ્યાએ  એન્ટી લાર્વલની કામગીરીમેન્યુઅલી૦૮ જગ્યાએ  એન્ટી લાર્વલની કામગીરી અનેની કામગીરી કરવામાં આવેલ છે.વડોદ યુનિટનાં સાંઈ મોહન સોસાયટીમાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ રૂ.૫૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.ભેસ્તાન યુનિટ સંગમ સોસાયટી માં બાંધકામમાં  મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. આમ, ઉધના ઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ

૧૩૪૦૯ ઘરોમાં **૩૩૭૪૬** સ્પોટ સર્વે કરી કુલ **૧૬૪** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૯૦૦૦ /– ~**. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૬૦ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનના ગોડાદરા યુનિટનાં બાંધકામ માં વહીવટી ખર્ચમાં ફેબ્રિજો પરવટ ગામ ૧૦૦૦૦/–રૂપિયા,ધપોલારીસપરવટગામપ૦૦૦/–રૂપિયા,વિકટોરીયાપેલેસગોડાદરા૮૦૦૦/–રૂપિયા,રાધે રેસીડેન્સી ધિરજનગર ની બાજુમાંપ૦૦૦/– રૂપિયા, કુલ ૨૮૦૦૦/ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

કતારગામઝોનનાવી.બી.ડીસીવિભાગના કાર્યક્ષેત્રમાં આવેલ આંબાતલાવડી,લંકાવિજયઓવારા, ભરીમાતારોડ તેમજ જીલાની બ્રીજ વિસ્તારમાં વી.બી.ડી.સી વિભાગની કામગીરીઓની ખાસ ઝુબેશ હાથ ધરાવામાં આવેલ હતી.જેમાં વિસ્તારમાં આવેલ ભંગારવાળા, બાંધકામ સાઈટ, પ્રાઈવેટ સંસ્થાઓમાં પાણી ભરાવો તેમજ બ્રિડીંગ મળી આવતા કુલ ૧૧ ઈસમો પાસેથી રૂા. ૨૨૯૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.અંતર્ગત મંગલગ્રુપ સોસા., આનંદપાર્ક, મુખ્ય મંત્રી આવાસ, રીવરવ્યુ સોસા., લક્ષ્મીનગર, દેવીકૃપા સોસા., ગોટાલાવાડી ટેનામેન્ટ, પટેલવાડી, ઝવેરી મહોલ્લો, મરઘી ચાલ, વીજયદીપ સોસા., કૃષ્ણદર્શન સોસા.નાં કુલ ૧૧૨૧૩ ઘરોમાં ૩૦૪૪૪ સ્પોટ સર્વે કરી કુલ પ૯ બ્રિડીંગ નાશ કરવામાં આવેલ છે. અને કુલ રૂા. ૩૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરાવામાં આવેલ છે.તથા કુલ ૪૦ નોટીસ આપવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

૨૦૭

# <u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા તથા સુરત સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લિ. (SSCDL) ધ્વારા બીઆરટીએસ અને સીટી બસ થકી શહેરીજનો માટે યોગ્ય પરિવહનની સુવિધા માટે ઉભા કરવામાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રકચર પૈકી બીઆરટીએસ બસ શેલ્ટર ખાતે Passenger Information System(PIS) સ્ક્રીન ઈન્સ્ટોલ કરી બસનો અપેક્ષિત આવવાનો સમય Intelligent Transit Management System (ITMS) થકી પ્રદર્શિત કરવામાં આવે છે. સદરહુ PIS ખરેખર ચાલુ છે કે બંધ એનું મોનીટરીંગ કન્ટ્રોલ સેન્ટર (સ્મેક સેન્ટર)થી થઈ શકે અને જો બંધ હોય તો તાત્કાલીક દુરસ્ત કરાવવા સીસ્ટમ મારફત ઓટોમેટીક કમ્પલેઈન જનરેટ થઈ તાકીદે રીપેર કરી મુસાફરોને સુચારૂ સુવિધા આપી શકાય તે માટે જરૂરી એડીશનલ હાર્ડવેર ફીટ કરી અને મેઈન્ટેન્સની કામગીરી પ્રતિ નંગ પ્રતિ સ્ટેશન રૂા.૫,૬૦૦/–ના ખર્ચે કુલ ૧૧૧ બીઆરટીએસ બસ શેલ્ટર માટે કુલ ખર્ચ રૂા.૬,૨૧,૦૦૦/–થી ARS Traffic & Transport Technology (India) Pvt. Ltd. ને સોંપવા સુરત સ્માર્ટ સીટી ડેવલોપમેન્ટ લિ. (SSCDL) ની PMC (પ્રોજેકટ મેનેજમેન્ટ કમિટિ) ધ્વારા આજરોજ તા.૦૪–૦૭–૨૦૧૮થી મંજુરી આપવામાં આવેલ.

૨૦૮

# પ્રેસનોટ

સુરત શહેરના શહેરીજનોમાં કલાગુણો વિકસાવવાના હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે રાહત દરથી વિવિધ વર્ગો તા.૦૧/૦૫/૨૦૧૮ થી શરૂ કરવામાં આવેલ. જે વર્ગોનાં પ્રથમ બેચની સફળતાને ધ્યાને લઈ આગામી તા .૦૧/૦૮/૨૦૧૮ થી નીચે મુજબના વર્ગોનો બીજો બેચ શરૂ કરવામાં આવનાર છે . સદર વર્ગોમાં ભાગ લેવા ઈચ્છુક શહેરીજનો માટે પ્રવેશ પ્રક્રિયા પરફોર્મિંગ આર્ટ સેન્ટર ખાતે શરૂ થયેલ હોય, સદર વર્ગોમાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાનું ઓળખપત્ર, રહેણાંકનો પુરાવો, બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ તથા જે તે વર્ગની નિયત કરેલ ફી સાથે પરફોર્મિંગ આર્ટ સેન્ટર , એલ.પી.સવાણી રોડ , અડાજણ, સુરત ખાતે કામકાજનાં દિવસોમાં સવારે ૧૦-૦૦ કલાકથી રાત્રે ૦૯-૦૦ કલાક સુધીમાં રૂબરૂમાં પોતાનો પ્રવેશ મેળવવાનો રહેશે.

**તા.૦૧/૦૮/૨૦૧૮ થી શરૂ થનાર બીજા બેચનાં વર્ગોની વિગત**

| અ.નં. | વિવિધ પ્રકારનાં વર્ગોની વિગત | વિવિધ વર્ગનો સમય / સેશન |
|---|---|---|
| ૧ | ડાન્સ ક્લાસ | 05:00 p.m. to 06:30 p.m. |
| | | 06:30 p.m. to 08:00 p.m. |
| | | 08:00 p.m. to 09:30 p.m. |
| ૨ | એરોબિક્સ ક્લાસ (ફક્ત મહિલાઓ માટે) | 06:30 a.m. to 08:00 a.m. |
| | | 03:30 p.m. to 05:00 p.m. |
| | | 05:00 p.m. to 06:30 p.m. |
| ૩ | ડ્રોઈંગ ક્લાસ ફોર સ્ટુડન્ટ | 05:00 p.m. to 06:30 p.m. |
| | | 06:30 p.m. to 08:00 p.m. |
| | | 08:00 p.m. to 09:30 p.m. |
| ૪ | ડ્રોઈંગ ક્લાસ ફોર પ્રોફેશનલ | 08:00 p.m. to 09:30 p.m. |

૨૦૯

| | | |
|---|---|---|
| | <u>સુરત મહાનગર પાલિકા</u><br><u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u><br><u>અખબારી યાદી</u> | |

<u>વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા  મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૫/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

વેસ્ટઝોન (રાંદેર) ના વી.બી.ડી.સી.વિભાગના પાલ યુનિટના કાર્યક્ષેત્રમાં આવેલ આર.ટી.ઓની સામે બાંધકામમાંથી રૂા.૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ, પાલનપુર યુનિટ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાંથી રૂા.૨,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ અને રાંદેર યુનિટ ખાતે આવેલ એમ.એમ.પી. સ્કુલ તેમજ ગુરૂકૃપા સ્કુલમાં વિધાર્થીઓને તથા શિક્ષકોને આઈ.ઈ.સી. ધ્વારા મચ્છરજન્ય રોગો વિશેની જાણકારી આપવામાં આવી. તેમજ કુલ ઘર સર્વે–૬૩૩૯, મળી આવેલ બ્રિડીંગ–૫૭, અબેટ ટ્રીટમેન્ટ–૨૭૧૧ અને નોટીસ–૫૧ અને કન્ટેનરો કુલ–૩૪ જપ્ત કરવામાં આવેલ.

ઉધનાઝોન ભેસ્તાન યુનિટમાં જમનાનગર પ્લોટ નં–૬૫ નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા ૦૧ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ અને રૂ.૫૦૦/–, વૃંદાવન સોસાયટીમાં બ્રિડીંગ જોવા મળતા ૦૧ નોટીસ અને વહીવટી ખર્ચ રૂપે રૂ.૧૦૦૦/– વસુલાત કરવામાં આવેલ છે.બમરોલી યુનિટમાં આદર્શનગર નાં પ્લોટ નં–૧૫,૧૬ નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા ૦૧ નોટીસ અને રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે. અમૃતનગરનાં પ્લોટ નં–૨૦૯ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવો જોવા મળતા રૂ.૧૦૦૦/– વહીવટ ખર્ચ તથાબમરોલી યુનિટમાં અપેક્ષાનગર પ્લોટ નં–૪૫૦ બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ તથા ઉન યુનિટમાં રામેશ્વરનગર માં નકામાં ભંગાર પડેલ હોવાથી રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ,વડોદમાં આવતા ઘનશ્યામનગરમાં ભંગારવાળાને ત્યાં નકામા કાટમાળ મળતા મોસ્કીટો સ્પોટ જોવા મળતા રૂ.૧૦૦૦/– તથા પાંડેસરામા ંપ્લોટ નં.૨૭૫,૩૦૧,૩૦૯ ખુલ્લા પ્લોટમાં બ્રિડીંગ મળતા રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ , અંબિકાનગર પ્લોટ નં.૧૫૩ ખુલ્લા પ્લોટમાં રૂ.૩૦૦/– વહીવટો ખર્ચ ,ઓમશ્રી જલારામનગર બાંધકામમાં પાણી ભરાવો અને મચ્છરજન્ય પરિસ્થિતિ જોવા મળતા રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલાત કરવામાં આવેલ છે.

આમ, સાઉથઝોન(ઉધના) વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૨૦૭૮ ઘરોમાં ૨૯૩૯૫ સ્પોટ સર્વે કરી કુલ **૧૫૪** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૧૧,૮૦૦ /–** ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૪૦ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનનાં નવાગામ ડીંડોલી યુનિટમાં આવેલ સનરાઈઝ સ્કુલ બાંધકામમાં ૮૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૦૫/૦૭/ ૨૦૧૮

**પૂર્વ(વરાછા)ઝોનના સરથાણા વિસ્તારમાં ડીમોલીશની કામગીરી બાબત.**

મોજે–સીમાડાના બ્લોક નં.૧૧૮ પૈકી સીમાડામાં આવેલ માં અમર સોસાયટી જે એગ્રીકલ્ચર ઝોનમાં આવેલ છે. જેમાં જુની તેમજ નવી ગેરકાયદેસર પ્લીન્થો સહિતનું બાંધકામ બનાવવામાં આવેલ. જે આજરોજ સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન ધ્વારા જે.સી.બી. બ્રેકરનો ઉપયોગ કરી, ગેરકાયદેસર ૫૪ પ્લીન્થનું આશરે ૩૦,૦૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં ડિમોલીશન કરવામાં આવેલ છે.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી (બી) ની સૂચના મુજબ શહેરી વિકાસના સ્ટાફ તથા સીકયુરીટીના માર્શલ સહિત પાર પાડવામાં આવેલ.

૨૧૧

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૫/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

વેસ્ટઝોન (રાંદેર) ના વી.બી.ડી.સી.વિભાગના પાલ યુનિટના કાર્યક્ષેત્રમાં આવેલ આર.ટી.ઓની સામે બાંધકામમાંથી રૂા.૨૦,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ, પાલનપુર યુનિટ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાંથી રૂા.૨,૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ અને રાંદેર યુનિટ ખાતે આવેલ એમ.એમ.પી. સ્કુલ તેમજ ગુરૂકૃપા સ્કુલમાં વિધાર્થીઓને તથા શિક્ષકોને આઈ.ઈ.સી. ધ્વારા મચ્છરજન્ય રોગો વિશેની જાણકારી આપવામાં આવી. તેમજ કુલ ઘર સર્વે–૬૩૩૯, મળી આવેલ બ્રિડીંગ–૫૭, અબેટ ટ્રીટમેન્ટ–૨૭૧૧ અને નોટીસ–૫૧ અને કન્ટેનરો કુલ–૩૪ જપ્ત કરવામાં આવેલ.

ઉધનાઝોન ભેસ્તાન યુનિટમાં જમનાનગર પ્લોટ નં–૬૫ નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા ૦૧ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ અને રૂ.૫૦૦/–, વૃંદાવન સોસાયટીમાં બ્રિડીંગ જોવા મળતા ૦૧ નોટીસ અને વહીવટી ખર્ચ રૂપે રૂ.૧૦૦૦/– વસુલાત કરવામાં આવેલ છે.બમરોલી યુનિટમાં આદર્શનગર નાં પ્લોટ નં–૧૫,૧૬ નાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા ૦૧ નોટીસ અને રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે. અમૃતનગરનાં પ્લોટ નં–૨૦૯ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવો જોવા મળતા રૂ.૧૦૦૦/– વહીવટ ખર્ચ તથાબમરોલી યુનિટમાં અપેક્ષાનગર પ્લોટ નં–૪૫૦ બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ તથા ઉન યુનિટમાં રામેશ્વરનગર માં નકામાં ભંગાર પડેલ હોવાથી રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ,વડોદમાં આવતા ઘનશ્યામનગરમાં ભંગારવાળાને ત્યાં નકામા કાટમાળ મળતા મોસ્કીટો સ્પોટ જોવા મળતા રૂ.૧૦૦૦/– તથા પાંડેસરામા ંપ્લોટ નં.૨૭૫,૩૦૧,૩૦૯ ખુલ્લા પ્લોટમાં બ્રિડીંગ મળતા રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ , અંબિકાનગર પ્લોટ નં.૧૫૩ ખુલ્લા પ્લોટમાં રૂ.૩૦૦/– વહીવટો ખર્ચ ,ઓમશ્રી જલારામનગર બાંધકામમાં પાણી ભરાવો અને મચ્છરજન્ય પરિસ્થિતિ જોવા મળતા રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલાત કરવામાં આવેલ છે.

આમ, સાઉથઝોન(ઉધના) વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૨૦૭૮ ઘરોમાં ૨૯૩૯૫ સ્પોટ સર્વે કરી કુલ **૧૫૪** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૧૧,૮૦૦ /–** ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૪૦ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનનાં નવાગામ ડીંડોલી યુનિટમાં આવેલ સનરાઈઝ સ્કુલ બાંઘકામમાં ૮૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**૨૧૨**

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ દ્વારા સેગ્રેગેશનની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–**

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ મુજબ તેમના રહેણાંક વિસ્તારો / કોમર્શીયલ યુનીટોમાંથી ઉત્પન્ન થતો ઓર્ગેનીક વેસ્ટ સીધે–સીધો મ્યુ.સોલીડ વેસ્ટમાં નિકાલ ન કરતાં સેગ્રીગેશનએટ સોર્સ દ્વારા ઓર્ગેનિક વેસ્ટ/ કિચન વેસ્ટ અલગ કરવાના કાયદા હેઠળ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે અનુદાન મેળવતી સોસાયટીઓ સૂકો કચરો અને ભીની કચરો અલગ કરવા

તેમજ ૨૦૦૦૦ ચો.મી.થી મોટી સોસાયટીઓ તેમના દ્વારા પ્રસ્થાપિત કરેલ ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન દ્વારા રેડી ટુ યુઝ કમ્પોસ્ટ કર્યા બાદ ઈર્નટ મટીરીયલ ડીસ્પોઝલ કરવા માટે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનના મીટીંગ હોલ ખાતે મીટીંગ યોજવામાં આવેલ. જેમાં ૬૨ (બાસઠ) અનુદાન મેળવતી સોસાયટીના પ્રમુખ/ સેક્રેટરી હાજર રહેલ તેમજ ૨૨ (બાવીસ) ૨૦૦૦૦ ચો.મી. થી મોટી સોસાયટીના પ્રમુખ/ મેનેજર હાજર રહેલ. સદર મીટીગમાં સેગ્રેગેશન એકટ સોર્સ વિશે માહીતગાર કરવામાં આવેલ તેમજ સદર વ્યવસ્થા ફરજીયાત પણે કરવા માટે સખત સુચના આપેલ છે. અને નિષ્કાળજી સબબ અત્રેથી શિક્ષાત્કમ કાર્યવાહી માટેની સમજણ આપેલ છે.

વધુમાં સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારોમાં ચાલતી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી કરતા ઈજારદાર, સુપરવાઈઝર, ડ્રાયવરો, સ્વચ્છતા મિત્ર સાથે કિષ્ણ કુંજ પાર્ટી પ્લોટ, અઠવાલાઈન્સ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ સદર મીટીંગમાં તમામ હાજર રહેલ જેમા સોસાયટી/એપાર્ટમેન્ટ/ વિસ્તારોમાંથી સૂકો કચરો અને ભીનો કચરો અલગ–અલગ લેવા સખત સુચના આપવામાં આવેલ છે. તેમજ જે સોસાયટી/ એપાર્ટમેન્ટ/વિસ્તારોમાંથી સૂકો કચરો અને ભીનો કચરો અલગ ન આપે તેઓનું દૈનિક ધોરણે વિગતો વોર્ડ ઓફિસ ખાતે આપવા સુચના આપવામાં આવેલ છે.

સેગ્રેગેશન એટ સોર્સની કામગીરી પૂર્ણ કરવા આગામી દિવસોમાં  સરકારી /અર્ધસરકારી વસાહતો –કવાટર્સ–ઓફીસો, હોસ્ટેલ, સ્કુલ–કોલેજ, યુનિવર્સીટી, લગ્નની વાડી –પાર્ટી પ્લોટ હોટલ રેસ્ટોરન્ટ, હોસ્પિટલો , કોમર્શીયલ કોમ્પલેક્ષ, રહેણાંક વિસ્તારો પર સઘન કામગીરી કરવામાં આવનાર છે. હાલ સુધી ૫૬૪ સોસાયટી/ એપાર્ટમેન્ટમાં સેગ્રેગેશન માટે અંતિમ નોટીસ આપવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનમાં હાલમાં ૩૯૦ સોસાયટી/ એપાર્ટમેન્ટ/ વિસ્તારો દ્વારા સેગ્રેગેશનની કામગીરી હાલમાં કરે છે. તેમજ બાકી રહેતા તમામ સોસાયટી/એપાર્ટમેન્ટ/વિસ્તારો સેગ્રેગેશન કરવા માટેની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય હસ્તકના ફુડ એન્ડ ઈન્સ્પેકશન વિભાગ ધ્વારા લેવામાં આવતા નમુનાઓ ધારા ધોરણ મુજબના ન હોવાથી તેવી નીચે જણાવેલ સંસ્થાઓ તથા સંસ્થાના જવાબદાર ઈસમો સામે એડજયુડીકેટીંગમાં જે ફરીયાદો દાખલ કરવામાં આવેલ, જેમાં એડજયુડીકેટીંગ ઓફીસર ધ્વારા સંસ્થાઓ તથા સંસ્થાના જવાબદાર ઈસમોને વર્ષ–૨૦૧૮મા રૂા.૧,૮૬,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ છયાંસી હજાર પુરા)નો દંડ કરવામાં આવેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

| અ.નુ. | સંસ્થાનું નામ અને સરનામું |
|---|---|
| ૧. | નિરવ ડેરી ફાર્મ (L.L.P) ઠે. શંખેશ્વર કોમ્પ., વ્હાઈટ હાઉસ, સુરત |
| ૨. | જનતા ડેરી એન્ડ જનરલ સ્ટોર્સ ઠે. જમના નગર શોપીંગ સેન્ટર, એલ.એચ. રોડ, વરાછા, સુરત |
| ૩. | સિધ્ધી વિનાયક હેલ્થ કેર ઠે. ૨૦, સર્વોદય સોસા., વરાછા રોડ, સુરત |
| ૪. | શ્રી જય માતાજી કરીયાણા સ્ટોર્સ ઠે. સલીમનગર, ઉન, સુરત |
| ૫. | અંબિકા સેલ્સ એજન્સી ઠે. શિવમ એપાર્ટ, કતારગામ, સુરત |
| ૬. | ઠકકર ફુડ પ્રોડકટ ઠે. ગુરૂકૃપા ઈન્ડ. સોસા., ભેસ્તાન, સુરત |
| ૭. | હરીઓમ મસાલા ઠે. ત્રિભોવન સોસા., વેડ રોડ, સુરત |
| ૮. | નંદની બેવરેજીસ ઠે. પારેખવાડી, કતારગામ, સુરત |
| ૯. | રૂચી સોયા ઈન્ડ. લી. ઠે. નરીમન પોઈન્ટ, મુંબઈ |
| ૧૦. | દેવનારાયણ ટ્રેડર્સ એન્ડ ટોબેકો ઠે.રીલાયન્સ નગર, કોસાડ, સુરત |
| ૧૧. | કિશન મિર્ચ મસાલા ઠે.વિવેકાનંદ સોસા., વરાછા, સુરત |
| ૧૨. | વિષ્ણુભાઈ કાનજીભાઈ રબારી ઠે. સરસ્વતી એપાર્ટમેન્ટ, સુરત |

૨૧૪

# પ્રે સ નો ટ

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થા/સ્ટોલની તા.૦૫/૦૭/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૦૭ નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેમજ આરોગ્યલક્ષી ખામીઓ જણાતા સંસ્થાઓને કુલ–૧૫ નોટીસ આપવામાં આવેલ છે તથા આશરે ૧૭ કિલો અખાધ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે. જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ |
|---|---|---|
| ૧. | નવરંગ જયુસ સેન્ટર | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૨. | બોમ્બે વડાપાઉ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૩. | રૂપા રેસ્ટોરન્ટ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૪. | બોમ્બે જયુસ સેન્ટર | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૫. | ફન પોઈન્ટ રેસ્ટોરન્ટ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૬. | હોટલ સવેરા | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૭. | હોટલ સેહરાન સવેરા | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૮. | સનરાઈઝ રસ્ટોરન્ટ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૯. | ટનાટન પાઉભાજી | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૧૦. | હોટલ બિસ્મીલ્લાહ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૧૧. | સહયોગ રેસ્ટોરન્ટ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |

| | | |
|---|---|---|
| ૧૨. | નાઈસ ગ્રીન એગ જંકશન | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૧૩. | સન્માન રેસ્ટોરન્ટ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૧૪. | આબોદાના રેસ્ટોરન્ટ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૧૫. | હોટલ સીફત ઈન્ટરનેશનલ | રેલ્વે સ્ટેશનની સામે,સુરત. |
| ૧૬. | મનમોહક આઈસક્રીમ | રૂઢનાથપુરા, સુરત |

૨૧૫

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૯/૦૬/૨૦૧૮ થી તા.૦૫/૦૭/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૯૩૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૬૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૩ |
| ૫ | માયનોર ઓપરેશન | ૦૪ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૬/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

સાઉથઝોન વડોદયુનિટનાં ઘનશ્યામનગરમાં રોડ પર આવેલ ભંગારવાલા પાસે પડતર ભંગારમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૧૦૦૦/– તથા બમરોલી યુનિટનાં હરીનગર પ્લોટ નં. એ૧ બાંધકામમાં પીપમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ,બમરોલી યુનિટના રણછોડનગર નાં બાંધકામમાં કેરબામાં મોસ્કીટો બ્રિડીંગ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.ઉન યુનિટમાં આજરોજ કુલ ૧૮ જગ્યાએ વરસાદી પાણીના ભરાવા થવાથી કુલ ૦૨ માં મેન્યુઅલી નીક ની કામગીરી અને ૧૬ માં એન્ટિલાર્વલ કામગીરી કરવામાં આવેલ છે,પાંડેસરા યુનિટમાં વિજયાનગર પ્લોટ નં–૧૪૦ માં બાંધકામમાં પાણી ભરાવો અને બ્રિડીંગ મળી આવતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ છે.ઉધનાઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૩૫૫૦ ઘરોમાં ૩૪૦૦૪ સ્પોટ સર્વે કરી કુલ **૧૯૦** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૬૭૦૦ /**– રૂ. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે તથા કુલ ૬૩ નોટીસ આપવામાં આવેલ છે.

અઠવા ઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૮૦૮૦ ઘરોમાં ૪૭૫૩૮ સ્પોટ સર્વે કરી કુલ ૯૦ બ્રિડીંગનો નાશ કરી, ૧૪ ઈસમો પાસેથી ૫૮,૨૦૦/– રૂ.વહીવટી ખર્ચ

વસુલવામાં આવેલ છે તથા ૯૬ નોટીસ આપવામાં આવેલ છે. ૭૨ બાંધકામ સર્વ દરમ્યાન ૫૦૪ બ્રિડીગ સ્પોટનો નિકાલ કરી ૭૨૨૧ પેમ્પલેટ વિતરણ તથા ૧૫૬૪ વ્યકિતીઓને આઈ.ઈ.સી. ભાગરૂપે મચ્છર જન્ય રોગ અને જીવનચક્ર વિશે સમજણ આપવામાં આવેલ છે.

વરાછા ઝોનમાં ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કટ નવી બોમ્બે માર્કટ સામે ૧૦,૦૦૦ વહીવટી ખર્ચ વસુલ કરાવામાં આવેલ છે.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**૨૧૭**

<u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે . જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને આશરે દૈનિક ૯૫,૦૦૦ થી વધુ પેસેન્જFરો તેમજ સીટીબસ ના કુલ ૩૦ રૂટ ઉપર આશરે દૈનિક ૯૦,૦૦૦ પેસેન્જ રો મળી કુલ ૧,૮૫,૦૦૦ જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે. શહેરના નાગરિકોને આ સેવા વધુ સારી રીતે આપી શકાય અને કનેક્ટિવિટી અસરકારક રીતે વધારી શકાય તે હેતુ થી નીચે જણાવેલ હાલમાં કાર્યરત રૂટમાં સુધારાવધારા કરી તેમજ નવા રૂટ શરૂ કરવામાં આવનાર છે.

૧. કોસાડ EWS થી ખરવરનગર નાં નવા BRTS રૂટ કરવામાં આવનાર છે. આ રૂટની બસ ગજેરા સર્કલ, કતારગામ, કતારગામ દરવાજા રેલ્વે સ્ટેશન, લીનીયર બસ સ્ટોપ, સહારા દરવાજા થઇ ખરવર નગર સુધી જશે. આ રૂટમાં કુલ ૮ બસ પીક કલાકોમાં દર ૧૨ (બાર) મિનીટની ફ્રિકવન્સી પર ઉપલબ્ધ કરવામાં આવશે. જેના કારણે કોસાડ થી ઉધના-સચિન GIDC રોજગાર અર્થે જતા લોકોને આંતરિક કનેક્ટિવિટી પ્રાપ્ત થશે.

૨. હાલમાં કાર્યરત કામરેજ ટર્મિનલ થી રેલ્વે સ્ટેશન BRTS એક્સપ્રેસ રૂટ લીનીયર બસ સ્ટોપ, સહારા દરવાજા, ઉધના દરવાજા, ઉધના ત્રણ રસ્તા, પાંડેસરા, GIDC Industrial એસ્ટેટ થઇ સચિન GIDC સુધી લંબાવામાં આવશે.. આ રૂટમાં કુલ ૨૪ બસ પીક કલાકોમાં દર ૮ (આઠ)

મિનીટની ફ્રિકવન્સી પર ઉપલબ્ધ કરવામાં આવશે.  જેના કારણે વરાછા અને  ઉધના-સચિન GIDC માં રોજગાર અર્થે જતા લોકોને આંતરિક કનેક્ટિવિટી પ્રાપ્ત થશે. તેમજ સચિન-ઉન વિસ્તારનાં લોકોને પણ સ્ટેશનની કનેક્ટિવિટી મળશે.

૩. હાલમાં કાર્યરત સોમેશ્વર જંકશન - અમેઝીયા  રૂટને મોડિફાઇડ કરી સોમેશ્વર જંકશન - અમેઝીયા - સોમેશ્વર જંકશન વચ્ચે વાયા પ્રમુખ પાર્ક- ડીંડોલી- અમેઝીયા -ખરવર નગરથી કેનાલ કોરીડોર થઈ સામેશ્વર જંકશન વચ્ચે સરક્યુલર ક્લોક વાઈસ- એન્ટી કલોકવાઈસ રૂટ શરૂ કરવામાં આવશે. આ રૂટમાં કુલ ૨૬ બસ પીક કલાકોમાં દર ૮ (આઠ) મિનીટની ફ્રિકવન્સી પર ઉપલબ્ધ કરવામાં આવશે.

૪. હાલમાં કાર્યરત સ્વામિનારાયણ ચોક થી કામરેજ ટર્મિનલ ને પાલ RTO સુધી લંબાવામાં આવેલ છે.જેના કારણે અડાજણ-પાલ વિસ્તારના લોકોને કામરેજ-વરાછાની સીધી કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે. આ રૂટમાં કુલ ૨૪ બસ પીક કલાકોમાં દર ૮ (આઠ) મિનીટની ફ્રિકવન્સી પર ઉપલબ્ધ કરવામાં આવશે.

૫. હાલમાં કાર્યરત ચોકથી ઉન Industrial  એસ્ટેટ નાં રૂટને ગભેણી ગામ સુધી સવાર બપોરે અને સાજે સ્કુલનાં સમય દરમ્યાન લંબાવામાં આવશે. આ રૂટમાં કુલ ૧૬ બસ ઉપલબ્ધ કરવામાં આવશે.

૬. હાલમાં ૦૩-૦૪ અડાજણ પાટીયા -રેલ્વે સ્ટેશન લુપ વાયા રાજમાર્ગ, રીંગરોડ રૂટ કાર્યરત છે. ૦૧-૦૨ હાઈ મોબિલિટી કોરીડોર ચાલુ કરવાથી ૦૩-૦૪ રૂટને  બંધ કરી રેલ્વે સ્ટેશન થી રાંદેર ગામ વાયા રાજમાર્ગ રૂષબ ચાર રસ્તા, અમીધારા વાડી, સ્નેહ સંકુલ વાડી પ્રાઈમઆર્કેડ થઈ પાલનપુર પાટીયા   રૂટ શરૂ કરવામાં આવશે. આ રૂટમાં કુલ ૭ બસ પીક કલાકઓમાં દર ૧૨ મિનીટની ફ્રિકવન્સી પર ઉપલબ્ધ કરવામાં આવશે.

ઉપરોકત રૂટ ચાલુ કરવાથી સુરત શહેરની જનતાને પરિવહન કરવામાં સરળતા રહેશે જેના કારણે જાહેર જનતાનો સમય, નાણા ની બચત થશે તેમજ પ્રદૂષણમાં ઘટાડો થશે. તેમજ નગરજનોને મહાનગરપાલિકાની સિટીબસ સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

૨૧૮

# <u>પ્રેસનોટ</u>

## <u>" વી.બી.ડી.સી.વિભાગ,સેન્ટ્રલઝોન દ્વારા કરવામાં આવેલ ઝુંબેશરૂપે કામગીરી "</u>

વી.બી.ડી.સી. વિભાગ, સેન્ટ્રલ ઝોન દ્વારા હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન ખાતાકીય તમામ કામગીરી ઝુંબેશરૂપે કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ ઝોન, વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મેલેરીયા માસ દરમ્યાન ચાલુ અઠવાડીયામાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ – ૨૯૧૯૮ ઘરો સર્વે કરી જેમાંથી ૩૩૧ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે તેમજ સર્વે દરમ્યાન મળેલ બ્રિડીંગ માટે જવાબદાર એવા કુલ–૧૯૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી.જેમાંથી કુલ–૦૨ ઈસમો સામે કોર્ટ કેસની કાર્યવાહી કરવામાં આવેલ છે અને સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૫૧૪ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે.

પેરાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ – ૨૧૬ બાંધકામો સર્વે કરી જેમાંથી ૮૨ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે અને ક્ષતિ જણાયેલ ઈસમો જેવા કે ભાયા મહોલ્લો નાનપુરા બાંધકામમાંથી રૂપિયા ૧૫૦૦/–, મોમનાવાડ બાંધકામમાંથી રૂપિયા –૨૦૦૦/–, ઘંટીશેરીના બાંધકામમાંથી રૂપિયા ૫૦૦/–, શેત્રુંજીવાડ બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, ૩/૨૬૯૭ મોમનાવાડ બાંધકામમાંથી રૂપિયા ૨૦૦૦, તાડવાડી શેરી બાંધકામમાંથી રૂપિયા ૧૫૦૦, એમ કુલ રૂપિયા ૯૫૦૦/– નો વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

સમગ્ર સેન્ટ્રલ ઝોનમાં આવેલા કુલ ૮૩ ખુલ્લા પ્લોટોનું સર્વે કરીને તમામને આપવા જોગ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપવામાં આવેલ છે. વધુમાં, કુલ – ૧૬ પ્લોટો એવા છે કે જેમાં પાણી ભરાવાની શકયતા છે, જેમાંથી કુલ – ૦૭ પ્લોટોમાં માટી પુરાણ કરેલ છે, કુલ – ૦૬ પ્લોટોમાં નીક પાડેલ છે તેમજ કુલ – ૦૩ પ્લોટોમાંથી ૩૦૦૦ વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

વધુમાં ડ્રાય ડે ની કામગીરી કરાવેલ જેમાં કુલ – ૧૦૯૯૦ ઘરો સર્વે કરી જેમાંથી ૨૧ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. સર્વે દરમ્યાન મળેલ બ્રિડીંગ માટે જવાબદાર એવા કુલ–૨૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ હતી. કુલ રૂપિયા ૬૦૦૦/– વહિવટી પરચુરણ ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.સર્વે દરમ્યાન બીન વપરાશી એવા કુલ–૨૪૮ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ છે.

આઈ.ઈ.સી.એકટીવીટી દ્વારા સમજણ આપી કુલ – ૨૫૯૧ પેમ્ફલેટનું વિતરણ કરી જનજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે.

**૨૧૯**

<u>સુરત મહાનગર પાલિકા</u>

<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>

<u>અખબારી યાદી</u>

# ડ્રાય ડે

# <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૦૭/૦૭/૨૦૧૮</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

<u>સેન્ટ્રલ ઝોનમાં</u> મહીધરપુરા, ગોડીયાબાવાનું મંદિર, અશરફી ગલી, સલમાબીબીની ચાલ, મીઠાભાઈ ગલી, હુસેની ચોક, ટંડેલ મસ્જીદની ગલી, મોમનાવાડ ખાડી, નવઘડીયાશેરી, રાવણતાડ ખાડી રૂસ્તમપુરા જેવા વિસ્તારોમાં,<u>રાંદેર ઝોનમાં</u> સુભાષનગર,પાલગામ–લુહારફળીયું,કોળીવાડ, બ્રાહમણ ફળીયું,ધોયા ફળીયું,હિદાયતનગર,વિવેકાનંદ ટાઉનશીપ,સાઈડ એન્ડ સર્વિસ ઝુંપડા,ઈ.ડ.એસ. કવાર્ટસ જેવા વિસ્તારોમાં,<u>ઉધના ઝોનમાં</u> શનિદેવ નગર, એલ.આઈ.જી. ૫૪૦,અકરમનગર આવાસ,હિરાનગર,અકશાનગર,ઈ.ડબ્લયુ.એસસ્કુલઆવાસજેવાવિસ્તારોમાં,<u>લિંબાયતઝોનમાં</u>ઈસ્લામીચોક,ફુલવાડી,મીઠીખાડી બ્લોક–૧,૨,૩,૪,પંચશીલનગર,ભાઠેના,ગૃહલક્ષ્મીનગર,ગોર્વધનનગર૧અનેર,રામીપાર્ક,ચંદ્રલોકસોસા,શ્રીજીનગર૧અનેરજેવાવિસ્તારોમાં,<u>અઠવાઝોનમાં</u>શ્રમજીવીસોસાયટી,હળપતિવાસ,પીપલોદ,એસ.વી.એન.આઈ.ટી.,ભરથાણાંગામ,ખેડવડીયામહોલ્લો,સુમનરૂવેતજેવાવિસ્તારોમાં,<u>કતારગામઝોનમાં</u>સંતજલારામસોસાયટી,ત્રિલોકસોસાયટી,મેધવાળકોલોની,ગોટાલાવાડીટેનામેન્ટ,વિજયનગર,કૃષ્ણદર્શન,સાંઈકૃપા,ઉત્રાણ ગામતળ,આહીર ફળિયું,ઉત્રાણ,કોસાડ આવાસ એચ–૪ જેવા વિસ્તારોમાં,<u>વરાછા ઝોનમાં</u> ભોળાનગર, દલિત વસાહત, ખાડી મહોલ્લો, જાડાબાવાનો ટેકરો,નવો મહોલ્લો, કોહીનુર સો., મહાદેવનગર, બાલુ મહારાજનો ટેકરો, વિહળનગર, રાણાપંચની વાડી, એકતાનગર, અટલજીનગર, મરઘાકેન્દ્ર, બોમ્બે કોલોની,રાધાસ્વામી સો.,લક્ષ્મીપાર્ક,પ્રમુખછાયા સો.,ગોદાવરીપાર્ક–૧,માન સરોવર સો–૪ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **86371** | **204926** | **621** | **3036** | **1425** | **3461** | **300** | **103500** | **84** | **66745** | **21891** |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**૨૨૦**

## <u>પ્રે સ નો ટ</u>

સવિનય, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૭/૦૭/૨૦૧૮ નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૧૦ નમુના લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે, તેમજ આશરે ૫૦ કિલો અખાધ્ય પદાર્થ જેવાકે બ્રેડ, શાકભાજી, ચોખા વિગેરેનો નાશ કરવામાં આવેલ છે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | નમુનાની વિગત |
|---|---|---|---|
| ૧. | રીલાયન્સ મેગા સ્ટોર | વી.આઈ.પી.રોડ, વેસુ, સુરત. | –બદામ<br>–મેથી |
| ૨. | મેટ્રો કેશ એન્ડ કેરી ઈન્ડીયા પ્રા.લિ. | વી.આઈ.પી.રોડ,અલથાણ, સુરત. | –ફાઈન ફુડ મરચા પાવડર<br>–ચોપડેલી તુવેરની દાળ |
| ૩. | સ્ટાર બજાર | અડાજણ,સુરત | –બદામ<br>–સુમુલ પ્યોર ઘી |
| ૪. | ડી–માર્ટ | સીંગણપોર,કતારગામ, સુરત. | – તુવેરની દાળ |
| ૫. | એવન્યુ સુપર માર્ટ પ્રા.લિ.(ડી–માર્ટ) | આનંદ મહલ રોડ, અડાજણ, સુરત. | –ફોરચ્યુન બેસન |
| ૬. | બીગ બઝાર | ડુમસ રોડ, સુરત. | –રામદેવ ધાણા પાવડર<br>–ગુલાબ રીફાઈન્ડ સનફલાવર તેલ |

૨૨૧

# પ્રેસ નોટ

........................

## માહે જુન ૨૦૧૮ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે જુન **૨૦૧૮** દરમ્યાન **૫૬૦૨** ઈન્ડોર તથા **૫૭૪૩૬** આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. **૩૪૧૮** નાના તથા **૭૭૯** મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. **૧૫૧૩૩** એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા **૧૭૧૪** અને જુના **૧૬૬૩** દર્દીઓ સહીત કુલ **૩૩૭૭** દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ **૧૪૧૨** દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ **૧૨૫૪** તથા આંખ વિભાગમાં **૨૮૯૭** આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ **૨૧૮૯૭** દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

૨૨૨

**સુરત મહાનગર પાલિકા**

**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**

**અખબારી યાદી**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૦૯/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

સાઉથઝોન પાંડેસરા યુનિટનાં નોવા ડાઈસ્ટોફ પ્રા.લી. પાંડેસરા જી.આઈ.ડી.સી માં ખુલ્લામાં નકામો ભંગાર, ટાયર અને પીપળાઓમાં પાણી જોવા મળતાં રૂ.૫૦૦૦/–,ઉનયુનિટનાં રામેશ્વરનગરમાં બાંધકામમાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૧૦૦૦/– ,તથા કુલ ૧૮ જગ્યાએ વરસાદી પાણી ભરાવો થતા એમાંથી ૦૨ જગ્યાએ મેન્યુઅલી નીક તેમજ ૧૬ જગ્યાએ એન્ટિલાર્વલ

કામગીરી કરવામાં આવેલ છે. ઉધનાયુનિટનાં એમ.જી.રોડ નં–૧૨ પ્લોટ નં–૦૯ માં ટાયરમાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા ૦૧ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ અને રૂ.૧૦૦૦,બમરોલીયુનિટનાં કાર્યવિસ્તારમાં આવેલ કૈલાશનગર–૨ પ્લોટ નં–૧૯૧ નાં બાંધાકમમાં પાણી ભરાવો અનેમોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૧૦૦૦,ભેસ્તાનયુનિટનાં પાંડેસરા જી.આઈ.ડી.સી. સુજલ સમીર એન્ડ સન્સ પ્લોટ નં– ૧૫૭માં નકામો ભંગાર અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૫૦૦૦/–,ભેસ્તાનયુનિટનાં ડામરડેપો ની બાજુમાં ખુલ્લા પ્લોટ માં પાણી ભરાવામાં મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા ૦૧ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ અને રૂ.૧૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. ઉધનાઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૨૯૯૭ ઘરોમાં ૩૨૬૧૫ સ્પોટ સર્વે કરી કુલ **૧૬૬** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૧૯૦૦૦** વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૩૯ નોટીસ આપવામાં આવેલ છે.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**૨૨૩**

<u>પ્રેસ નોટ</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટબસની સુવિધા પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં લાભ લેવામાં આવી રહેલ છે . જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. બી.આર.ટી.એસ. ના કુલ ૯ કોરિડોર મળીને આશરે દૈનિક ૯૫,000 થી વધુ પેસેન્જWરો તેમજ સીટીબસ ના કુલ 30 રૂટ ઉપર આશરે દૈનિક ૯0,000 પેસેન્જ રો મળી કુલ ૧,૮૫,000 જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે. શહેરના નાગરિકોને આ સેવા વધુ સારી રીતે આપી શકાય અને કનેક્ટિવિટી અસરકારક રીતે વધારી શકાય તે હેતુ થી કોસાડ **EWS** થી ખરવરનગર **BRTS**, કામરેજ ટર્મિનલ થી સચિન **GIDC** એક્ષપ્રેસ બસ, સોમેશ્વર જંકશન - અમેઝીયા રૂટ (સરક્યુલર ક્લોક વાઈસ- એન્ટી કલોકવાઈસ રૂટ), કામરેજ ટર્મિનલ થી પાલ **RTO BRTS**, રોડ થી ગભેણી ગામ, રેલ્વે સ્ટેશન થી રાંદેર ગામનાં **BRTS** અને સીટીબસનાં રૂટ આજરોજ

તા૦૯/૦૭/૨૦૧૮ નાં રોજ શરૂ કરવામાં આવેલ છે. જેમાં મા.મેયરશ્રી ડૉ. જગદીશભાઈ પટેલ, મા.ધારાસભ્યશ્રી ઝંખનાબેન પટેલ, ડે.મેયરશ્રી નીરવભાઈ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસક પક્ષ નેતા શ્રી ગિરજાશંકર મિશ્રા ઉપસ્થિત રહેલ.

ઉપરોકત રૂટ ચાલુ થવાથી સુરત શહેરની જનતાને પરિવહન કરવામાં સરળતા રહેશે અને જાહેર જનતાનાં સમય, નાણા ની બચત થશે તેમજ પ્રદૂષણમાં ઘટાડો થશે. સુરત મહાનગરપાલિકા દ્વારા નગરજનોને બસ સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

**૨૨૪**

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં **મોજે.ઉધના, રે.સ.નં. ૧૫૧ પૈકી, મોજે.ભેદવાડ, રે.સ.નં. ૧, મોજે. ડીંડોલી, રે.સ.નં. ૩૪૬ થી ૩૪૯ સબ પ્લોટ નં. બી, લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ, બી.આર.સી. કંમ્પાઉન્ડ, ઉધના, સુરતવાળી** મિલકતમાં

ટી.ડી.ઓ./ડી.પી./૪૧૦, તા.૨૨/૧૨/૨૦૧૨ થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂધ્ધ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ, જેથી સદરહું મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૦૯/૦૭/૨૦૧૮ સાઉથ ઝોન(ઉધના)ના ડે.ઈજનેરશ્રી– ૦૪, આસી./જુ.ઈજનેર/આસી.ટાઉન પ્લાનરશ્રી– ૦૮, ટેક.આસી/સુપરવાઈઝર/અન્ય સ્ટાફ– ૦૬, દબાણ વિભાગનો સ્ટાફ– ૦૮, સુરત મહાનગરપાલીકા સિકયોરીટી સ્ટાફ– ૫૨ તથા કોન્ટ્રાકટ એજન્સીનો સ્ટાફ– ૧૩૨ મળી **કુલ સ્ટાફ– ૨૧૦** થી **કુલ– ૨૨ પ્લોટોમાં આશરે ૫૧૦૦ ચો. ફૂટ** માપવિસ્તારમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આર.સી.સી. બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના **વહીવટી ચાર્જ પેટે રૂા.૨૯,૧૦,૦૦૦/–** મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

**૨૨૫**

## :: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"**

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા અંગે તા.૦૯/૦૭/૨૦૧૮ના રોજ સ્કુટિનીના ક્રમ અંગે યોજાયેલ મીટીંગ બાબત**

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ઉગતા કલાકારોને પ્રોત્સાહિત કરી તેઓ રાજયકક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ નાટ્યક્ષેત્રે પોતાનું આગવું સ્થાન મેળવે તેવા ઉમદા હેતુસર છેલ્લા ૪૫ વર્ષથી યોજવામાં આવે છે. ચાલુ વર્ષે આગામી સપ્ટેમ્બર–ઓકટોબર માસમાં યોજાનાર ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની ૨૨ નાટ્ય સંસ્થાઓએ ભાગ લેવા માટે પ્રવેશપત્રો ભર્યા હતા. નાટ્ય સ્પર્ધામાં ભજવણીના ક્રમ નકકી કરવા માટે નાટ્ય સંસ્થાઓની મીટીંગ તા.૦૯/૦૭/૨૦૧૮ના રોજ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહની અધ્યક્ષતામાં અને સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, શ્રીમતી આરતીબેન પટેલ અને શ્રીમતી સોનુબેન આંબલિયા તથા નાટ્ય સંસ્થાઓના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં નાટ્ય સંસ્થાઓના સ્કુટિનીના નાટ્ય ક્રમ ડ્રો દ્વારા નકકી કરવામાં આવ્યા હતા.

<u>સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધામાં નાટ્ય સંસ્થાઓની સ્કુટિનીના ક્રમ</u>

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ |
|---|---|---|
| ૧ | સ્માઈલ ડીઝાઈન | તમસ (એક ઘોર અંધકાર) |
| ૨ | કૃ | છેદ વિચ્છેદ |
| ૩ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરર્ફોમિંગ આર્ટસ | બાલ ભગવાન |
| ૪ | સેવેન પ્રોડકશન | અધૂરો ઓરડો |
| ૫ | એક્ષપ્રેશન ગૃપ | કારાગાર |
| ૬ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ |
| ૭ | થર્ડ બેલ થિયેટર | સુર્ય કી અંતિમ કિરણ સે સુર્ય કી પહેલી કિરણ તક |
| ૮ | પરમ | મનુ દામજી |
| ૯ | સંભવ ગૃપ | અમારા જેવો કોઈ નહિ |
| ૧૦ | વંશાલી ગ્રુપ | લક્ષ્યવેધ |
| ૧૧ | સ્કોપા કોલેજ | જિલ્લે સુબ્હાની |
| ૧૨ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ |
| ૧૩ | ઑફ બીટ થિયેટર | કુક્કૂ ડાર્લિંગ |
| ૧૪ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ |
| ૧૫ | આશિયાના પરિવાર | એક સપનાનું ઘર |
| ૧૬ | દિપ આર્ટસ્ | આખરી દાવ |
| ૧૭ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા |
| ૧૮ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ |
| ૧૯ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે |
| ૨૦ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ |
| ૨૧ | શૈલ થિયેટર | એક હતું જંગલ |
| ૨૨ | યુવા આર્ટસ્ | આતમના ઉતારા |

ઉપરોકત નાટ્ય સંસ્થાઓની સ્કુટિની ઓગસ્ટ ૨૦૧૮ના ત્રીજા અઠવાડિયા દરમ્યાન અનુકુળ ઓડિટોરીયમમાં યોજવામાં આવશે.

# પ્રેસ નોટ

તાજેતરના સમયમાં કલાઈમેટ ચેન્જ (આબોહવા પરિવર્તનની) સમસ્યાના કારણે વિશ્વના દરેક ભાગને અસર થઈ છે, તેમજ ઝડપી શહેરીકરણ પણ પર્યાવરણ પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર કરે છે પણ છે. જેનો સામનો કરવા માટે તમામ રાષ્ટ્રોના સંયુક્ત અને સામૂહિક પ્રયાસો જરૂરી હોય આ ગંભીર પડકારને ઘટાડવા માટે વિકસિત દેશોએ વ્યૂહરચનાઓને ઘડી કાઢવાનું શરૂ કર્યું છે. " રોકફેલર ફાઉન્ડેશન " વિશ્વની અગ્રણી શહેરો વચ્ચે વ્યૂહરચના કરવા માટે સૌપ્રથમ હતું , 100 આર.સી.(રેઝીલીયન્સ સીટી) આ કાર્યક્રમ અંતર્ગત વિશ્વના વિવિધ ભાગોમાં આવેલા બે શહેરોના પેરિંગની સુવિધા આપે છે. શહેરોના પેરિંગ માટે પસંદગી એવી રીતે કરવામાં આવે છે કે એક શહેર રિકવરીના માર્ગ પર છે અથવા તે પહેલાથી જ સમાન પ્રકારની માળખાકીય સુવિધા તેમજ આબોહવા સંબંધિત પડકારોમાંથી બહાર છે જ્યારે અન્ય શહેર તેમાં બહારનીકળવા સંઘર્ષ કરી રહી છે.

નેધરલેન્ડ્સનું અગ્રણી શહેર રોટરડેમ , જેમાં 1970-80 માં પાણી વ્યવસ્થાપન (ગુણવત્તા સહીત) લગતા મુદ્દાઓ, , જથ્થો અને દરિયાઈ તોફાનનો સામનો કરતું હતું. હાલના સમયમાં સુરત પણ આ પડકારનો સામનો કરી રહ્યો છે જેથી , બે શહેરો , સુરત અને રોટ્ટેરડમના પેરિંગનો પ્રારંભ ઓક્ટોબર 2015 માં 100 આર.સી. કાર્યક્રમ અંતર્ગત શરૂ કરવામાં આવ્યો હતો જેમાં સુરતને પાણીની સમસ્યા દૂર કરવા માટે મદદ કરવામાંઆવી હતી.

રોટરડેમ સાથે સુરતની 100 આરસી પાર્ટનરશીપને ઇન્ટરનેશનલ અર્બન કોર્પોરેશન (આઇયુસી) પ્રોગ્રામ હેઠળ પણ સ્વીકારવામાં આવ્યો હતો. તેમજ બન્ને શહેરોએ પરસ્પર સહકાર માટે આગળ વધવા માટે ગાંધીનગર ખાતે યોજાયેલી વાઇબ્રન્ટ સ્મીટ -2017 માં કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. રોટ્ટેરડેમની ટીમ સુરત શહેરના પાણીના પડકારોની સમીક્ષા કરવા અને સમજવા નવેમ્બર-2017 માં મુલાકાત લીધી હતી અને સુરત શહેરના પાણી સંબંધિત સમસ્યાનું નિવારણ કરવા માટે સુરત શહેરને સહકાર આપવાની ખાતરી આપી હતી. ત્યારબાદ ફેબ્રુઆરી 2018 માં બે શહેરો વચ્ચે જ્ઞાન વિનિમય સંબંધી કરાર કરવામાં આવ્યો અને સુરતની જળ સલામતી સંબંધે ભાગીદારી થઈ. આ પ્રોગ્રામ હેઠળ , મ્યુ.કમિશનરશ્રી એમ. થેનારસનની લીડરશીપ હેઠળ , સીટી ઇજનેર, ચીફ રિસિલિઅન્સ ઓફિસર , હાઇડ્રોલિક એન્જિનિયર અને પર્યાવરણ ઇજનેર ની ટીમે 2 જુલાઇથી 7 મી જુલાઈ , 2018 દરમિયાન રોટ્ટેરડમની મુલાકાત લઈ. આ બાબતે રોટરડેમનાં અર્બન પ્લાનીંગ નાં ડીરેક્ટર શ્રીએમિલ કલેપ સાથે સહયોગ અંગેનો એગ્રીમેન્ટ સાઈન કરવામાં આવ્યા અને બંને શહેરોને શુભેચ્છા પાઠવવામાં આવી

## સહયોગ મુદ્દાઓ

### બેરીયર્સ

રોટર ડેમ શહેર દરયાઈ લેવલથી નીચું હોવાના કારણે અવારનવાર નદીમાં પૂર અને સ્ટ્રોંમ સર્જીસ નો સામનો કરતો હતું, તેના નિવારણ માટે બેરીયર્સ લગાવવામાં આવેલ છે તેથી, સૂરત માટે સૂચિત બરેજ બનાવવી વિચારણા કરવામાં આવી હતી. આ મીટિંગ દરમિયાન નિષ્ણાતો દ્વારા થઈ સુરતમાં સૂચિત બૅરેજના માટે સંમતી આપવા આવી હતી રોટરડેમમાં ૨૪*૭ પાણી લોકોને આપવા છતાં વોટર કવોલેટી ઇસ્યુ નીલ (0) છે. જો કે, મીઠા પાણીના જળાશયોમાં તેમજ સમુદ્રના દરિયાઇ જીવનમાં એક્વાટિક જીવનની લાંબા ગાળાના સલામતીને ધ્યાનમાં લેતાં, ફ્લોરા, પ્રાણીસૃષ્ટિ, મેંગ્રોવ વગેરે માટે અત્યંત અદ્યતન નિરીક્ષણ વ્યવસ્થા વિકસાવવામાં આવી છે.

### પાણી જથ્થો મોનીટરીંગ

પાણી પુરવઠા 24 x 7 છે, મળી રહે તે માટે પાણીનું પૂરતું સંગ્રહ સુનિશ્ચિત કરવા સમગ્ર દેશમાં વિશાળ જળાશયો વિકસાવવામાં આવ્યા છે. બે મોટી નદીઓ, દેશમાંથી પસાર થાય છે. હાલના સમયે કાચા પાણી માટે કોઈ સમસ્યા નથી , જો કે , લાંબા ગાળાના વ્યૂહની શોધમાં , સ્ટોરેજ ક્ષમતામાં વધુ વધારો કરવાની શક્યતા છે.

### ફ્લડ મેનેજમેન્ટ સિસ્ટમ

નેધરલેન્ડની સંપૂર્ણ કોસ્ટ લાઈન દરયાઈ લેવલ કરતા નીચે છે. એવું જોવા મળ્યું છે કે છેલ્લા સદી દરમિયાન તાપમાનમાં વધારો થવાના કારણે, સરેરાશ દરિયાઇ સપાટી 20 સે.મી.નો વધારો થયો છે અને જો આ પરીસ્થિતિ ચાલુ રહે તો 2100 સુધીમાં વધુ 100 સે.મી. સુધી વધારો થઇ શકે છે હોઇ શકે છે. પ્રવર્તમાન સ્ટોર્મ ડ્રેઈન ક્ષમતાને વધારવાની જરૂર છે. જો કે હાલના ગટર વ્યવસ્થામાં સુધારો કરવાનું ખુબ જ મુશ્કેલ અને ખર્ચાળ છે. તેથી , વરસાદ વધારાના પાણીનાં જથ્થા રૂફ સ્કેપ્સ, વોટર પ્લાઝા જેવી તકનીક માધ્યમથી સ્ટોર કરવા નક્કી કરવામાં આવ્યું છે. પ્રવર્તમાન નદીની વહનક્ષમતામાં સુધારો કરવા, હાલના પ્રવાહ અથવા નદીના વિસ્તરણને શોધી કાઢવામાં આવે છે. નદી ખંડ બનાવવા માટે અમલીકરણનો પહેલો તબક્કો પહેલેથી જ શરૂ થઈ ગયો છે અને આગામી દાયકામાં પૂર્ણ થવાની ધારણા છે. એડવાન્સ પૂર આગાહી અને મેનેજમેન્ટ સૉફ્ટવેરને પણ ડેવલપ કરી ઉપયોગ અમલમાં મુકવામાં આવેલ તેનો ઉપયોગ ખૂબ જ અસરકારક રીતે કરવામાંઆવ્યો છે.

- રૂંઢ ખાતે બેરેજની પસંદગી અને ઈમ્પલીમેન્ટેનન્સમાટે ટેકનીકલ સહયોગ.

- " એડવાન્સ ફલડ ફોર કાસ્ટિંગ "  એપ્લીકેશન માટે ટેકનીકલ સહયોગ.

- ઓન લાઈન "રીવર કવોલીટી મોનીટરીંગ" નું ડેવલપમેન્ટ.

- તાપી રીવર રીસ્ટોરેશન પ્રોજેકટ નાં અમલીકરણ માટે ટેકનીકલ સહયોગ.

- રૂફ સ્કેપ અને વોટર પ્લાઝ જેવા ટેમ્પરરી ફલડ વોટર મેનેજમેન્ટ ની ફિઝીબીલીટી ચેકિંગ અને ટેમ્પરરી સોલ્યુશન.

-ક્વોલીટી અને કવોન્ટિટી  મોનીટરીંગ માટે તાપી રીવર રીઝરવોયર ઓથોરીટીન ગઠન કરવા સુચન














૨૨૭

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા,સુરત.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નોર્થઝોન(કતારગામ) અમરોલી વિસ્તારના કાર્યક્ષેત્રમાં આવેલ સતાધાર ચાકડી પાસે આવેલ મહાવીરધામ વિ–૨ ના ગેટ પાસે નાકોડા પ્લાસ્ટીક ની દુકાન આવેલ છે. સદર સંસ્થામાં તા.૧૦/૦૭/૨૦૧૮ ના રોજ નાયબ આરોગ્ય અધિકારી , મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક હાજર રહી ટીમ ધ્વારા સ્થળ તપાસ કરતા પ્રતિબંધિત પ્લાસ્ટીક સંગ્રહ કરેલ માલમ પડેલ જેમાં કુલ ૧૧૬

કિ.ગ્રામ જથ્થો જપ્ત કરવામા આવેલ છે.તથા પ્રતિબંધિત ચાહ ના કપ નંગ ૧૦,૦૦૦ જપ્ત કરેલ છે. તથા વહીવટી ખર્ચ રૂા. ૨૦,૦૦૦/– (વીસ હજાર રૂપીયા પુરા ) વસુલ કરવામા આવેલ છે. તેમજ સંસ્થા પાસે પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા બાહેધરી આપેલ છે. તથા છાપરાભાઠા વોર્ડ વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસીંગ બોર્ડ સોહમ શોપીંગ સેન્ટર માં આવેલ (૧) નીલકંઠ ફરસાણ (૨) આર.બી.ફરસાણ માથી અનઅધિકૃત પ્રતિબંધિત પ્લાસ્ટીક ૧૫ કિ.ગ્રામ જપ્ત કરી તેમજ અખાધ પદાર્થ નો ૧૦ કિલો અંદાજીત જથ્થાનો નાશ કરવામા આવેલ છે. અને રૂા . ૧૦,૦૦૦/– વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. સ્ટોલ ધારકોને પ્રતિબંધિત પ્લાસ્ટીક ન રાખવા તેમજ સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્ય શીક્ષણ આપવામાં આવેલ છે. કુલ્લે ટોટલ ૩૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટીક કુલ્લે ૧૩૧ કિલો જપ્ત કરવામાં આવેલ છે.

૨૨૮

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા) આરોગ્ય વિભાગ દ્વારા પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્તની કામગીરીના સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદી :–

આદેશાનુસાર નાયબ આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પૂર્વઝોન(વરાછા)સંલગ્ન આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૬/૦૭/૧૮ થી તા.૦૯/૦૭/૧૮ સુધીમાં વરાછા ઝોનમાં આવેલ ભાગ્યોદય સેનીટેશન વોર્ડ, પુણા–સીમાડા સેનીટેશન વોર્ડ તેમજ સરથાણા સેનીટેશન વોર્ડમાં પ્લાસ્ટિકના હોલસેલ વેપારી/ પાનના ગલ્લા તેમજ શાકમાર્કેટમાં ઘનિષ્ટ ચેકીંગ હાથ ધરવામાં આવેલ. જેમાં કુલ ૨૪૫ સંસ્થાઓ ચેક કરતા ૯૮ સંસ્થા/ઈસમો પાસેથી **રૂા.૮૧,૨૦૦/– (અંકે રૂપિયા એકયાસી હજાર બસો પૂરા) વસુલવામાં આવેલ અને ૨૦૯ કિ.ગ્રા પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ છે.**

"પહેલા પોલિયો અને હવે મીઝલ્સ-રૂબેલાનો વારો"

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૦/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા-જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

સાઉથઝોન ઉનયુનિટમાં આજરોજ કુલ ૧૪ જગ્યાએ વરસાદી પાણી ભરાવો થતા એમાંથી ૦૩ જગ્યાએ મેન્યુઅલી નીક તેમજ ૧૧ જગ્યાએ એન્ટિલાર્વલ કામગીરી કરવામાં આવેલ છે.ઉધનાયુનિટમાં દાગીનાનગર પ્લોટ નં-૬,૭ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીગ જોવા મળતા રૂ.૩૦૦૦/- વહીવટી ખર્ચ,ભેસ્તાનયુનિટમાં મોસ્કીટો બ્રિડીગ મળતા કુલ ૧૨ વ્યકિતઓને આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપી જેના અનુસંધાનમાં કોંટ ફરીયાદ મુકી ૧૨ ઈસમો પાસે રૂ.૧૨૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ભેસ્તાનયુનિટમાં આવતી લક્ષ્મી વિષ્ણુમીલ માં નકામો ભંગાર અને મોસ્કીટો બ્રિડીગ જોવા મળતા ૦૧ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપી રૂ.૫૦૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.તથા સાંઈયુનિટી પ્લોટ નં- ૧૬૩,૧૬૪ નાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીગ જોવા મળતા ૦૧ આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ અને રૂ.૩૦૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૦૬૪૩ ઘરોમાં ૩૨૪૫૯ સ્પોટ સર્વે કરી કુલ **૧૬૯** બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ **૧૫૨૦૦** /- રૂ. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૫૪ નોટીસ આપવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 229
તા. ૧૦-૦૭-૨૦૧૮

૨૩૦

## :: પ્રેસનોટ ::

**"સુરત મહાનગરપાલિકા આયોજીત સુ.મ.પા.ની ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"**

**વિષય : સુરત મહાનગરપાલિકા આયોજીત ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના સ્કુટિની અને ફાઈનલ ભજવણી બાબત.**

સુરત મહાનગરપાલિકા દ્વારા લોક સંસ્કૃતિના આધારસ્તંભો એવા કલા, સંગીત, નૃત્ય, નાટ્ય જેવા તમામ ક્ષેત્રોની કલા–સંસ્કૃતિની પરંપરાનું જતન કરવા માટેની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ અવિરત અને સતત થતી રહે છે. જેના થકી શહેરના નામી–નવોદિત, નાના–મોટા કલાકારોને તથા રમતવીરોને પોતાની કલાશકિતનો સુયોગ્ય પરિચય કરાવવાની તક પુરી પાડીને તેમનામાં રહેલી શકિતઓને બહાર લાવવા પ્રયત્નશીલ રહીને પ્રોત્સાહીત કરવામાં આવે છે. જેની ફલશ્રુતિ સ્વરૂપે શહેરનાં કલાકારો–રમતવીરો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે શહેરનું નામ રોશન કરી મહાનગરપાલિકાનું ગૌરવ વધારવા સાથે વધાર્યુ છે. છેલ્લા ૪૫ વર્ષથી નાટ્ય સ્પર્ધાઓનું આયોજન કરી શહેરના ઉગતા કલાકારોને ઉચિત પ્લેટફોર્મ પુરૂં પાડતી સુરત મહાનગરપાલિકાએ ચાલુ વર્ષે પણ ૪૬મી અને ચતુર્થ સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાના સફળ આયોજન માટે ફોર્મ બહાર પાડતાં શહેરની ૨૨ નાટ્ય સંસ્થાઓએ ભાગ લેવા કમરકસી છે. નાટ્ય સ્પર્ધામાં વધુને વધુ ઉત્કૃષ્ઠ નાટકો ભજવાય અને નાટ્યપ્રેમી નગરજનોને ઉમદા નાટકો માંણવા મળે તે હેતુસર પ્રતિ વર્ષ યોજવામાં આવતી ભાગ લેનાર નાટ્ય સંસ્થાઓના નાટકોની સ્કુટિની તા.૨૩ થી ૨૫ ઓગષ્ટ–૨૦૧૮ દરમ્યાન પરફોર્મિંગ આર્ટ સેન્ટર અથવા અન્ય અનૂકુળ સ્થળે યોજવામાં આવનાર છે. આ નાટકોની સ્કુટિનીમાં પસંદગી પામેલ નાટકો આગામી સપ્ટેમ્બર ઓકટોબરમાં સુરત શહેરની શાન સમા અને સુરતને ગૌરવ અપાવનાર રંગમંચના મહાન અદાકાર સ્વ.સંજીવકુમારની સ્મૃતિમાં નિર્મિત "સંજીવકુમાર ઓડિટોરીયમ"ના તખ્તે શહેરીજનો માંણી શકશે.

| ક્રમ | નાટ્ય સંસ્થાનું નામ | નાટકનું નામ | દિગ્દર્શકનું નામ |
|---|---|---|---|
| ૧ | સ્માઈલ ડીઝાઈન | તમસ (એક ઘોર અંધકાર) | ડૉ.વિદુર ગોટાવાલા |
| ૨ | કૃ | છેદ વિચ્છેદ | કેતન રાઠોડ |
| ૩ | રાજગ્રુપ થીયેટર એન્ડ પરફોર્મિંગ આર્ટસ | બાલ ભગવાન | રાજેશ પાન્ડેય |
| ૪ | સેવેન પ્રોડકશન | અધૂરો ઓરડો | ઉર્જીતા કિનારીવાળા |
| ૫ | એક્ષપ્રેશન ગૃપ | કારાગાર | મિહિર પાઠક |
| ૬ | કે.ડી.એન્ટરટેઈનર્સ | શિરચ્છેદ | જાવિદ કાઝી |
| ૭ | થર્ડ બેલ થિયેટર | સુર્ય કી અંતિમ કિરણ સે સુર્ય કી પહેલી કિરણ તક | પ્રતિક એ.શુકલ |
| ૮ | પરમ | મનુ દામજી | ડૉ.પન્નેશ પંડિત |
| ૯ | સંભવ ગૃપ | અમારા જેવા કોઈ નહિ | વિશાલ જરીવાલા |
| ૧૦ | વંશાલી ગ્રુપ | લક્ષ્યવેધ | ચેતન પટેલ |
| ૧૧ | સ્કોપા કોલેજ | જિલ્લે સુભ્હાની | દિનકેશ કનાડિયા |
| ૧૨ | આર્ટીઝમ થિયેટર | એક આત્મા શુધ્ધ ગૌતમ બુધ્ધ | ગીરીશ સોલંકી |
| ૧૩ | ઑફ બીટ થિયેટર | કુક્કૂ ડાર્લિંગ | અજય મારડિયા |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ધ્વનિ પ્રિયાંશી પરફોર્મિંગ આર્ટસ | સંભવ અસંભવ | કૃણાલ પારેખ |
| ૧૫ | આશિયાના પરિવાર | એક સપનાનું ઘર | કશ્યપ જોષી |
| ૧૬ | દિપ આર્ટસ્ | આખરી દાવ | જય દિ. દીક્ષિત |
| ૧૭ | ફોરમ આર્ટસ એન્ડ પ્રોડકશન | લિખિતંગ લાવણ્યા | વૈભવ દેસાઈ |
| ૧૮ | સ્વરમ્ એન્ટરટેઈનર | ડાર્ક સિક્રેટ | પંકજ પાઠકજી |
| ૧૯ | સીલ્યુએટ થીએટર્સ | ચલો એકબાર ફીરસે | દેવાંગ જાગીરદાર |
| ૨૦ | રાષ્ટ્રીય કલા કેન્દ્ર | ઋણાનુબંધ | સ્વપ્નીલ પાઠક |
| ૨૧ | શૈલ થિયેટર | એક હતું જંગલ | શૈલેન્દ્ર વડનેરે |
| ૨૨ | યુવા આર્ટસ્ | આતમના ઉતારા | યશ ઉપાધ્યાય |

૨૩૧

## :: પ્રેસનોટ ::


"સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા"


વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ઉમરવાડા, સુરત ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધા


સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૨૧/૦૭/૨૦૧૮**ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **માધ્યમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા** અને સવારે ૧૧.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા**નું આયોજન **સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત** ખાતે કરવામાં આવેલ છે. વર્ષાગીત સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મેળવી ભરેલા **પ્રવેશપત્રો તા.૧૯/૦૭/૨૦૧૮** સુધીમાં પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ, નિયમો અંગેની માહિતી મળી શકશે.

૨૩૨

Surat Municipal Corporation with the help of its SPVs, Surat Sitilink Limited and Surat Smart City Development Limited has collaborated with Google to add real-time bus information in Google Maps. This would provide the commuters real time bus information making it easier to plan their trips. Surat is the **first city in Gujarat** and **second in India** to launch real time transit information with Google Maps.




So the next time you're planning a trip between Patelwadi and Maharana Pratap Circle, you can simply type the two locations into Google Maps to get information about which bus to catch and – more importantly – you'll see when the next bus is *actually* arriving at your stop. You'll also get an estimation of how long your trip is going to take, and if your bus is delayed Google Transit will automatically update the times in line with the new conditions. Arrival times based on real-time information available are marked in green on Google Maps.

The new Google Transit feature will enable people in Surat to get real-time updated information for Surat Sitilink's transit routes, the company said. Commuters in Surat will be able to get information such as when a bus to their desired destination will arrive at their stop, and how long the commute could take. People will also be able to check the arrival time for the next bus The new feature is


available on both Android and iOS apps of Google Maps, and users can also find such information through a search on Google if they looked up for a particular bus stop, and tapped on the name and the listed bus numbers.

“Surat Sitilink Limited, a wholly owned subsidiary of Surat Municipal Corporation, offers a passenger oriented transit system that is fast, comfortable, economical and eco-friendly. Surat Smart City want to deliver an enhanced experience for our commuters by sharing real-time transit information with Google Maps. We are confident that the practical use of this technology will facilitate better trip planning resulting in greater convenience to commuters.” said Shri M Thennarasan IAS, Municipal Commissioner, SMC and Chairman, Surat Sitilink Limited.

To utlise the new Google Maps feature, users in Surat will need follow these steps:

- Open Google Maps app on your Android or iOS device
- (1) Enter your destination and tap the ‘Go’ icon or (2) Tap the ‘Go’ icon and enter the ‘Source’ and ‘Destination’ locations. If it’s not already selected, tap the ‘transit’ icon (the little tram) to view times, bus numbers, routes and real-time arrival information highlighted in green or red.
- Tapping a recommended route lets you view more information on the route’s stops
- Tap the bus stop to see a listing of all arriving buses, where relevant real-time info is depicted by the green beacon

Alternatively, it is possible to access real-time bus information by searching for a particular bus stop, tapping its name and its listed bus numbers. You will then see a listing of all buses arriving, with the location-enabled buses displaying their real-time ETA from the stop.






Google Transit is a feature of Google Maps designed to help you plan your public transport trips quickly and easily. Surat Sitilink covers about 90% of SMC built up area within 500 kms via 166 BRTS and 275 City buses with networks of about 102 kms and 290 kms respectively serving over 95000 passengers of BRTS and over 90000 passengers of City bus system everyday. Surat Sitilink with Surat Smart City Development Limited has launched Surat Sitilink Android and iOS mobile application


to ease the use of public transport for commuters. Surat Sitilink continues to introduce new facilities and serve the citizens of Surat to enable faster and better delivery of public transit services.

૨૩૩

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન તેના એસપીવી , સુરત સીટિંલીંક લિમિટેડ અને સુરત સ્માર્ટ સિટી ડેવલોપમેંટ લિમિટેડ ગૂગલ (Google) ની મદદથી બસની વાસ્તવિક સમય માહિતીને ગૂગલ મેપ્સમાં સમાવેશ કરશે . જે પ્રવાસીઓ ને બસની વાસ્તવિક સમયની માહિતી પૂરી પાડશે , જેથી તે તેમની સહેલોની યોજનાને સરળ બનાવશે. સુરત, ગુજરાતનું પ્રથમ શહેર અને ભારતમાં બીજા ક્રમે ગૂગલ મેપ્સ સાથે રિયલ ટાઇમ ટ્રાન્ઝિટ માહિતી લોન્ચ કરવા માટે કંપનીએ જણાવ્યું હતું.




આથી બીજી વખત, પટેલવાડી અને મહારાણા પ્રતાપ સર્કલ વચ્ચેના પ્રવાસનું આયોજન કરી લીધા પછી, તમે બસ પકડવા અને બસની માહિતી મેળવવા માટે બે સ્થાનોને ગૂગલ મેપ્સમાં ટાઈપ કરી શકો છો - વધુ અગત્યની રીતે - જ્યારે આગામી બસ વાસ્તવમાં આ  વવાની હોય ત્યારે તમે જો ઈ શકશો કે કયા સ્ટોપ પર પહોંચ્યા. તમારી સફર કેટલી લાંબી ચાલે છે તેનો અંદાજ પણ તમને મળશે , અને જો તમારી બસ વિલંબિત થાય છે તો Google Transit આપમેળે નવી શરતો સાથે સમયસર અપડેટ

થશે. ઉપલબ્ધ પ્રત્યક્ષ-સમયની માહિતીના આધારે આગમન સમયે Google નકશા પર લીલા તરીકે ચિહ્નિત થયેલ છે.

નવી Google ટ્રાન્ઝિટ સુવિધા સુરત સીટીલિંક ટ્રાન્ઝિટ રૂટ્સ માટે વાસ્તવિક સમયની માહિતી મેળવવા સુરતમાં લોકોને સક્ષમ બનાવશે, કંપનીએ જણાવ્યું હતું. સુરતમાં પ્રવાસીઓ માહિતી મેળવી

શકશે, જેમ કે જ્યારે તેમના ઇચ્છિત સ્થળે બસ તેમના સ્ટોપ પર પહોંચશે, અને મુસાફરીને કેટલો સમય લાગી શકે છે. લોકો આગામી બસ માટે આગમન સમયે પણ તપાસ કરી શકશે. નવું લક્ષણ, ગૂગલ મેપ્સના

એન્ડ્રોઇડ અને આઈઓએસ એમ બંને એપ્લિકેશન્સ પર ઉપલબ્ધ છે અને જો વપરાશકર્તાઓ કોઈ ચોક્કસ બસ સ્ટોપ માટે જોવા માંગતા હોય તો તે Google પર તેની માહિતી શોધી શકે છે.

"સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની સંપૂર્ણ માલિકીની પેટાકંપની સુરત સીટિંન્ક લિમિટેડ પેસેન્જર લક્ષી ટ્રાન્ઝિટ સિસ્ટમ આપે છે જે ઝડપી, આરામદાયક, આર્થિક અને ઈકો-ફ્રેન્ડલી છે. સુરત સ્માર્ટ સિટી, ગૂગલ મેપ્સ સાથે રીઅલ-ટાઇમ ટ્રાન્ઝિટ માહિતીને શેર કરીને અમારા પ્રવાસીઓ માટે વિસ્તૃત અનુભવ પહોંચાડવા માંગે છે. સુરત મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રી અને સુરત સીટીલિંક લિમિટેડનાં ચેરમેનશ્રી એમ.થેન્નારસન, IAS ના જણાવ્યા મુજબ, આ ટેક્નોલોજીનો પ્રાયોગિક ઉપયોગ સફરની યોજનાને વધુ સરળ બનાવશે, જેના લીધે પ્રવાસીઓને વધુ સુવિધા મળશે.


નવા Google નકશા સુવિધાને ઉજાગર કરવા માટે, સુરતના વપરાશકર્તાઓને આ પગલાંઓને અનુસરવાની જરૂર પડશે:

- તમારા Android અથવા iOS ઉપકરણ પર Google નકશા એપ્લિકેશન ખોલો
- (1) તમારું 'લક્ષ્યસ્થાન' દાખલ કરો અને 'ગો' ચિહ્ન ટેપ કરો અથવા (2) 'ગો' આયકન ટેપ કરો અને 'સોર્સ' અને 'લક્ષ્યસ્થાન' સ્થાનો દાખલ કરો જો તે પહેલેથી જ પસંદ ન હોય, તો ગ્રીન કે લાલમાં પ્રકાશિત સમય, બસ નંબરો, રસ્તો અને રીઅલ-ટાઇમ આગમનની માહિતી જોવા માટે 'ટ્રાન્ઝિટ' ચિહ્ન (થોડું ટ્રામ) ટેપ કરો.

• ભલામણ કરેલ રૂટને ટેપ કરવાથી તમને રસ્તાની સ્ટોપ્સ પર વધુ માહિતી જોવા મળશે

• બસ સ્ટોપ ટેપ કરો, બધી આવનારી બસની સૂચિ જોવા માટે, જ્યાં પ્રત્યક્ષ રીઅલ-ટાઇમ માહિતી લીલા સંકેત (beacon) દ્વારા વર્ણવવામાં આવી છે.

વૈકલ્પિક રૂપે, ચોક્કસ બસ સ્ટોપ માટે શોધ દ્વારા બસની વાસ્તવિક સમય માહિતીને ઍક્સેસ કરવું, તેનું નામ ટેપ ક રી, તેના બસ નંબરની સૂચિ મેળવવી શક્ય છે. પછી તમે આવનારી બસની સૂચિ જોશો , સ્થાન-સક્ષમ બસો, જે સ્ટોપથી તેમના વાસ્તવિક-સમયનો પ્રદર્શિત કરે છે.



Google ટ્રાન્ઝિટ એ Google નકશાની એક વિશેષતા છે જે તમને તમારી સાર્વજનિક પરિવહન યાત્રાને ઝડપથી અને સહેલાઇથી પ્લાન કરવાની સહાય કરવા ડિઝાઇન કરે છે. સુરત સિટિ લિંક આશરે 90 ટકા એસએમસીની જગ્યા કવર કરે છે, જે 500 કિલોમીટરની અંદર 166 બીઆરટીએસ અને 275 સીટીબસ દ્વારા 102 કિ.મી. અને 290 કિલોમીટરના ક્રમશઃ નેટવર્ક સાથે આવરી લે છે જે દરરોજના બીઆરટીએસના 95000થી વધુ મુસાફરોને અને સીટીબસ સિસ્ટમના 90000થી વધુ મુસાફરોને રોજ રોજ સેવા આપે છે. સુરત સીટીલિંક સાથે સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડએ પ્રવાસીઓ માટે જાહેર પરિવહનના ઉપયોગને સરળ બનાવવા માટે સુરત સીટિંક એન્ડ્રોઇડ અને આઇઓએસ મોબાઇલ એપ્લિકેશન શરૂ કરી છે. સુરત સીટીમિંક નવી સુવિધાઓ રજૂ કરે છે અને જાહેર પરિવહન સેવાઓના ઝડપી અને બહેતર ડિલિવરીને સક્ષમ કરવા માટે સુરતના નાગરિકોની સેવા આપવા માટે હંમેશા પ્રબળ છે.

૨૩૪

# <u>પ્રેસનોટ</u>

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) મોજે–ભેસ્તાન, રે.સ.નં.૭, ૮, ૧૪/૧ થી ૧૪/૩, ૧૯ થી ૩૫, ૪૨, ૪૪ થી ૪૬, ૫૫ પૈકી, સબ પ્લોટ નં.એ–૧/૫૯ થી ૬૬, ભગવતી ઈન્ડ. એસ્ટેટ , ભેસ્તાન, સુરતવાળી મિલકતમાં સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવેલ વિકાસ પરવાનગી વિરૂધ્ધ બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ, જેથી સદરહું મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૧૦/૦૭/૨૦૧૮ ના રોજ કુલ– ૦૮ પ્લોટોમાં આશરે ૧૯૫૦ ચો. ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ મંજૂર પ્લાન વિરૂધ્ધનું આર.સી.સી. તથા ચણતર કામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ નં.૧(ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૪૨, સબ પ્લોટ નં.૬, ૭ દાગીનાનગર વિભાગ–૧, ઉધના, સુરતવાળી સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિરૂધ્ધ સ્થળ પર કરેલ બાંધકામ દુર કરવા તાકીદ કરવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદારો ધ્વારા કરવામાં ન આવતા આજ તા.૧૦/૦૭/૨૦૧૮ ના રોજ આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. બાંધકામ દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૧/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા–જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

સાઉથઝોનમાં આજરોજ કુલ ૧૨૩ જગ્યાએ વરસાદી પાણી ભરાવો થતા એમાંથી ૪૦ જગ્યાએ મેન્યુઅલી નીક તેમજ ૮૩ જગ્યાએ એન્ટિલાર્વલ કામગીરી કરવામાં આવેલ છે.ઉધનાયુનિટમાં લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીસ પ્લોટ નં–૧૦૨ માં ખુલ્લા પ્લોટમાં અને પ્લોટ નં–૧૦૩ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૪૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે બમરોલીયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા મહાલક્ષ્મીનગર પ્લોટ નં–૫ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.વડોદયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા સત્યસાંઈનગર માં ગોડાઉનના બાંધકામમાં ભંગાર સામાન અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૩૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.ભેસ્તાનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતી વૃંદાવન સોસાયટી પ્લોટ નં–૧૭૫ નાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.આમ, સાઉથઝોન(ઉધના) વિસ્તારમાંથી

આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૨૩૮૭ ઘરોમાં ૩૧૧૪૩ સ્પોટ સર્વે કરી કુલ **૧૪૭** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.

૨૩૬

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૨/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા જુદા જુદા ઝોનનાં કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં **તા.૧૨/૭/૨૦૧૮** ના રોજ મધ્ય રાત્રિથી પડેલ ભારે વરસાદના કારણે ખુલ્લા પ્લોટ, રસ્તા પર થયેલ પાણી ભરાવાનો તેમજ સ્ટોર્મ ડ્રેનેજમાં નીક ધ્વારા નિકાલ કરાવવામાં આવેલ છે.

- સેન્ટ્રલ ઝોનમા ૨૧ જગ્યાએ ખુલ્લા પ્લોટમાં ભરાયેલ પાણીનો નિકાલ કરવામાં આવ્યો ૨૧૮ જગ્યાએ સ્ટ્રોમ ડ્રેનેઝ જાળીયાની સફાઈ કરી રસ્તાપર ભરાયેલ પાણીનો નીક ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે.
- રાંદેર ઝોનમાં ૪૬ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૩૭ જગ્યાએ રસ્તા પર ભરાયેલ પાણીનો નીક પાડી નિકાલ કર્યો, અન્ય ૮૩ જગ્યાએ નીક પાડી પાણીનો નિકાલ કર્યો.

- ઉધના ઝોનમાં ૧૦૯ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૩૬ જગ્યાએ રસ્તા પર ભરાયેલ પાણીનો નીક પાડી નિકાલ કર્યો તેમજ અન્ય ૧ જગ્યાએ જેસીબી મશીનથી નીક પાડી પાણીનો નિકાલ કર્યો.
- લિંબાયત ઝોનમાં ૧૭૬ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૧૩૧ જગ્યાએ રસ્તા પર ભરાયેલ પાણીનો નીક પાડી નિકાલ કર્યો તેમજ અન્ય ૧ જગ્યાએ જેસીબી મશીનથી નીક પાડી પાણીનો નિકાલ કર્યો.
- અઠવા ઝોનમાં ૪૫ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૯૪ જગ્યાએ રસ્તા પર ભરાયેલ પાણીનો નીક પાડી નિકાલ કરવામાં આવ્યો.
- કતારગામ ઝોનમાં ૨૨ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૧૮ જગ્યાએ રસ્તા પર ભરાયેલ પાણીનો નીક પાડી નિકાલ કર્યો, અન્ય ૧૩ જગ્યાએ નીક પાડી પાણીનો નિકાલ કર્યો.
- વરાછા ઝોનમાં ૪૮ ખુલ્લા પ્લોટમાં પાણી ભરાવાનો નિકાલ કરવામાં આવ્યો તેમજ ૧૦૧ જગ્યાએ રસ્તા પર ભરાયેલ નીક પાડી પાણીનો નિકાલ કરવામાં આવ્યો.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**૨૩૭**

## સુરત મહાનગરપાલિકા

### પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

ઉધના ઝોનઃ–

ઉધના ઝોનમાં ઉધના દરવાજા, ઉધના દેના બેંક પાસે, અરહિંત કોમ્પેલેક્ષ પાસે,રાયકા સર્કલ,નવજીવન પાસે, નવીન ફલોરીન પાસે, ભેસ્તાન, સિધ્ધાર્થ નગર, ભેસ્તાન,ટી.પી. ૫૪ રેલ્વે ઓવર બ્રીજ ની નીચે રેલ્વે લાઈને પેરેરલ રસ્તા ઉપર, મિલન પોઈન્ટ,વડોદ, ગેટકો સર્કલ,વડોદ, કૈલાશ નગર ચોકડી, બમરોલી, જીઆવ ગામ રોડ, હરિનગર,સોસીયો સર્કલ, બમરોલી ગામ રોડ, સબ જેલ પાસે **આમ કુલ ૧૫ જગ્યા ભરાયેલ પાણીના નિકાલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે.**સબજેલ પાસે પીપલ્સ બેંકની ગલી–૩૫,સ્વામી નારાયણ મંદિર પાસે–૧૦ ચો.મી. ,ખરવર નગર જંકશન પાસે–૧૫ ચો.મી., એમ.જી.રોડ–૦૬ ચો.મી., રાધેશ્યામ નગર–૧૦ ચો.મી. ,પ્રમુખ પાર્ક પાસે એસ.એન.આર–૫૦ ચો.મી. , કૈલાસ માનસ સ્કુલ પાસે–૪૦ ચો.મી.

,સોનારી ગામ ચાર રસ્તા–૧૫ ચો.મી. , બુરહાની કોમ્પલેક્ષ ઉન– ૨૦ ચો.મી. , વખારીયા ઈન્ડ્ર. સર્વિસ રોડ– ૨૫ ચો.મી. , ચાચા સ્કુલ પાસે–૧૦ ચો.મી જેટલા રસ્તા પુરાણ કરવામાં આવેલ. સંજય નગર ઝુપડપટ્ટી,ગધા નગર,ક્રિશ્ના નગર,સીતાનગર પાંડેસરા ખાતેના વિસ્તારમાં ખાડીપુર પર અસરગ્રસ્થ થયેલ છે.સુમન દેસાઈની વાડી, ખટોદરા –૧ વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે

વરાછા ઝોનઃ–

વરાછા ઝોનમાં સુર્યપુર ગરનાળા , વૈશાલી વોર્ડ ઓફિસ, અંબિકાવિજય સોસાયટી જે.કે.પેટ્રોલ પંપ, હરીનંદન સોસાયટી કાપોદ્રા,વેર હાઉસ પાસે, કર્મનાથ મહાદેવ, ધારૂકાવાલા કોલેજ પાસે,લક્ષ્મીનગર સરથાણા,પરમહંસ સ્કુલ, ખાડી ફળીયુ મોટા વરાછા, વડવાળા સર્કલ,સહારા દરવાજા ગરનાળા, કરણીમાતા ચોક ન્યુ બોમ્બે માર્કેટ પાસે, અર્ચના સ્કુલ પાસે, અર્ચના ખાડી પાસે,પુંણા પોલીસ ચોકી થી દરજી સમાજની વાડી પાસે **આમ ૧૬ જગ્યાએ પાણીના ભરાવોનો નિકાલ કરવામાં આવેલ છે**.પંચરત્ન ટાવર–૧ ખાતે વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે

અઠવા ઝોનઃ–

અઠવા ઝોન ૧૪ પ્રાયમરી હેલ્થ વર્કર તથા કુલ ૪૩ વી.બી.ડી.સી. બેલદારની કુલ ૧૪ ટીમ બનાવી રસ્તા પર કુલ–૯૪ સ્થળ પર નિક પાડી સ્ટ્રોમ ડ્રેનેજ જાળિયામાં પાણીનો નિકાલ કરવવાની કામગીરી કરાવવામાં આવેલ તેમજ કુલ ૪૫ ખુલ્લા પ્લોટમાં ભરાયેલ પાણીનો નિક પાડી નિકાલ કરાવવામાં આવેલ.સોમેશ્વર એન્કલેવ ખાતે–૧, એસ.ડી.જૈન સ્કુલ ખાતે –૧, આદર્શ સોસાયટી ખાતે –૧ વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે

સેન્ટ્રલ ઝોનઃ–

અઠવાગેટ જોલી પ્લાઝા, અઠવાગેટ યતીમખાના જૈન દેરાસર, કાદરશાની નાળ વિજય વલ્લભચોક, શારદા સર્કલ થી દયાળજી , C.W.C. ઓફિસ પાસે તલાવડી સગરામપુરા, અનાવિલ શેરી સગરામપુરા,પરમાર બુટ હાઉસ નવસારી બજાર, હનુમાન શેરી સગરામપુરા, નવસારી બજાર પોલીસ સ્ટેશન,સલાબતપુરા દોડિયાવાડ, આંબાવાડી કાલીપુલ ,સંઘાડિયાવાડ મેઈન રોડ, કમેલા દરવાજા રીંગરોડ,સાગર મહોલ્લો બેગમપુર,કટારિયા ટ્રાન્સપોર્ટ ફાલસાવાડી–નવાબવાડી રોડ, ધોબી શેરી હરીપુરા, હસનજી ટેકરા હરીપુરા,સોમનાથ મહાદેવ શેરી કાંસકીવાડ,ગલેમંડી ચાર રસ્તા ,મંછરપુરા કોલસાવાડ, કિશોર કોલ્ડડ્રીંકસ પાસે રાજમાર્ગ, સૈયદપુરા પમ્પીંગ, હોડીબંગલા,જીલાની બ્રિજ પાસે વેડ દરવાજા,સ્ટેશન મોહનની મીઠાઈ, જાપાન માર્કેટ દિલ્હીગેટ, ગોપીપુરા, સુભાષ ચોક, ચૌટાબજાર **આમ કુલ ૩૧ જગ્યાએ પાણીના ભરાવોનો નિકાલ કરવામાં આવેલ.** મજુરા ગેટ–૧ વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે

લિબાયત ઝોનઃ–

લિંબાયત ઝોનમાં ટી.પી.૦૭, આંજણા ગરનાળા,ટી.પી.૦૭, આશિર્વાદ પાર્ક પાસે,ટી.પી.૦૭, સોમેશ્વર ટેક્ષટાઈલ,ટી.પી.૦૭, ભરતનગર ટ્રાન્સપોર્ટેશન, બી.આર.ટી.એસ. રોડ, ભાઠેના ચાર રસ્તા,ટી.પી.૦૮, સંજયનગર ઝુપડપટ્ટી પાસે,ટી.પી.૦૮, મહાવીર ટેક્ષટાઈલ,ટી.પી.૩૯, આસપાસનગર – ૧,ટી.પી.૬૧, મહારાણા પ્રતાપ, દેવધ રોડ,ટી.પી.૧૯ રણછોડ નગર સોસા. ની સામે,ટી.પી. ૬૯ ઓમ નગર,ટી.પી. ૬૯ મહાદેવનગર –૩,ટી.પી. ૬૯ ગોકુલધામ સોસા. પાસે,ટી.પી. ૪૧ રામાયણ પાર્ક પાસે,ટી.પી. ૪૧ ખોડલ કૃપા સોસા. પાસે,ટી.પી. ૪૧ બીલીયા નગર – ૧ પાસે,ટી.પી. ૬૨ જાગૃતી સ્કુલ પાસે,ટી.પી. ૬૨ સાઈ બાબા મંદિર પાસે આમ વિવિધ સ્થળોએ પાણીનો ભરાવોનો નિકાલ કરવામાં આવેલ છે.

રાંદેર ઝોનઃ–

રાંદેર ઝોનમાં સુરત ખમણ હાઉસ અડાજણ પાટીયા પાસે, ધનમોરા સર્કલ, અડાજણ પાટીયા રૂષભ ચાર રસ્તા, એલ.પી. સવાણી થી હનીપાર્ક સર્કલ, હની પાર્ક આરોગય કેન્દ્ર પાસે, હની પાર્ક પટેલ પ્રગતિવાડીની પાછળ, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ થી ગંગેશ્વર મંદિર રોડ, નોવા એપેક્ષ પાસે, રંગીલા સર્કલ, ચંદન પાર્ક, ભૂલકા ભવન, અવધપૂરી સોસાયટી પાસે,ટી.પી. ૧૩(અડાજણ) આઈ. એન. ટેકરાવાલા સ્કુલની બાજુમાં (કસ્તુરબા સોસાયટી),ટી.પી.૨૯(રાંદેર) વોક વે થી ઝગડીયા ચોકડી સુધી,ટી.પી.૨૯(રાંદેર) પિરામીડ ઓલમ્પીયા સામે (શ્રીજી નગરી રોડ),ટી.પી. ૮(પાલનપુર) સ્ટાર કોર્નર (એસ.બી.આઈ. બેંકની બાજુમાં) ,પાલ ગામ હળપતિવાસ, વોક વે કેનાલ નજીક શ્રીપદ રેસીડન્સી સામે, રાજ હંસ ચાર રસ્તાથી રાજહંસ થીયેટર સુધી ટી.પી. રોડ,પાલ જલારામ મંદિર,સાંઈ રચના સોસાયટી ટી.પી. રોડ, વિદ્યાકંજ સ્કુલ થી સરોજીની નાયડુ શાક માર્કેટ, અયોધ્યાનગર થી ભૂમી કોમ્પલેક્ષ રોડ, નક્ષત્ર કોમ્પલેક્ષ રોયલ પ્લેટીનયમ ની સામે કેનાલ રોડ, તાડવાડી જંકશન,પ્રાઈમ આર્કેડ જંકશન **આમ કુલ ૨૫ જગ્યાએ પાણીનો ભરાવો થયેલ જેનો નિકાલ કરવામાં આવલ છે.** ગ્રીન વેલી ગંગેશ્વર મંદિરની પાછળ ,વાંચનાલય પાસે,પીપરડીવાળા સ્કુલ પાસે ગોમતીનગર સોસાયટી આમ કુલ–ર જગ્યાએ વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે

કતારગામઃ–

કતારગામ ઝોનમાં ડભોલી ચાર રસ્તા, બી.આર.ટી.એસ. જંકશન પાસે, વેડ રોડ, સરદાર હોસ્પિટલ પાસે, વેડ રોડ, હરીઓમ મીલ પાસે, વેડ રોડ, વાળીનાથ ચોક પાસે, વેડ રોડ, સહયોગ ઈન્ડસ્ટ્રીઝ, વેડ રોડ, રામેશ્વર ઈન્ડસ્ટ્રીઝ, વેડરોડ, અટલજીનગર પે એન્ડ યુઝ ટોયલેટ પાસે, કતારગામ , મીનાક્ષી વાડી, કતારગામ, બાળાશ્રમ પાસે, કતારગામ, કાંસાનગર, કતારગામ,

જી.આઈ.ડી.સી. ચાર રસ્તા,લક્ષ્મીકાંત આશ્રમ રોડ, વડલા સર્કલ, કોસાડ, વેણીનાથ ગરનાળુ, કોસાડ, મનિષા ગરનાળુ, નવો કોસાડ રોડ, જીવનજયોત સોસા. પાસે, ઉત્રાણ, કોમ્યુનિટી હોલ પાસે,સાયણ રોડ, ભગુનગર, અમરોલી રોડ, ગુજરાત હા.બોર્ડ ,જલારામ સોસા., કોસાડ, એચ.૧ આવાસ સર્વિસ રોડ **આમ કુલ–૨૦ જગ્યાએ પાણીનો ભરાવોનો નિકાલ કરવામાં આવેલ છે.**સીંગણપોર નવા મહોલ્લા પાસે–૧,લાલ દરવાજા–૧,ટોરેન્ટ ટાવર ઓફિસ, વસ્તાદેવડી–૧ વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે.

વરસાદથી કોઈ જાનહાનિ થયેલ નથી

માનનીય કમિશનરશ્રી ધ્વારા આ બાબતે ઝોન/ખાતાના અધિકારીઓની મીટીંગ લઈ તમામ ઝોનના તથા મુખ્ય કચેરીના કંન્ટ્રોલ રૂમમાં ડે.ઈજનેર કક્ષાના સીનીયર અધિકારીને રાત્રી દરમ્યાન પણ હાજર રાખવા તથા ફરીયાદના નિકાલ માટે સ્ટેન્ડ બાય ટીમ તમામ ઝોન ખાતે અને ઝાડ પડી જવાની ફરીયાદ બાબતે ગાર્ડન વિભાગને પણ સ્ટેન્ડ બાય ટીમ તૈયાર રાખવા સૂચના આપવમાં આવી છે.

૨૩૮

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૬/૦૭/૨૦૧૮ થી તા.૧૨/૦૭/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૭૪૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૯૬ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

૨૩૯

## :: પ્રેસનોટ ::

### ''અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા''

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૪ થી ૨૭ જુલાઈ ૨૦૧૮ દરમ્યાન યોજાનાર મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત્ત ઉજવણી નિમિત્તે તા.૨૪/૦૭/૨૦૧૮ થી તા.૨૭/૦૭/૨૦૧૮ દરમ્યાન નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૪/૦૭/૨૦૧૮ મંગળવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | સુ.મ.પા.કોમ્યુનિટી હોલ, દિવાળી બાગ, અડાજણ, સુરત. |
| | | બપોરે ૨.૦૦ કલાકે | | માધ્યમિક વિભાગ | |
| ૨ | ૨૫/૦૭/૨૦૧૮ બુધવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | | ખુલ્લો વિભાગ | અલથાણ કોમ્યુનિટી હોલ, સોહમ સર્કલ પાસે, અલથાણગામ, સુરત |
| ૩ | ૨૬/૦૭/૨૦૧૮ ગુરૂવાર | બપોરે ૧૨.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | સીંગણપોર મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર રોડ, સુરત |
| ૪ | ૨૭/૦૭/૨૦૧૮ શુક્રવાર | સવારે ૧૦.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત |

મહેંદી અને આરતી શણગાર સ્પર્ધામાં પ્રાથમિક / માધ્યમિક શાળાની વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. **નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના વિદ્યાર્થીનીઓએ તેઓના મહેંદી હરિફાઈના પ્રવેશપત્રો જે તે શાળા મારફત જ સાંસ્કૃતિક વિભાગમાં મોકલવાના રહેશે.** ગોરમાગીત સ્પર્ધામાં શહેરની પ્રાથમિક શાળાઓની વિદ્યાર્થીનીઓ/કન્યાઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત ખાતેથી **તા.૧૫/૦૭/૨૦૧૮ થી તા.૨૧/૦૭/૨૦૧૮** સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પ્રવેશપત્ર સાથે જન્મનો દાખલો, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ અથવા અન્ય ઉંમરના પુરાવાની સર્ટીફાઈડ કોપી સહિત પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/information/news પરથી પણ સ્પર્ધામાં ભાગ લેવા બાબતની પ્રેસનોટ, નિયમો અને પ્રવેશ ફોર્મ અંગેની માહિતી મળી શકશે.

"પહેલા પોલિયો અને હવે મીઝલ્સ-રૂબેલાનો વારો"

**સુરત મહાનગર પાલિકા**
**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**
**અખબારી યાદી**

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૩/૦૭/૨૦૧૮ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા આજરોજ જુદા-જુદા ઝોનોમાં મચ્છર જન્ય રોગ અટકાયત માટે નીચે મુજબ કામગીરી કરવામાં આવેલ હતી.

વેસ્ટઝોન અડાજણ યુનિટમાં આવતા કાર્યક્ષેત્રમાં આવેલ ભંગારવાળાને ૧૫૦૦/-, બાંધકામમાંથી ૫,૦૦૦/-, કોર્મશીયલમાંથી ૪,૦૦૦/-, વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે તથા પાલ યુનિટ ના કાર્યક્ષેત્રમાં આવેલ મધુવન સર્કલ પાસેના શોપીંગ સેન્ટરને ૧૫૦૦/-, પાલ ઓવર બ્રીજને ૫૦૦૦/-, પાલનપુરગામ યુનિટ ખાતે આવેલ બાંધકામમાંથી રૂા.૪,૫૦૦/-, બંધ ઘર ખોલાવીને ૧૩૦૦/- વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ અને રાંદેર યુનિટ ખાતે આવેલ અલનુર એપાર્ટમેન્ટના ભોંયરામાં પાણી ભરાવાને કારણે ૩૦૦૦/- વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે

સાઉથઝોન પાંડેસરાયુનિટમાં આવતા નવારામનગર પ્લોટ નં-૧૬૬ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૫૦૦,પાંડેસરાયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતી સાંઈ સમર્પણ સોસાયટી પ્લોટ નં-૧૯૮ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૧૦૦૦, બમરોલીયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા શકિતનગર ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૨૦૦૦,ઉનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા રામેશ્વરનગર માં પડતર ભંગાર સામાન મળી આવતા રૂ.૫૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.આમ,ઉધનાઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૩૪૬૬ ઘરોમાં ૩૩૦૫૦ સ્પોટ સર્વે કરી કુલ ૧૮૮ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૩૮૦૦/- રૂ. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૨૧ નોટીસ આપવામાં આવેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**
**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. 240
તા. ૧૩-૦૭-૨૦૧૮

૨૪૧

# પ્રેસનોટ
# નોર્થઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા,સુરત.

સુરત મહાનગરપાલિકા દ્વારા પારસ વોર્ડ ઓફિસ ના વિસ્તારમાં આવેલ શાક માર્કેટ ને નવી અધતન બનાવવામાં આવેલ છે.તેમાં કુલ ૨૪૦ સ્ટોલ બનાવવામાં આવેલ છે.સદર શાક માર્કેટ માં ભોંયતળિયામાં અને પહેલો માળ આમ બે માળની શાક માર્કેટ બનાવવામાં આવેલ છે.સદર શાક માર્કેટ ફેરિયાઓને ફાળવણી કરવા માટેનો કાર્યક્રમ સિંગણપોર મલ્ટીપર્પઝ હોલ ખાતે આજ રોજ તા. ૧૩/૦૭/૨૦૧૮ ને ૧૦:૦૦ કલાકે રાખેલ હતો.

સદર સ્ટોલ ફાળવણી કાર્યક્રમમાં મા.મેયરશ્રી જગદીશભાઈ પટેલ,મા.ધારાસભ્યશ્રી વિનુભાઈ મોરડીયા,વોર્ડના કોર્પોરેટર શ્રીમતી ગીતાબેન પટેલ,માજી કોર્પોરેટરશ્રી યશોધરભાઈ દેસાઈ અને ઝોનલ ચીફ શ્રી ડી.એમ. પટેલ, આસી. કમિશ્નર શ્રી આર.એમ ગામીત, ઝોનલ ઓફિસર શ્રી આર.વી. ગામીત અને નાયબ આરોગ્ય અધિકારી શ્રી કે. એ. શ્રોફ ની હાજરી માં ડ્રો ની કામગીરી કરવામાં આવી. માનનીય ધારા સભ્ય શ્રી તથા હાજર રહેલ મહાનુભવો દ્વારા ડ્રો ની ચીઠ્ઠી ઉપાડી કાર્યવાહી નો શુભારંભ કરેલ, હાજર રહેલ ફેરીયાઓને કુલ ૨૪૦ ઓટલાઓ માંથી કુલ ૨૩૭ ઓટલા ફાળવી આપવામાં આવેલ હતાં કે જેમાં જુના તમામ ફેરીયાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

માનનીય મેયર શ્રી જગદીશભાઈ પટેલએ સદર માર્કેટમાં વ્યવસ્થાપન કમિટી ફેરીયાઓ દ્વારા બનાવી તેની સાફ–સફાઈ અને અન્ય કામગીરી તેઓ પોતે નિભાવે તેવી સુચના આપેલ હતી. માનનીય ધારાસભ્ય શ્રી વિનુભાઈ મોરડીયા એ માર્કેટ ફાળવ્યા પછી 'માર્કેટની બહાર કોઈએ બેસવું નહિ કે કોઈને બેસવા દેવું નહિ' તે બાબતે માર્કેટના ફેરીયાઓએ તેમજ ઝોનના દબાણ વિભાગે કડક કાર્યવાહી કરવા જણાવ્યું. નાયબ

આરોગ્ય અધિકારી શ્રી એ આ માર્કેટને પ્લાસ્ટીક ફ્રી તથા સેગ્રીગેશન એટ  સોર્સ કરાવવા સુચના આપવી અને ત્યા એક ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન (OWC)  મુકવામાં આવશે જેથી તેમાં ખાતર બનાવી શકાશે અને સોલીડ વેસ્ટ ને રીડયુસ કરી શકાય તેમ જણાવેલ. હાજર રહેલ ફેરીયાઓ માંથી કુલ ૧૯૦ ગ્રીન અને બ્લુ કલર ના ડસ્ટબીન ફેરીયાઓ એ સેગ્રીગેશન એટ સોર્સ માટે લીધેલ હતાં.

અંતમાં નાયબ આરોગ્ય અધિકારી શ્રી એ તમામ મહાનુભવોનો  આભાર વ્યકત કરી ડ્રો ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ હતી.

"પહેલા પોલિયો અને હવે મેલેરિયા-રૂબેલાને વારો"

# સુરત મહાનગરપાલિકા
## હાઈડ્રોલિક વિભાગ
## પ્રેસનોટ

**<u>વરાછા ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તારમાં પાણીનો સપ્લાય અવરોધાય/ઓછા પ્રેશરથી/ ડહોળાશવાળુ મળવા બાબત.</u>**

સુરત મહાનગરપાલિકાનાં મગોબ(WDS E-3) જળવિતરણ મથક ખાતે આવેલ ભૂગર્ભ ટાંકીની તથા ઓવરહેડ ટાંકીઓની સાફ–સફાઈની અગત્યની કામગીરી સોમવારે, તા.૧૬/૦૭/૧૮ ના રોજ હાથ ધરવામાં આવનાર છે. જેથી વરાછા ઝોન તથા લિંબાયત ઝોન વિસ્તારમાં મગોબ(WDS E-3) જળવિતરણ મથક ખાતેથી અપાતો પાણી પુરવઠો તા.૧૬/૦૭/૨૦૧૮ ના રોજ નીચે દર્શાવ્યા મુજબના સમયગાળામાં આપવામાં આવનાર છે. સદર દિવસે ઉપરોકત વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછા પ્રેશર' જથ્થાથી આપવામાં આવશે. જેથી જેની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં ૧૭/૦૭/૨૦૧૮ના રોજ પણ સદર વિસ્તારોમાં **પાણી પુરવઠો અવરોધાય/ઓછા પ્રેશરથી/ ડહોળાશવાળુ મળવાની શકયતા છે.** નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

| અ. નં. | વિસ્તારનું નામ | દરરોજનો નિયમિત પાણી પૂરવઠો આપવાનો સમય | તા. ૧૬/૦૭/૨૦૧૮ નાં રોજ પાણી પૂરવઠો આપવાનો સમય |
|---|---|---|---|
| ૧. | ESR E-6 વિસ્તારમાં આવેલ ટી.પી.૨૦ પૂણા, કારગીલ ચોક વિગેરે તથા તેને સંલગ્ન વિસ્તાર | સવારે ૫.૩૦ થી બપોરે ૧.૦૦ | સવારે ૪.૩૦ થી બપોરે ૧૨.૦૦ |
| ૨ | ESR E-7 વિસ્તારમાં આવેલ શ્રેયા નગર,પૂણાગામ,લક્ષ્મીનગર તથા સીતાનગર ચારરસ્તાથી વનમાળી જંકશન સુધીની તમામ સોસાયટી | સવારે ૬.૩૦ થી બપોરે ૧.૩૦ | સવારે ૫.૦૦ થી બપોરે ૧૨.૦૦ |
| ૩ | ESR E-8 વિસ્તારમાં આવેલ પૂણા ગામતળ, માતૃશકિત , નંદનવન સોસાયટી,અમરધામ, અંજની સોસાયટી, ઓમકાર સોસાયટી અને એને લાગતી તમામ સંલગ્ન સોસાયટીઓ | બપોરે ૧.૦૦ થી રાત્રે ૧૧.૦૦ | સવારે ૧૧.૦૦ થી રાત્રે ૮.૦૦ |
| ૪ | ESR E-9A ના વિસ્તારો પૈકી રેશમા રો–હાઉસ, શિવાંજલી, દરબારનગર,રંગ અવધૂત, મગોબ ગામતળ વિગેરે સોસાયટીઓમાં | સવારે ૬.૩૦ થી સવારે ૧૧.૩૦ | સવારે ૫.૦૦ થી સવારે ૯.૦૦ |
| ૫ | ESR E-10 વિસ્તારમાં આવેલ મુકિતધામ સોસાયટી, વિક્રમનગર વિભાગ–૧,૨,૩,૪ રઘુજા સોસાયટી તથા ઈશ્વર નગર વિભાગ–૧,૨ અને એને લાગતી તમામ સંલગ્ન સોસાયટીઓ | સવારે ૧૧.૦૦ થી રાત્રે ૧૧.૦૦ | સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૦૦ |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સદર

સમાચાર યાદી નં.૨૪૨

તા.૧૩/૦૭/૨૦૧૮

૨૪૩

# —:: પ્રેસનોટ ::—

તા.૧૩–૦૭–૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં આવેલ કાચા–પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતાં કાચા–પાકા પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| **સેન્ટ્રલ** | ૩૩ | ૩૧ | ૧૪ | ૧૪ | ૨૮૦૦ |
| **વરાછા** | ૧૦૪ | ૧૦૯ | ૮૫ | ૮૫ | ૧૭૦૦૦ |
| **રાંદેર** | ૬૩ | ૪૫ | ૪૫ | ૨૧ | ૪૨૦૦ |
| **કતારગામ** | ૭૦ | ૬૪ | ૩૦ | ૩૦ | ૬૦૦૦ |
| **ઉધના** | ૧૭૨ | ૪૬ | ૨૨ | ૨૨ | ૪૪૦૦ |
| **લિંબાયત** | ૭૦ | ૪૮ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| **અઠવા** | ૪૯ | ૨૪ | ૨૪ | ૧૩ | ૨૬૦૦ |
| **કુલ** | ૫૬૧ | ૩૬૭ | ૨૩૭ | ૨૦૨ | ૪૦૪૦૦ |

૨૪૪

# <u>પ્રેસનોટ</u>

<u>સુરત મહાનગર પાલિકા નાં વેસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે તેમજ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જુલાઈ માસ '' ડેંગ્યુ વિરોધી માસ'' કાર્યક્રમ અંતર્ગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :–</u>

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા વેસ્ટઝોન (રાંદેર)ના ડે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ–૨૦૨૨ અભિયાન અને જુલાઈ માસ ''ડેંગ્યુ વિરોધી માસ'' અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા અને લોકોમાં મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે વેસ્ટઝોન (રાંદેર)ના અડાજણ યુનિટ વિસ્તારમાં આવેલ ભંગારવાળાને રૂા.૧૫૦૦/– બાંધકામમાંથી રૂા.૫૦૦૦/– કોર્મશીયલમાંથી રૂા.૪૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. પાલ યુનિટ વિસ્તારમાં મધુવન સર્કલ શોપીંગ સેન્ટરમાંથી ૧૫૦૦/–, પાલ ઓવર બ્રીજ રૂા.૫૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. પાલનપુર યુનિટ વિસ્તારમાં આવેલ પાલનપુર જકાતાનાકા પાસે ભંગારવાળાને રૂા.૧૦૦૦/–, એલ.પી.સવાણી રોડ પર આવેલ ખુલ્લા પ્લોટને રૂા.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. પાલણપોરગામ વિસ્તારમાં આવેલ બાંધકામમાંથી રૂા.૪૫૦૦/– તેમજ બંધઘર ખોલાવીને ખામી બાબતે રૂા.૧૩૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. તેમજ રાંદેર યુનિટના હદ વિસ્તારમાં અલનુર એપાર્ટમેન્ટના ભોંયરામાં પાણી ભરાવા બાબતે રૂા.૩૦૦૦/– વહીવટી ખર્ચ વસૂલવામાં આવેલ. તેમજ વેસ્ટઝોન (રાંદેર) માં કુલ બંધઘર–૧૬૮ ચેક કરી કુલ–૫૧ ઈસમોને નોટીસ આપવામાં આવી. તેમજ વેસ્ટઝોન (રાંદેર) ખાતે આવેલ અનુદાન સોસાયટીના કુલ–૧૫ પ્રમુખશ્રીને મળી મચ્છરજન્ય રોગો વિશે અને તેના જીવનચક્રની IEC ધ્વારા માહિતી આપવામાં આવી. તેમજ વેસ્ટઝોન (રાંદેર) ખાતે આવેલ એસ.એમ.સી./સરકારી/અર્ધ સરકારી/ખાનગી ખુલ્લા પ્લોટો તેમજ અન્ય રોડ ઉપરના કુલ–૧૬૪ જગ્યાએ થી પાણી ના ભરાવાનો નિકાલ કરાવવામાં આવેલ. આમ, ઉપરોકત

તમામ ઈસમોને મચ્છરજન્ય ખામી મળતાં કુલ – રૂા. ૨૮,૮૦૦/– (અંકે અઠ્ઠાવીસ હજાર આઠ સો) વસૂલવાની કામગીરી હાથ ધરેલ છે.

આથી તમામ બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલ ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ મિલકતોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલ માં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

૨૪૫

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

અઠવા ઝોનઃ–

અઠવા ઝોનમાં ૩૫ રનીંગ મીટર કાચી ગટર ખોદી પાણીના નિકાલ કરવામાં આવેલ,૧૨૭૦ ચો.મી માટી કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લો કરવામાં આવેલ, ૮૩ વરસાદી જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ.,૬ જેટલા લારી/ ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ.

લિંબાયત ઝોનઃ–

લિંબાયત ઝોનમાં આંજણા ગરનાળા,સંજયનગરની પાસે,મહાવીર ટેક્ષટાઈલ,સંજયનગર, ખાનપુરા,રૂપનગર, શાહપુરા, મહાદેવનગર એસ્ટેટની સામે, ગોડાદરા, કેશરભવાની સોસાયટી, વ્રજ વિહાર સોસાયટી ગેટ નં. ૧ ની સામે, દેવધ રોડ, દાદાજી માર્બલની સામે, બી.આર.ટી.એસ. મીડલ રીંગરોડ,ડબલ ફાટક રોડ, ગોડાદરા, જીગ્નેશનગર સોસાયટીની સામે,સંતોષીનગર ગરનાળ

આમ વિવિધ સ્થળો પરથી વરસાદી જાળીયા પરથી કચરો દુર કરવાની કામગીરી કરવામાં તથા વરસાદી પાણીના નિકાલની કામગીરી કરવામાં આવેલ.

# –: પ્રેસનોટ :–

**સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા મીઝલ્સ–રૂબેલા વેકસીનેશન કેમ્પેઈન પ્રોગ્રામ આજ તા.૧૬/૦૭/૨૦૧૮થી પાંચ અઠવાડીયા સુધી શુભારંભ કરવામાં આવ્યો**

સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે ભારત સરકારશ્રીના આદેશાનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં મીઝલ્સ–રૂબેલા વેકસીનેશન કેમ્પેઇન શરૂ કરવાનો હોય જેનાં ભાગરૂપે સુરત મહાનગરપાલિકામાં ગાઇડલાઇન મુજબ ૯ માસથી ૧૫ વર્ષ સુધીના અંદાજે ૧૩,૧૫,૫૦૬ જેટલા બાળકોને "મીઝલ્સ–રૂબેલા" ની રસી નો કેમ્પેઇન ડોઝ ચામડીની નીચે (SUBCUTANEOUS) જમણા બાવડા પર આપી સુરક્ષિત કરવામાં આવશે.આ કાર્યક્રમ તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા:૧૯/૦૮/૨૦૧૮  દરમ્યાન હાથ ધરવામાં આવશે.

આ કાર્યક્રમ આજરોજ વેસ્ટ ઝોન(રાંદેર)માં આવેલી સ્વામીનારાયણ સ્કુલ,ગોપીનાથ સોસાયટી,ભીક્ષુકગૃહ પાસે,રામનગર,રાંદેર,સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગમાં મા.મેયરશ્રી ડો.જગદીશભાઈ પટેલ,આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી અનીલભાઈ બીસ્કીટવાલા,ઋગ્ણાલયો અને તંદુરસ્તીવર્ધક સમિતિ ચેરમેન ડો.રમણભાઈ પરમાર,આરોગ્ય અધિકારી અને ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ)ડો.આશિષ નાયક,ઝોનલ ચીફ(વેસ્ટ ઝોન) અને ડે.કમિશનર શ્રી સી.વાય.ભટ્ટ,શાળાના ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ ગોંડલીયા,હિંમતભાઈ ગોડલીયા,રમેશભાઈ ગોડલીયા,સ્થાયી સમિતિ સભ્ય શ્રી પ્રવિણભાઈ પટેલ,કોર્પોરેટર શ્રી દિગ્વીજયસિંહ બારડ,શ્રીમતિ ઉષાબેન પટેલ,જશુબેન રાઠોડ,વૈશાલીબેન શાહ,મમતાબેન પટેલ,કુ.હિનાબેન ચૌધરી તથા નવી સિવિલ હોસ્પિટલના પીએસએમ વિભાગના વડા ડો. જયેશ કોસંબીયા,ઈન્ડિયન મેડીકલ એશોશીયેશન ના પ્રમુખ ડો. નિતિન ગર્ગ,રોટરી તેમજ લાયન્સ કલબના પ્રમુખ તેમજ સભ્યો અને અડાજણ,પાલનપુર તથા રાંદેરશહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા આરોગ્ય વિભાગનાં અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કાર્યક્રમ આજ રોજ થી પાંચ અઠવાડિયા સુધી ચાલનાર હોય જે અંતર્ગત સુરત મહાનગરપાલિકાના ૪૮ પ્લાનીગ યુનીટ (આરોગ્ય કેન્દ્રો)પરથી કુલ ૯૫૦૦ સેશન દ્વારા સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ પ્રથમ ૨ અઠવાડીયામાં અંદાજે કુલ ૧૫૯૯ શાળાઓ જેમ  કે ગ્રાન્ટેડ / નોનગ્રાન્ટેડ શાળાઓ, પ્લેગૃપ, નર્સરી, બાલવાડી, ઘોડીયાઘર તથા મદ્રેસા આવરી લેવાના છે અને ત્યાર બાદના ૨ અઠવાડિયામાં નકકી કરવામાં આવેલ આઉટરીચ સ્થળો પર શાળાઓમાં રસીકરણથી વંચિત/ શાળાએ ન જતા બાળકો માટે સેશન કરવામાં આવશે તેમજ શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયાં નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ કાર્યક્રમ માટે ૮ ઝોનલ કો–ઓર્ડીનેટર,૭ લાયઝન ઓફિસર,૯૬ મેડીકલ ઓફીસર, ૨૧૪ સુપરવાઈઝરો, ૫૧૪ નર્સીંગ સ્ટાફ તથા ૧૯૪૪ મોબીલાઈઝર મળી કુલ – ૨૭૮૩ થી વધુ અધિકારી/કર્મચારી/મોબીલાઈઝર ભાગ લેશે.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, રોટરી–લાયન્સ કલબ, વિવિધ શાળાઓના ટ્રસ્ટીઓ/આચાર્યો, આઈએમએ,આઈએપી, બીએસએનએલ, ગુજરાત ગેસ કું.,દક્ષિણ ગુજરાત વિજ કું. તથા ટોરેન્ટ પાવર, સુમુલ ડેરી તથા સ્થાનિક વર્તમાન પત્રો/ ચેનલો  તરફથી પણ આ કાર્યક્રમ અંતર્ગત સાથ સહકાર મળી રહયો છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...........
તા...../૦૭/૨૦૧૮



શ્રી સ્વામીનારાયણ સ્કુલ, રાંદેર, સુરત ખાતે દિપ પ્રાગટય કરી મિઝલ્સ–રૂબેલા વેકસીનેશન કેમ્પેઈનનો શુભારંભ કરતા મેયરશ્રી જગદીશભાઈ પટેલ, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી રમણભાઈ પરમાર, મ્યુનિસીપલ સદસ્ય શ્રી દિગ્વીજયસિંહ બારડ, શ્રીમતિ વૈશાલીબેન શાહ તથા શાળાના ટ્રસ્ટીશ્રી દ્રશ્યમાન છે.

૨૪૭

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૬/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સુરત મહાનગર પાલિકાનાં વીબીડીસી વિભાગ દ્વારા લિંબાયત ઝોનનાં નવાગામ ડિંડોલી યુનિટના વિસ્તારમાં તા.૧૬/૦૭/૧૮ના રોજ  ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ભંગાર વાળા ને ત્યાં બ્રિડીંગ મળતા ૪,૦૦૦/– વહિવટીખર્ચ તથા વાલેચા એન્જીન્યરીગ સી આર પાટીલ રોડ ડિંડોલીમાં બ્રિડીંગ મળતા ૧૦,૦૦૦/–  અને લિંબાયત યુનિટના મહાપ્રભુનગરમાં માઉન્ટ મેરી મીશન સ્કુલમાં ચાલુ બાંધકામ હોય ૭૦૦૦/– વહીવટી ખર્ચ મળીને કુલ ૨૧,૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર  ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ

હવાચુસ્ત  ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ  કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

**૨૪૮**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ  વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

કતારગામ ઝોનઃ–

કતારગામ ઝોનમાં ૧૨૦ ચો.મી. રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ. ૫(પાંચ)  ડિવોટરિંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ, ૧૦૦ ચો.મી. માટી / કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૨ (બે) વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે.

ઉધના ઝોનઃ–

ઉધના ઝોનમાં ૧૩૨૫ ચો.મી. રોડ પર ખાડાઓનું મીક્ષ મટીરીયલથી પેચવર્ક કરાવેલ,૧૫ કાચી ગટર ખોદી પાણીના નિકાલ કરેલ,૧ ડીવોટરીંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ,૨૨૧૦ ચો.મી. માટી કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૫૯૧૨ વરસાદી  જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ.૪૯૯૩ ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરેલ,

રાંદેર ઝોનઃ–

રાંદેર ઝોનમાં ૫ સ્થળોએ રોડ પર /જાહેર સ્થળેથી ભરાયેલા પાણીનો નિકાલ કરેલ,૮૭.૫ રનીંગ મીટર રોડ પર પડેલ ખાડાનું રબર/મેટલથી ખાડા પુરી લેવલીંગ કરેલ,૩૫ કાચી ગટર ખોદી પાણીનો નિકાલ કરેલ,૮વરસાદી જાળીયાની સફાઈની કામગીરી કરેલ છે.

વરાછા ઝોનઃ–

વરાછા ઝોનમાં ૫૫૫ ચો.મી. રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરેલ, ૨૦ રનીંગ મીટર કાચી ગટર ખોદી પાણીનો નિકાલ કરેલ ,૩૪૦ ચો.મીટર માટી/કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૧૬૫ લારી /ગલ્લાનું દબાણ  દુર કરેલ છે.ગંદા પાણીના ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

૨૪૯

## :: પ્રેસનોટ ::

## સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા તથા તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

વિષય : સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ યોજાનાર નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા તથા તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૮/૦૭/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ધોરણ ૯ થી ૧૨ની નિબંધ સ્પર્ધા તથા બપોરે ૧૨.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી, સીટીલાઈટ, સુરત ખાતે તથા તા.૧૯/૦૭/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી ખાતે યોજાનાર નિબંધ સ્પર્ધા અને માઉન્ટબોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાના સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા તથા નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા નિમંત્રણ છે.

૨૫૦

**:પ્રેસનોટઃ**

**હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગચાળા ની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ રહે તે મુજબ પૂર્વઝોન (વરાછા) ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા આદરેલી ઝૂંબેશની અખબારી યાદી :–**

---

ચોમાસાની ઋતુ દરમ્યાન વરસાદી પાણીના ભરાવાને કારણે મચ્છરજન્ય ઉત્પતિ સ્થાનો ખૂબ જ વધવા પામે છે. આવાં ઉત્પતિ સ્થાનો દૂર કરવા અને જાહેર જનતામાં જન જાગૃતિ આવે તેવાં પ્રકારની કામગીરી હાથ ધરવાં મે. કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવેલ સૂચનને ધ્યાને લઈને પૂર્વઝોન (વરાછા) ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કુલઃ–૨૦૦૨૭ ઘરોમાં સર્વેની કામગીરી હાથ ધરી ૧૩૫ બ્રિડીંગોનો નાશ કરવામાં આવેલ છે. અને ૪૨ ઈસમોને નોટિશ આપેલ છે. ઉપરાંત જે–તે સ્થાનિક રહીશોના ધાબાં ઉપર વરસાદી પાણીનો ભરાવો થયેલ હોય તેવાં ૮૧૯ ધાબાંની સફાઈ કરાવવામાં આવેલ છે.

વધુમાં ૩૯૧ સોસાયટીના પ્રમુખોની મિટીંગ યોજીને સ્થાનિક રહીશો દ્વારા ધાબાં ઉપર પડેલ નકામા ભંગારનો નિકાલ કરવા તેમજ ડ્રમ, કેરબા અને ટાંકીઓને અઠવાડીક સફાઈ કરવા જાગૃત કરવામાં આવેલ છે. તેમજ ૧૯ બાંધકામોમાં સર્વે કરતાં મચ્છરજન્ય પરિસ્થિતિ ઉત્પન્ન કરતાં ૦૬ ઈસમો સામે રૂ.૧૭,૧૦૦/– વહીવટી પરચૂરણ ખર્ચ વસૂલાત કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેલ છે.

આથી તમામ બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધ ઘર, કોર્મશીયલ ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ મિલકતોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે– તે બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધ ઘર, કોર્મશીયલ માં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસૂલાત ખર્ચ વસૂલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

૨૫૧

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ  વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વરાછા ઝોનઃ–

વરાછા ઝોનમાં ૧૨  રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૬ માટી/કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરવામાં આવેલ,૪૮૦ વરસાદની જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૪૫ સ્ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરેલ,૬૦ લારી /ગલ્લાનું દબાણ  દુર કરવામાં આવેલ છે.

ઉધના ઝોનઃ–

ઉધના ઝોનમાં ૧૨૦૫ ચો.મી. રોડ પર ખાડાઓનું મીક્ષ મટીરીયલથી પેચવર્ક કરવામાં આવેલ,૪ કાચી ગટર ખોદી પાણીના નિકાલ કરવામાં આવેલ,૧ ડીવોટરીંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ,૧૧૯૫ ચો.મી. માટી કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરવામાં આવેલ,૪૩૨ વરસાદી  જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૧૯૦ સ્ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરવામાં આવેલ,૩ લારી/ ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ છે.

કતારગામ ઝોનઃ–

કતારગામ ઝોનમાં ૭૮૭ ચો.મી.રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૧ કાચી ગટર ખોદી પાણીની નિકાલ કરવામાં આવેલ,૫ ડિવોટરિંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરવામાં આવેલ,૧૦૦૦ ચો.મીટર માટી / કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરવામાં આવેલ,૨૭ વરસાદી જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ છે.

૨૫૨

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૮/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન(ઉધના) પાંડેસરાયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા આશાનગર પ્લોટ નં–બી/૧૯૧ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦૦૦/– વહીવટી ખર્ચ,ઉધનાયુનિટમાં આવતી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીસમાં બાંધકામમાં અને ખુલ્લા પ્લોટ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૫૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ

છે. બમરોલીયુનિટમાં આવતા જયઅંબેનગર અને સુખીનગરમાં બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે,ભેસ્તાનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા પ્રમુખપાર્ક ઈન્ડસ્ટ્રીયલ માં ખુલ્લા પ્લોટ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.આમ, સાઉથઝોન(ઉધના) વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૩૩૨૬ ઘરોમાં ૩૪૪૦૧ સ્પોટ સર્વે કરી કુલ **૧૭૩** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૧૧૦૦૦/– ~. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૨૪ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટઝોનમાં તા. ૧૮/૦૭/૨૦૧૮ ના રોજ ગોડાદરા યુનિટ દ્વારા રાજ ટેક્ષ્ટાઈલ માર્કેટ માં ૧૦૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવમાં આવલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**૨૫૩**

# <u>પ્રેસનોટ</u>

**સરકારશ્રીનાં જીવલેણ એવા શીતળા નાબુદી રસીકરણ અભિયાનના ભાગરૂપે સને ૧૯૭૯ થી આ શીતળાનો રોગ સંપૂર્ણ નાબુદ થયેલો છે. જેનાં આપ વાલી/વડીલો/શિક્ષકો–સાક્ષી છો. જયારે આવા જ પોલીયો નાબુદી અભિયાનમાં પણ આપ વાલી/વડીલોશ્રીના સહયોગથી જ ભારત દેશને ૨૦૧૬ થી પોલીયો મુકત જાહેર કરવામાં આવેલ છે.**

આ મીઝલ્સ–રૂબેલા રસીકરણ કેમ્પેઈન પણ આ જ દિશામાં સને ૨૦૨૦ સુધીમાં મીઝલ્સ નાબુદી અને રૂબેલા નિયંત્રણના ધ્યેયના ભાગરૂપે તા.૧૬/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેનાં પ્રથમ ત્રણ દિવસમાં શહેરની કુલ ૨૫૩ પ્રતિષ્ઠિત ખાનગી/સરકારી શાળાઓમાં તાલીમબધ્ધ મેડીકલ ઓફીસરની નિગરાની હેઠળ રસીકરણની કામગીરી હાથ ધરી **કુલ ૮૪૦ સેશનમાં ૧,૦૫,૫૭૪ બાળકોને આ મીઝલ્સ–રૂબેલાની રસી આપી સુરક્ષિત કરવામાં**

**આવેલ છે. આમ, કુલ એક લાખથી વધુ બાળકોને આ ત્રણ દિવસ દરમ્યાન રસી આપ્યા બાદ કોઈપણ બાળકને આડ અસર થયેલ નથી. જેથી, આ રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે.**

ઉપરોકત કામગીરી જોતાં શહેરના જાગૃત વાલીઓ તથા શાળાના શિક્ષકગણ દ્વારા સારો પ્રતિસાદ મળી રહયો છે. વધુમાં, આ રસી સંદર્ભે કોઈ **ખોટી અફવા/ભ્રામક વોટસએપ મેસેજ/સમાચારથી ગેરમાર્ગે ન દોરવાઈ જઈ** આપના બાળકને આ રસી અપાવી સરકારશ્રીનાં મીઝલ્સ–રૂબેલા રસીકરણ અભિયાનમાં શિક્ષકો/વાલીઓ બહોળી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અમુલ્ય યોગદાન આપે તે માટે સુરત મહાનગરપાલિકા તરફથી નમ્ર અપીલ કરવામાં આવે છે.

આ અભિયાન દરમ્યાન ૯ માસથી ૧૫ વર્ષ સુધીનાં તમામ અંદાજે ૧૩,૧૫,૫૦૦ જેટલાં બાળકોને તા.૧૯/૦૮/૨૦૧૮ સુધી આ રસી આપવામાં આવનાર છે. જેમાં શરૂઆતનાં ૧૫ દિવસમાં તમામ શાળાઓ આવરી લેવામાં આવશે. ત્યાર બાદ વિસ્તારમાં નકકી કરવામાં આવેલા સ્થળઓએ સેશન યોજી શાળામાં બાકી રહેલા અને શાળાએ ન જતા બાળકોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત શહેરની હંગામી મજૂર વસાહતો,પેરી અર્બન એરીયા,સ્લમ તથા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર,કન્સ્ટ્રકશન સાઈડ,કડીયા નાકા,ધાર્મિક સ્થળો, ઓવર બ્રિજ નીચે તથા નદી કિનારા વિગેરે સ્થળોએ મોબાઈલ ટીમો મારફતે કામગીરી કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નિયત કરવામાં આવેલ કુલ ૪૮ શહેરી આરોગ્ય કેન્દ્રો પરથી પણ દરરોજ આ રસીકરણ કાર્યરત છે.

**નોંધ :– નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના બાળકને અગાઉ " મીઝલ્સ–રૂબેલા " ની રસી અપાવી હોય તો પણ આ અભિયાન દરમ્યાન આ રસી જરૂરથી અપાવી રક્ષિત કરશો.**

**ચાલો આપણે સૌ સાથે મળી**

**મીઝલ્સને નાબુદ અને રૂબેલાને નિયંત્રીત કરીએ.....**

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૧૮/૦૭/ ૨૦૧૮

**પૂર્વ(વરાછા)ઝોનના પુણા–સીમાડા વિસ્તારમાં ડીમોલીશની કામગીરી બાબત.**

- ટી.પી.સ્કીમ નં.૨૦(પુણા), ફા.પ્લોટ નં.૧૬, બ્લોક નં.૫૦૦ માં આવેલ માન સરોવર સ્કુલના બીજા માળ પર સ્લેબ તથા ચણતર સહિતનું આશરે ૧૦૪.૦૦ ચો.મી. ના માપ વિસ્તારમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરી, રૂા.૪૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવ્યા.
- મોજે સીમાડા, બ્લોક નં.૧૫૭ માં આવેલ જય ભવાની સોસાયટીના સબ પ્લોટ નં.૧૨૬ ના ગ્રાઉન્ડ ફલોરની રેસી.મિલ્કતમાં કોમર્શીયલ ઉપયોગ કરવા શટર નંગ–૧ (એક) ફીટ કરેલ.જે કાઢી જપ્ત કરવામાં આવ્યુ.

ઉકત કામગીરી મે.એડી.સીટી ઈજનેરશ્રી(સિવીલ) તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી (બી) ની સૂચના મુજબ શહેરી વિકાસના સ્ટાફ તથા સીકયુરીટીના માર્શલ સહિત પાર પાડવામાં આવેલ.

તા.૧૮/૦૭/૨૦૧૮

પૂર્વ(વરાછા)ઝોન

કાર્યપાલક ઈજનેર,

પૂર્વ(વરાછા)ઝોન

સુરત મહાનગરપાલિકા

૨૫૫

## :: પ્રેસનોટ ::

### સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધા અને માઉન્ટ બોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા

વિષય : સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ યોજાયેલ નિબંધ સ્પર્ધા અને માઉન્ટ બોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૮/૦૭/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધા તથા બપોરે ૧૨.૦૦ કલાકે ૧૮ વર્ષથી ઉપરના ખુલ્લા વિભાગની માઉન્ટ બોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર આર્ટ ગેલેરી, સીટીલાઈટ, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. સુરત શહેરના પ્રથમ નાગરિક એવા ડૉ.જગદીશ પટેલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી સ્પર્ધાની શરૂઆત કરી હતી. નિબંધ સ્પર્ધામાં સ્થળ ઉપર જ આપવામાં આવેલ તાપી તટે સુરત, તાપી બચાવો અભિયાનમાં આપનું મંતવ્ય, તાપી શુધ્ધિકરણમાં મારું યોગદાન, તાપી નદીની આત્મકથા, પાણી બચાવો વિષય પર ૨૦૪ જેટલા વિદ્યાર્થીઓએ નિબંધ લેખન કર્યું હતું. જયારે માઉન્ટ બોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધામાં ૨૫ કલાકારોએ તાપી જળકુંભી પ્રદુષણ નાશ અભિયાન, મારી કલ્પનાનું તાપી તટે સુરત, તાપી તટે તાપી નદીની પૂજા અર્ચના, તાપી નદીમાં હોડી સ્પર્ધા વિષય પર પોતાની કલ્પનાશકિત મુજબ સુંદર ચિત્રોનું સર્જન કર્યું હતું. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ જાહેર થયું હતું.

### :: નિબંધ સ્પર્ધાનું પરિણામ ::

| વિજેતા ક્રમ | વિજેતાનું નામ | શાળાનું નામ |
|---|---|---|
| પ્રથમ | રાણા કશ્યપ ચિત્રાંગ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ |
| દ્વિતીય | વાળા કોમલ હિંમતભાઈ | રામકૃષ્ણ વિદ્યાભવન |
| તૃતીય | બલદાણીયા પ્રિયંકા ગદાભાઈ | જ્ઞાનગંગા ગ્લોબલ સ્કૂલ |
| આશ્વાસન વિજેતા | શેખડા અવની રમેશભાઈ | રામકૃષ્ણ વિદ્યાભવન |
| | વંડરા ખુશી પ્રવિણભાઈ | રામકૃષ્ણ વિદ્યાભવન |
| | પાટીલ હેમલતા શાંતારામ | સુમન હાઈસ્કૂલ નં.૮ |
| | શેખ આતીફા ઈમરાન | અંબાબા હરિપુરા ગર્લ્સ હાઈસ્કૂલ |
| | કચરિયા સાહિલ ત્રિકમભાઈ | સુમન હાઈસ્કૂલ નં.૩ |

### :: માઉન્ટ બોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાનું પરિણામ ::

| વિજેતા ક્રમ | વિજેતાનું નામ |
|---|---|
| પ્રથમ | ભાવિકા રાજેષકુમાર ગોહિલ |
| દ્વિતીય | આશિષ રાજેન્દ્રભાઈ પટેલ |
| તૃતીય | ભીખુભાઈ એમ.રાઠોડ |
| આશ્વાસન વિજેતા | હીરાલાલ જી.ગોહીલ |

નિબંધ સ્પર્ધા અને માઉન્ટ બોર્ડ પેઈન્ટીંગ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, ડ્રેનેજ સમિતિ અધ્યક્ષા શ્રીમતી સુધાબેન નાહતા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ અધ્યક્ષા શ્રીમતી રમીલાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, શિક્ષકો, વાલીઓ તથા પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

સુરત મહાનગરપાલિકા દ્વારા સુર્યપુત્રી તાપી નદીની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૯/૦૭/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, જુની કોર્ટ સામે, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે નાવડી ઓવારા ખાતે યોજાનાર તાપીમાતાની આરાધના કાર્યક્રમના પાવન પ્રસંગે શહેરના નગરજનોને સહભાગી થવા નિમંત્રણ છે.









૨૫૬

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વરાછા ઝોનઃ–

વરાછા ઝોનમાં ૨૩ ચો.મી. રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૧ કાચી ગટર ખોદી પાણીનો નિકાલ કરેલ ,૪ ચો.મી. માટી/કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૪૮૦ વરસાદની જાળીયાની સફાઈની કામગીરી કરેલ,૪૫ સ્ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરેલ,૬૬ લારી /ગલ્લાનું દબાણ દુર કરવામાં આવેલ છે.

**કતારગામ ઝોનઃ–**

**કતારગામ ઝોનમાં ૧૩ ચો.મી. રોડ ૫૨ ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૩ ડિવોટરિંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ,૧૮ ચો.મી. માટી / કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૩૫ વરસાદી જાળીયાની સફાઈની કામગીરી કરાવામાં આવેલ,૨ સ્ટ્રોર્મ ડ્રેઈનનાં મેનહોલની સફાઈ કરેલ છે.**

**૨૫૭**

## <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિત વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭ થી દર વર્ષે જુદા–જુદા ઝોન વિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭ થી

૨૦૧૭ દરમ્યાન કુલ ૧૪૮ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે. સને ૨૦૧૮માં કુલ ૧૨(બાર) મેડીકલ કેમ્પોનુ આયોજન કરવામાં આવેલ છે. જેમા પ્રથમ મેડીકલ કેમ્પ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ હતો.આ કેમ્પ માં લોકો તરફથી સારો એવો પ્રતિસાદ મળ્યો હતો.

બીજો **વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર મેડીકલ કેમ્પ** તા.૨૧/૦૭/૨૦૧૮ને શનિવારનાં પુણા–સીમાડા શહેરી આરોગ્ય કેન્દ્ર,માન સરોવર રાજ મંદિરસોસાયટીની સામે,યોગી ચોક વરાછા, સુરત ખાતે હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાત મંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્ય વિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# પ્રેસનોટ

## જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ અંગે સુચના.

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમા જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૨૫/૦૭/૧૮ થી તા.૨૯/૦૭/૧૮ સુધી નીચે જણાવેલ બાગોમાં બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| | સેન્ટ્રલ | | |
| 1 | ગાંધીબાગ– ચોક | 2 | કવિશ્રી જંયત પાઠક ક્રિડાંગણ સગરામપુરા |
| 3 | સ્નેહ મિલન બાગ – ટીમલીયા વાડ | | |
| | વેસ્ટ | | |
| 4 | નેતાજી સુભષચંદ્રબોઝ ઉધાન–રાંદેર | 5 | મોરારજીભાઈ દેસાઈઉધાન–અડાજણ |
| 6 | જયોતિન્દ્ર દવે ઉધાન–જોગાણી નગર | 7 | સોમેશ્વર મહાદેવ બાગ–પાલ |
| 8 | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઉધાન રાંદેર | 9 | અડાજણ ચિલ્ડ્રન પાર્ક, ન્યુ રાંદેર ઝોન ઓફિસ રોડ |
| 10 | કવિ કલાપિ ગાર્ડન, અડાજણ ગામ | 11 | રોઝ ગાર્ડન, જહાંગીરપુરા |
| 12 | એકઝોરા ગાર્ડન, શ્રેણીકપાર્ક સોસાયટી | 13 | પામ ગાર્ડન, રાજહંસ એપલની પાછળ, પાલનપુર |
| 14 | કવિશ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ) બોટનિકલ ગાર્ડન | 15 | પાલ લેક ગાર્ડન, ગેલેક્ષી સર્કલ લીનીયર વોક વે પાસે, પાલ ગામ |
| 16 | પાલનપુર લેક ગાર્ડન, પાલનપુર ફાયર સ્ટેશનની પાછળ, | | |
| | સાઉથ વેસ્ટ | | |
| 17 | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | 18 | સિધ્ધરાજ જયસિંહ સોલકી ઉધાન અલથાણ |
| 19 | જવાહરલાલ નહેરુ ઉધાન અઠવાલાઈન્સ | 20 | મહારાજા અગ્રેસન ઉધાન–સીટી લાઈટ |
| 21 | સરોજીની નાયડુ ઉધાન–ઉમરા | 22 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક, ઉમરા |
| 23 | સ્વામી વિવેકાનંદ ઉધાન–જીવકોરનગર | 24 | શ્રી ગૌરીશંકર જોષી ઉધાન, વેસુ ટાંકીની બાજુમાં |
| 25 | ખજોદ લેક ગાર્ડન, ખજોદ ગામ | 26 | મકરંદ દવે ઉધાન, માનસરોવર બંગ્લોઝની સામે, ભીમરાડ |
| 27 | ટી.પી.૧૩ (ભરથાણા–વેસુ), એફ.પી.નં.૩૫,૧૮૦ અને ૧૮૧ ખાતે આવેલ લેક ગાર્ડન, વી.આઈ.પી. રોડ, મનભરી ફાર્મની પાછળ | | |
| | સાઉથ | | |
| 28 | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉધાન ઉધના | 29 | સ્વ. શ્રી નવિનચંદ્ર મફતલાલ ઉધાન – ભેસ્તાન |
| 30 | ઉમીયામાતા ઉધાન,ખરવરનગર | 31 | ઉન લેક ગાર્ડન, ઉન ગામ |
| 32 | ખટોદરા લેક ગાર્ડન, ખટોદરા બી.આર.ટી.એસ.રૂટ પાસે | | |
| | સાઉથ ઈસ્ટ | | |
| 33 | મહર્ષી આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા ગામતળ | 34 | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ ઉધાન, કરાડવા રોડ, ડીંડોલી |
| 35 | ડીંડોલી છઠ સરોવર ગાર્ડન, ડીંડોલી ગામ | 36 | ટી.પી.નં.૬૧ (પરવટ–ગોડાદરા) એફ.પી.નં.આર – ૩૪, વિનાયક હાઈટસની સામે, |
| | ઈસ્ટ | | |
| 37 | મહારાણા પ્રતાપ ઉધાન –વરાછા | 38 | પૃષ્ટિ ઉધાન, – મગોબ |
| 39 | ઝવેરચંદ મેધાણી ઉધાન – વરાછા | 40 | શહીદ વીર ભગતસીંહ ઉધાન ત્રિકમ નગર |
| 41 | મોટા વરાછા લેક ગાર્ડન, સુદામા ચોકની બાજુમા | 42 | ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ), ફા.પ્લોટ નં.૧૩૩ (આર–૭), લેન્ડમાર્ક ટેક્ષટાઈલ્સ માર્કેટ પાછળ, મોર્ડન ટાઉનશીપ પાસે |
| 43 | જયુબીલી લેક ગાર્ડન, કબ્રસ્તાન પાસે, મોટા વરાછા ગામ | | |
| | નોર્થ | | |
| 44 | વીર સાવરકર ઉધાન – કતારગામ | 45 | ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| 46 | પ્રેમાનંદ ઉધાન – સીંગણપોર | 47 | કોસાડ લેક ગાર્ડન, કોસાડ ગામ |

| | | | |
|---|---|---|---|
| 48 | ઉત્રાણ લેક ગાર્ડન , ઉત્રાણ ગામ | 49 | સંત શ્રી તુકારામ ઉદ્યાન, ગોવિંદજી હોલ પાસે, ડભોલી |
| 50 | ફ્રેગરન્સ ગાર્ડન, પ્લેટીનમ પાર્કની સામે, કતારગામ | 51 | 'ડભોલી લેક ગાર્ડન' ડભોલી ગામ પાસે |

**૨૫૯**

# :: પ્રેસનોટ ::

## ''સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા **તા.૨૧/૦૭/૨૦૧૮**ને શનિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **માધ્યમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા** અને સવારે ૧૧.૦૦ કલાકે **પ્રાથમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા**નું આયોજન સ્વામી વિવેકાનંદ ઓડિટોરીયમ, ટી.પી. નં.૮, ફા.પ્લોટ નં.૪૧, ન.પ્રા.શાળા કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા, સુરત ખાતે કરવામાં આવેલ છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

૨૬૦

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

## <u>એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન</u>

**વૃક્ષારોપણને વધુ વેગ મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજનાનો શુભારંભ** ૫ મી જુનથી કરવામાં આવેલ છે. જેનો નગરજનો ૧૫મી સપ્ટેમ્બર સુધી લાભ લઈ શકશે. સદર યોજનાનો લાભ લેવા માટે **૫૧૯૬૯ ૫ર GJ<space>SMC<space>GREENSURAT** ૫ર મળેલ સંદેશા મુજબ સુરત શહેર હદ વિસ્તારમાં જે તે ઝોનમાં ખાનગી જમીનો ઉ૫ર વૃક્ષોના રોપાનું રોપાણ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ કરવામાં આવેલ ટ્રી–પ્લાન્ટેશન મોટા વૃક્ષમાં પરિણમે (૧૫ થી ૨૦ ફુટની ઉચાઈનું થાય ત્યાં સુધી) ત્યાં સુધી તેની માવજત કરવા એસ.એમ.એસ. કરનાર પાસેથી વૃક્ષો ઉછેર અને સંરક્ષણ કરવાની જવાબદારી અંગે લેખિત બાહેંધરી પત્ર લેવામાં આવે છે. તા.૧૬/૦૭/૧૮ સુધીમાં ગાર્ડન વિભાગને મળેલ કુલ ૯૨૪ ઓનલાઈન એપ્લીકેશન પૈકી **૭૦૨** ઓનલાઈન એપ્લીકેશન કરનારનો સંપર્ક કરી કુલ **૨૫,૦૮૭** વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન સુ.મ.પા.ના ગાર્ડન વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. સુરત શહેરમાં વધુમાં વધુ વૃક્ષારોપણ થાય

તે માટે અને પર્યાવરણ જાળવણીમાં યોગદાન આપવા માટે નગરજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી.

૨૬૧

| | | |
|---|---|---|
| | સુરત મહાનગર પાલિકા<br>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી<br>અખબારી યાદી | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૧૯/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન પાંડેસરા યુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા ગાંધીકુટીર પ્લોટ નં–૦૩ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૨૦૦૦, ઉન યુનિટનાં

કાર્યવિસ્તારમાં આવતા યુવરાજનગરમાં ભંગારવાલા પાસે નકામા ભંગારમાં મોસ્કીટો બ્રિડીંગ મળી આવતા કુલ રૂ.૨૦૦૦,બમરોલીયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા રામેશ્વરનગર પ્લોટ નં–૨૦૫ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦૦૦, ભેસ્તાનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા પ્રમુખપાર્ક ઈન્ડસ્ટ્રીયલ માં ખુલ્લા પ્લોટ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૦૦૦,પાંડેસરાયુનિટ અને બમરોલીયુનિટમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ ૩૨ વ્યકિતઓને આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપી જેના અનુસંધાનમાં કોંર્ટ ફરીયાદ મુકી ૩૨ ઈસમો પાસે કુલ રૂ.૩૨૦૦,ભેસ્તાનયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતા સાંઈપ્રમુખ રો. હાઉસ માં કુલ ૭૦ ખુલ્લા પ્લોટ માં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા રૂ.૧૦૦૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૩૮૨૩ ઘરોમાં ૩૪૧૬૬ સ્પોટ સર્વે કરી કુલ ૧૭૬ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૧૯૦૦૦/– રૂ. વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૫૮ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટઝોનમાં તા. ૧૯/૦૭/૨૦૧૮ ના રોજ ગોડાદરા યુનિટ દ્વારા ઋતુરાજ બાંધકામ માં ૧૦૦૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ કરેલ છે.

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

૨૬૨

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

મે.એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) સેન્ટ્રલ ઝોન તથા કાર્યપાલક ઈજનેરશ્રી (દક્ષિણ) ની સીધી સુચનાથી સેન્ટ્રલ ઝોનના રૂદરપુરા, માછીવાડ ખાતે આવેલ વોર્ડ નં.૦૨, નોંધ નં.૨૫૦૩ વાળી ગ્રા.ફલોર + પાંચ માળની મિલ્કતમાં મંજુર પ્લાન વિરૂધ્ધ એલાઈમેન્ટ તથા માર્જીનમાં અનઅધિકૃત રીતે બાંધવામાં આવેલ પ્રોજેકશન વિગેરે દુર કરવાની કામગીરી શહેર વિકાસ ખાતાના ડે.ઈજનેર–૦૧, આસી.ઈજનેર/જુ.ઈજનેર–૦૮, સુપરવાઈઝર–૦૨, વાયરમેન–૦૧ તથા અઠવા પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ હાથ ધરવામાં આવેલ. સદર ડીમોલીશનની કામગીરીમાં ૫૦ ચો. ફુટ

આર.સી.સી. સ્લેબ તેમજ ૮૫૦ ચો. ફુટ ચણતર–પ્લાસ્ટરવાળી દિવાલનું ડીમોલીશન કરવામાં આવેલ. અનઅધિકૃત બાંધકામ બાબતે મિલ્કતદારને અત્રેથી વારંવાર નોટીસો પાઠવી ગેરકાયદેસર બાંધકામ દુર કરવા સુચનાઓ આપેલ તેમજ તેઓને રૂબરૂ સાંભળીને પણ વખતોવખત જાણ કરવા છતાં તેઓ તરફથી સ્વેચ્છિક ડિમોલીશન કરવા કે બાંહેધરી પણ આપવા તૈયાર ન હોવાથી ઉકત ડિમોલીશનની કામગીરી પોલીસ સ્ટાફ સાથે સફળતા પૂર્વક પાર પાડેલ.

૨૬૩

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ  વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

વરાછા ઝોનઃ—

વરાછા ઝોનમાં ૧૨ ચો.મી. રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૧૫ ચો.મી. રોડ પર ખાડાઓનું ડામરથી પેચવર્ક કરવામાં આવેલ,૧૫૦ ચો.મી. માટી/કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૫૫૭ વરસાદની જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૬૦ સ્ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરેલ,૯૩ લારી /ગલ્લાનું દબાણ  દુર કરવામાં આવેલ છે.

કતારગામ ઝોનઃ—

કતારગામ ઝોનમાં ૬૪૧ ચો.મી.રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ,૪ ડિવોટરિંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ,૧૨૪૫ ચો.મી. માટી / કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૨૦ વરસાદી જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૨ સ્ટ્રોર્મ ડ્રેઈનનાં મેનહોલની સફાઈ કરવામાં આવેલ છે.

ઉધના ઝોનઃ—

ઉધના ઝોનમાં ૧૨૦૦ ચો.મી. રોડ પર ખાડાઓનું મીક્ષ મટીરીયલથી પેચવર્ક કરવામાં આવેલ,૨૫ કાચી ગટર ખોદી પાણીના નિકાલ કરેલ,૧ ડીવોટરીંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ,૨૦૧૦ ચો.મી. માટી કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૪૭૪ વરસાદી  જાળીયાની સફાઈની કામગીરી કરવામાં આવેલ,૧૯૨ સ્ટોર્મ ડ્રેઈનના મેઈન હોલની સફાઈ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
::પ્રેસનોટ::

આજ રોજ તા.૧૯–૦૭–૨૦૧૮ ના યુનિસેફના ચીફ ઓફ ફીલ્ડ સર્વીસીસ,નવી દીલ્હીના ફરુગ ફૈયૂઝ, તથા યુનીસેફ ચીફ–ગુજરાતના ડો.લક્ષ્મી ભવાની તથા તેમની ટીમ દ્વારાશહેરીજનોના સામાજિકઉત્થાન ક્ષેત્રે મહાનગરપાલિકા દ્વારાથતી વિવિધ કામગીરીની ફીલ્ડ મુલાકાત લઈ જાણકારી મેળવેલ હતી. જેમાં સુરત મહાનગરપાલિકા દ્વારા બનાવેલ ઈ.ડબલ્યુ.એસ. કવાટર્સ, નગર પ્રાથમિક શાળા, આંગણવાડી, યુ.સી.ડી. વિભાગ તથા સ્માર્ટ સીટી હેઠળ થતી કામગીરીનું નિરીક્ષણ કર્યુ.

આ તબકકે મા.કમિશનરશ્રીની યુનીસેફના વડા સાથેની મિટિંગ દરમ્યાન યુનીસેફ ટીમે મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે સામાજિક ક્ષેત્રે થતી વિવિધ કામગીરીની પ્રશંસા કરી. મહાનગરપાલિકા દ્વારા માળખાકીય સુવિધાઓની સાથે જરૂરિયાતમંદ લોકોને સામજિક સુવિધાઓ હજી વધુ સારી અને સુદ્દઢ રીતે મળી રહે તે માટે સૂચન કર્યુ. ખાસ કરીનેસુરત મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત બનાવવામાં આવેલ ડેશબોર્ડમાં બાળકો અને કિશોરીઓનાઆરોગ્ય અને પોષણ ની માહિતી પણ મળી રહે તેવા પ્રયાસો કરવા જણાવ્યું. આ સાથે ટીમ દ્વારા સૂચન કરવામાં આવ્યું કે દર ત્રણ મહિને માતા, કિશોરી અને બાળકોના આરોગ્ય–પોષણ સુધરે તે માટે મહાનગરપાલિકા દ્વારામા.કમિશનરશ્રીના અઘ્યક્ષ સ્થાને એક કમિટિનું ગઠન કરવામાં આવે અને તેમાં મહાનગરપાલિકા દ્વારા થતી કામગીરી અને સૂચનોની ચર્ચા–વિચારણા કરવા જણાવ્યું. મા.કમિશનરશ્રીદ્વારા શહેરીજનો માટે મહાનગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી માળખાકીય તેમજ સામાજિક ક્ષેત્રે થતી કરવામાં આવતી કામગીરીની રૂપરેખા આપવામાં આવી. સુરત શહેર સ્માર્ટ સીટીમાં દેશમાં અવ્વલ નંબરે હોઈ તેના શહેરીજનોની આરોગ્ય–પોષણ તથા સામાજિક ક્ષેત્રે પણ આગળ રહે તેવા તમામ પ્રયાસો કરવામાં આવશે તથા આ અંગે યુનીસેફને મહાનગરપાલિકાના આ પ્રયાસમાં મદદરૂપ થવા જણાવ્યું.




.............................................

૨૬૫

## ''સુર્યપુત્રી તાપી માતા જન્મદિન ઉજવણી''

**વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે તા.૧૯/૦૭/૨૦૧૮ના રોજ યોજાયેલ તાપીમાતાની આરાધના કાર્યક્રમ**

ધરતી પરની સૌથી પૌરાણિક અને સુરત શહેરની ધરોહર એવી સુર્યપુત્રી તાપી નદીના જન્મદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા અષાઢ સુદ સાતમ તા.૧૯/૦૭/૨૦૧૮ને ગુરૂવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નાવડી ઓવારા, નાનપુરા, સુરત ખાતે મંગલદીપ પ્રગટાવી, તાપીમાતાની આરાધનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ''ગંગા સ્નાને, યમુના પાને, નર્મદા દર્શને, તાપી સ્મરણે'' આ પંકિતમાં તાપી માતાનું મહાત્મય વર્ણવતા કહ્યું છે કે, ગંગા નદીમાં સ્નાન, યમુનાના જળનું આચમન, અને નર્મદાના દર્શનથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તે પુણ્ય તાપીમાતાના સ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે. નદી એ માનવજાતને પાળતી પોષતી, સમૃધ્ધ કરતી અને સંસ્કૃતિનું સર્જન કરતી હોવાથી તેને માતાનો દરજ્જો મળ્યો છે. મધ્યપ્રદેશ સ્થિત સાતપુડા પર્વતમાળામાં બૈતુલ જિલ્લાના મૂલતાઈ નામના ગામ પાસેથી નીકળી સુરત શહેરના કિનારેથી અરબી સમુદ્રમાં વિલીન થતી અને સુરત શહેરને સદૈવ સમૃદ્ધ રાખનારી પુણ્ય સલિલા તાપી મૈયાના જન્મદિને શહેરના પ્રથમ નાગરિક મા.મેયર ડૉ.જગદીશ પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી વિનોદભાઈ મોરડીયા, ડે.મેયરશ્રી નિરવભાઈ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને ઉપસ્થિત નગરજનોના સાનિધ્યમાં સુરત શહેર માટે કલ્યાણકારી ભવિષ્યની વાંચ્છના સાથે દીપ પ્રગટાવી તાપી માતાની આરતી ઉતારી હતી. વૈદિક મંત્રોચ્ચાર સહ પૂજા અર્ચના કરી સુરતના વિકાસની નવી ઊંચાઈઓ પાર કરવા તાપી માતાના આશિષ વરસતા રહેશે તેવી પ્રાર્થના કરી હતી.



૨૬૬

# પ્રેસનોટ

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત** :–

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.૫૮(બમરોલી) ફા.પ્લોટ નં.૧૬/એ પૈકી પ્લોટ નં.૪૭ થી ૫૨ કર્મયોગી સોસાયટી–૩, બમરોલી, સુરતવાળી મિલકતના મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ

કુલ–૦૬ પ્લોટોમાં આશરે ૧૮૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં આર.સી.સી. તથા ચણતર કામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

(૨) મોજે ઉધના, ઉદ્યોગનગર સંઘ પ્લોટ નં.એ/૧૪/૧૭, રોડ નં.૮, ઉધના, સુરતવાળી મિલકતમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના બાંધકામ થયેલ હોવાનું જણાઈ આવેલ, જેથી સદરહું મિલકતદારોને અત્રેથી પરવાનગી વિના થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ આશરે ૧૦૫૦ ચો. ફૂટ માપવિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. બાંધકામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૫,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

(૩) ટી.પી.૬૩(વડોદ) ફા.પ્લોટ નં.૧૩૭/એ/બી માં આવેલ આર્શીવાદનગરના સોસાયટી રોડમાં મિલ્કતદાર ધ્વારા સુરત મહાનગરપાલિકાની પરવાનગી વિના કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામને આજરોજ તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ આશરે ૪૦૦ ચો. ફૂટ માપવિસ્તારમાં ચણતર કામ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે.

(૪) પાંડેસરા જી.આઈ.ડી.સી.માં પ્લોટ નં.૨૬૦/૨/અ/૨ વાળી મિલ્કતમાં પરવાનગી વિરૂધ્ધનું કરવામાં આવેલ કમ્પાઉન્ડ વોલનું આશરે ૧૦૦ ચો. ફૂટ માપવિસ્તારના બાંધકામને આજરોજ તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે.

૨૬૭

# પ્રેસનોટ

**મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૩/૦૭/૨૦૧૮ થી તા.૧૯/૦૭/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.**

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૯૫૬ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૯૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૭૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૩૦ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૫ |

૨૬૮

**<u>પ્રેસનોટ</u>**

**સુરત મહાનગર પાલિકા નાં સા.વે.ઝોન (અઠવા)ના વી.બી.ડી.સી.વિભાગીય વિસ્તારમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ''મેલેરીયા અને ડેંગ્યુ/ચિકનગુનિયા'' રોગ અટકાયત અભિયાન અંર્તગત આદરેલી સઘન ઝુંબેશમાં બાંધકામો તેમજ સંસ્થાઓ માંથી ક્ષતિઓ મળી આવતાં કુલઃ–૧૪ ઈસમો પાસે રૂા.૭૬,૭૦૦/– વસુલ લેવમાં આવેલ વહીવટી ખર્ચ બાબતની અખબારી યાદી :**

હાલમાં ચોમાસાની ઋતુને ધ્યાને રાખી સુરત શહેરમાં મચ્છર જન્ય રોગચાળાની પરિસ્થિતિ વકરે નહિં તે હેતુસર સાઉથ–વેસ્ટ (અઠવા) ઝોન છેલ્લા ત્રણ દિવસથી મચ્છર જન્ય પરિસ્થિતિના અટકાયતના ભાગરૂપે ઝોનનાં વી.બી.ડી.સી.વિભાગ દ્વારા જુદ જુદા વિસ્તારોમાં બાંધકામો અને સોસાયટીઓમાં ધનિષ્ઠ સર્વે દરમ્યાન મચ્છરની ઉત્પતિ / મચ્છરની ઉત્પતિ થવાની સંભાવનાં જોવા મળેલ હતી, તેવા સ્થળોએ જંતુનાશક દવા છંટકાવ કરાવવામાં આવેલ તેમજ અટકાયતીના ભાગરૂપી ઝુંબેશ હાથધરી સર્વેલન્સની કામગીરી માં ૧૩,૨૯૫ ઘરોમાં સર્વે કરી, ૮૩ જેટલા બ્રિડીંગ શોધી કાઢી નાશ કરાવવામાં આવેલ તેમજ ક્ષતિઓ મળી આવેલ સ્થળો પર ૧૦૧ જેટલી નોટીસ આપવામાં આવેલ, અને ૪૮૫ વ્યકિતઓનાં લોહીનાં નમૂના લેવામાં આવેલ. અઠવા ઝોન વિસતારમાં ઈસ્કોન મોલ, એનરોન નું બાંધકામ, ગ્રાન્ડેઝા રોયલનું બાંધકામ,ભરથાણાં, સીફોનીયા બાંધકામ વેસુ, ગવિયર વિસ્તારમાં આવેલ બાંધકામ તેમજ ભટાર રોડ પર આવેલ ઉમા ઈન્ડ, ઉમા સોસા., અંબાનગર, ગુરૂકૃપા સોસાયટી વિગેરે વિસ્તારમાંથી ક્ષતિઓ મળી આવતાં કુલઃ–૧૪ ઈસમો પાસેથી કુલઃ– ૭૬,૭૦૦/– રૂપિયા જેટલો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકા, વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન થાય અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનો નાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઈને વઘુમાં વઘુ કડક હાથે કાર્યવાહી હાથ ઘરવામાં આવશે તેની જાણ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તા.૨૦/૦૭/૧૮ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઘરે ઘરે સર્વે કરી મેલેરિયા સર્વેલન્સ, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે, એન્ટીલાર્વલ, ફોગીંગ, ટાયરો, કારબા, પીપડા તેમજ બિનવપરાશી કાટમાળનો નિકાલ, વહીવટી ખર્ચની વસુલાત, આરોગ્ય રક્ષણ સંબંધી નોટિસ ઈસ્યુ કરવી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન પાંડેસરાયુનિટમાં આવતા કલ્યાણકુટીર પ્લોટ નં–૨૬૫ એ/બી ના બાંધકામમાંપાણીભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૧૦૦૦સાઉથઝોન પાંડેસરાયુનિટમાં આવતા સીતાનગર પ્લોટ નં–૦૪ ના બાંધકામમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ જોવા મળતા કુલ રૂ.૫૦૦સાઉથઝોન ઉધનાયુનિટનાં કાર્યવિસ્તારમાં આવતી લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીસ માં પ્લોટ નં–૩૫/૩૭ના બાંધાકમમાં પાણી ભરાવો અને મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ રૂ.૨૫૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. ઉધનાયુનિટમાં મોસ્કીટો બ્રિડીંગ મળતા કુલ ૧૩ વ્યકિતઓને આરોગ્ય રક્ષણ સંબંધી નોટીસ આપી જેના અનુસંધાનમાં કોર્ટ ફરીયાદ મુકી ૧૩ ઈસમો પાસે કુલ રૂ.૧૩૦૦/– વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. સાઉથઝોન વિસ્તારમાંથી આજ રોજ ખાસ ઝુંબેશ અંતર્ગત કુલ ૧૩૬૪૭ ઘરોમાં ૩૩૪૪૩ સ્પોટ સર્વે કરી કુલ **૧૯૨** બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે.તેમજ ઝોન વિસ્તારમાંથી કુલ ૪૧૦૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે. તથા કુલ ૫૧ નોટીસ આપવામાં આવેલ છે.

સા–ઈસ્ટ ઝોનમાં તા. ૨૦/૦૭/૨૦૧૮ ના રોજ ગોડાદરા યુનિટ દ્વારા નીલંકઠ રેસીડેન્સી પર્વતગામ ટેકરા ફળીયામાં બાંધકામ માં ૫૦૦૦/– તેમજ અંબિકા એન્કલ્વ પર્વત ગામ કોળીવાડ

બાંધકામમાં૧૦૦૦૦/– તેમજ સાંઈકૃપા સોસાયટી પ્લોટ નં–૫૮ ના બાંધકામ માથી ૨૦૦૦/–વહીવટી ખર્ચ વસુલાત. તેમજ બ્રિડીંગ મળેલ હોય તેવા ઈસમને મોબાઈલ કોર્ટ કેશ માં મુકેલ કેશ –૧૦ (કોર્ટકેશ)લિંબાયત યુનિટ દ્વારા બ્રિડીંગ મળેલ હોય તેવા ઈસમને મોબાઈલ કોર્ટ કેશ સંખ્યા–૪ (કોર્ટ કેશ)લિંબાયત યુનિટ દ્વારા કમરૂનગર વિસ્તાર માં ખાડી ના પાણી ભરાયેલ હોય તે પાણી ઉતરી જતા ઈન્ટ્રાસર્વે ની કામગીરી કરાવેલ છે.ઉમરવાડા યુનિટ દ્વારા મીલેનીયમ બાંધકામ માં ૩૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરેલ છે.

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

**૨૭૦**

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકામાં આજરોજ વિવિધ ઝોનમાં વરસાદને ધ્યાને લઈ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

કતારગામ ઝોનઃ–

કતારગામ ઝોનમાં ૧૦૧૦ ચો.મી. રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરવામાં આવેલ. ૫(પાંચ) ડિવોટરિંગ પંપ ધ્વારા પાણીનો નિકાલ કરેલ, ૧૪૯૦ ચો.મી. માટી / કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ,૧ (એક) વૃક્ષ પડી ગયેલ જેનો નિકાલ કરવામાં આવેલ છે.

વરાછા ઝોનઃ–

વરાછા ઝોનમાં ૩૩૦ ચો.મી. રોડ પર ખાડાઓનું મેટલ પુરી લેવલીંગ કરેલ, ૨૦ ચો.મી. રોડ પર ખાડાઓનું ઠંડા ડામરથી પેચવર્ક કરાવેલ, ૩૨૦ ચો.મીટર માટી/કીચડનું સ્ક્રેપીંગ કરાવી રોડ ખુલ્લા કરેલ, ૧૭ ઝુપડા/પાથરણા દૂર કર્યા,૧૩ લારી /ગલ્લાનું દબાણ દુર કરેલ છે.ગંદા પાણીના ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

૨૭૧

**સુરત મહાનગરપાલિકા**
**યુ.સી.ડી. વિભાગ**
**અખબારી યાદી**

**સખીમંડળ દ્વારા ઉત્પાદિત કાપડની બેગનું માર્કેટમાં આવતા લોકો તથા વેપારીઓને વેચાણ**

યુસીડી વિભાગ, સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરી ગરીબ અને વંચિત પરીવારોને સન્માનજનક રોજગારી અને સ્વરોજગાર મળી રહે તે માટે કેન્દ્ર સરકાર પુરસ્કૃત દીનદયાલ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી આજિવીકા મિશન તેમજ સ્પેશ્યલ રોજગારલક્ષી કાર્યક્રમો ચલાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ બનાવવાના ભાગરૂપે વિવિધ અભિયાન હાથ ધરવામાં આવે છે. આ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્રારા સુરતને પ્લાસ્ટીકમુકત કરી પર્યાવરણ બચાવવાની ઝુબેશ હાથ ધરેલ છે. યુસીડી વિભાગ દ્વારા આ મિશનમાં સહભાગી થઈ શહેરીજનોને પ્લાસ્ટીક બેગનો વિકલ્પ મળી રહે તથા શહેરના ગરીબ બહેનોને રોજગારી મળી રહે તે આશયથી દીનદયાલ અંત્યોદય યોજના –રાષ્ટ્રીય શહેરી

આજિવીકા મિશન અંતર્ગત રચાયેલ સખીમંડળ/સ્વ–સહાય જુથ ધ્વારા "કોટન બેગ" તૈયાર કરવાની કામગીરી હાથ ઘરવામાં આવેલ છે.

"સ્વચ્છ સુરત" મિશન અંતર્ગત શહેરીજનોને પ્લાસ્ટીક બેગથી થતા નુકશાન તથા પ્લાસ્ટીક બેગના બદલે અન્ય ઈકોફ્રેન્ડલી વિકલ્પોના ઉપયોગ કરવા બાબતે વિવિધ વિસ્તારોમાં જાગૃતિ લાવવા યુસીડી વિભાગ, આરોગ્ય વિભાગ તથા સખીમંડળો ધ્વારા "જાગૃતિ કાર્યક્રમ" નું આયોજન કરવામાં આવ્યુ છે. આજરોજ તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ ડે. કમિશનર(હેલ્થ અને હોસ્પીટલ) શ્રી ડો. આશિષભાઈ નાયક તથા આસી. કમિશનર ડો. ગાયત્રીબેન જરીવાલાનાં માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ – સેન્ટ્રલ ઝોન તથા યુસીડી વિભાગના કર્મચારીઓ તેમજ સખીમંડળના સભ્યો ધ્વારા ભાગળ શાકમાર્કેટમાં દુકાનદારોને તેમજ આ માર્કેટમા આવતા શહેરીજનોને શહેરમાં સ્વચ્છતા તથા પર્યાવરણ સંરક્ષણ માટે બાબતે જાગૃત કરવા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવેલ હતુ. આ કાર્યક્રમમાં આ માર્કેટના વેપારીઓને તથા ગ્રાહકોને પ્લાસ્ટીક બેગના સ્થાને કોટન બેગનો ઉપયોગ કરવા સમજાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં સખીમંડળ દ્વારા ઉત્પાદિત ૪૦૦ જેટલી વિવિધ સાઈઝની કાપડની બેગનું માર્કેટમાં આવતા લોકો તથા વેપારીઓને વેચાણ કરેલ. કાપડની બેગની ખરીદીમાં આમ શહેરીજનો તરફથી પણ ખુબ સારો પ્રતિસાદ મળેલ હતો. લોકોના કાપડની બેગ ખરીદી માટેના હકારત્મક પ્રતિસાદને જોઈ સખીમંડળો પણ આ કામગીર માટે વધુ પ્રેરીત થયેલ છે.







૨૭૨

# પ્રેસનોટ

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

સાઉથ ઝોન(ઉધના)ના એડી. સીટી ઈજનેર(સી) તથા ઝોનલ ચીફશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન(ઉધના) સમાવિષ્ટ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. જેની વિગત નીચે મુજબ છે.

(૧) મોજે ભેસ્તાન, રે.સ.નં.૫૯,૬૦,૬૧ પૈકી પ્લોટ નં.૪૦૮, ૪૦૯ યુનીટી ઈન્ડ.એસ્ટેટ, ભેસ્તાન, સુરતવાળી મિલકતના મિલકતદારોને અત્રેથી મંજૂર પ્લાન વિરૂધ્ધ થયેલ બાંધકામ સબબ તાકીદની નોટીસ પાઠવવામાં આવેલ જેનો અમલ મિલકતદારો ધ્વારા કરવામાં ન આવતા આજરોજ તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ આશરે ૪૦૦ ચો.ફૂટ ચણતરકામ તથા ૮૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ સહિતનું ગેરકાયદેસર બાંધકામ તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૨૫,૦૦૦/– મિલકતદારો પાસેથી વસુલ લેવામાં આવેલ છે.

## –: પ્રેસનોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૧/૦૭/૨૦૧૮ ના પુણા–સીમાડા શહેરી આરોગ્ય કેન્દ્ર, માન સરોવર સોસાયટી સામે, યોગીચોક, પુણા–સીમાડા, સુરત ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગે આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરમેનશ્રી ડો. રમણભાઈ પરમાર, સ્થાયી સમિતીનાં સભ્ય શ્રીમતિ કૈલાશબેન ભાલીયા,** ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. આશિષ નાયક, વરાછા ઝોનના ઝોનલ ચીફ શ્રી જતીન દેસાઈ, આર.સી.એચ.ઓ. અને મેડીકલ ઓફિસર (વર્ગ–૧) ડો. ફેનીલ પટેલ, મ્યુ. સદસ્ય શ્રીમતિ જયોતિબેન સોજીત્રા, શ્રી નિલેશભાઈ કુંભાણી, શ્રી ઘીરૂભાઈ લાઠીયા તથા શ્રી દિનેશભાઈ સાવલીયા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી (વરાછા ઝોન)ડો. એ.પી.ભટ્ટ અને ડો. કિંજલ પટેલ, વેકસીનેશન બ્રાંચના ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારી ડો. ચેતન ચોકસી તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પુણા–સીમાડા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૫૬૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૦૩, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૨, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૧૯, બાળરોગ નિષ્ણાત દ્વારા ૪૪, ફિઝીશીયન દ્વારા ૧૩૯, સર્જન દ્વારા ૩૭, મેડીકલ ઓફીસર દ્વારા ૧૧૬ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૬૧ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૩૪ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૮૧ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી. જુદા–જુદા રોગ અંગેની ૪૨૦૦ પ્રચારપત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૫૦૦, ઓરલ પીલ્સ ૧૨ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૮૩૦ ટેબ્લેટ, કલોરીન ટેબ.

૭૦૦ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને બી.સી.જી., ૦૧ બાળકને પેન્ટાવેલેન્ટ, ૦૧ બાળકને પોલીયોની રસી, ૦૧ બાળકને આઈ.પી.વી., ૪૭ બાળકોને એમ.આર., ૦૧ લાભાર્થીને ટી.ટી. તથા ૦ર લાભાર્થીઓને મધર્સ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u>**

**આગામી વિના–મૂલ્યે નિદાન / સારવાર કેમ્પનું આયોજન તા.ર૮/૦૭/ર૦૧૮ ના રોજ ભેસ્તાન શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે. તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**




તા.૨૧/૦૭/૧૮ શનિવારના રોજ પુણા–સીમાડા શહેરી આરોગ્ય કેન્દ્ર, માન સરોવર સોસાયટીની સામે, યોગી ચોક વરાછા, સુરત ખાતે દિપ પ્રાગટ્ય કરી આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરતા આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, રૂગ્ણાલયો અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં ચેરમેન શ્રી ડો. રમણભાઈ પરમાર, મ્યુ.સદસ્ય શ્રી ધીરૂભાઈ લાઠીયા, શ્રી નિલેશભાઈ કુંભાણી, શ્રી દિનેશભાઈ સાવલીયા, ડે.કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પિટલ)ડો. આશિષ નાયક તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી (વરાછા ઝોન) ડો. એ.પી.ભટ્ટ દ્રશ્યમાન છે.

## :પ્રેસનોટ:

**પૂર્વઝોન (વરાછા) સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તાર પુણા ખાતે આવેલ એલ.પી.ડી. સ્કૂલના વિધાર્થીઓ દ્વારા ''વિશ્વકર્મા સોસાયટી'' તથા ''ભૈયાનગર'' ખાતે મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા સ્થાનિક રહીશોમાં જનજાગૃતિ અભિયાન હાથ ધરવાની પહેલ કરી આરોગ્યલક્ષી કામગીરીમાં સહયોગ આપેલ છે. જેની અખબારી યાદી :—**

---

હાલમાં ચોમાસાની ઋતુ દરમ્યાન તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મચ્છરજન્ય પરિસ્થિતિ નિવારવા પગલાં ભરવામાં આવે છે. લોકો મચ્છરની ઉત્પતિ નિવારવા જાગૃતિ થાય તે મુજબ કાર્યવાહી હાથ ધરવા પુણાગામ ખાતે આવેલ એલ.પી.ડી. વિધાલય ના વિધાર્થીઓ દ્વારા ''વિશ્વકર્મા સોસાયટી'' તથા ''ભૈયાનગર'' ખાતે ૨૪૫ ઘરોમાં સર્વેની કામગીરી હાથ ધરી સ્થાનિક રહીશોમાં મચ્છરની ઉત્પતિ અટકાવવા લોકોએ લેવા જોગ કાળજી બાબતે જનજાગૃતિ અભિયાન હાથ ધરી આગવી પહેલ કરેલ છે. '' આજનો વિધાર્થી ભવિષ્યનો નાગરિક છે.'' ઉકિત ને ચરિતાર્થ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. શાળાના વિધાર્થીઓને પુણા યુનિટના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા જરૂરી આરોગ્યલક્ષી શિક્ષણ માહિતગાર કરેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી
સાદર
સમાચાર યાદી નં. ૨૭૪
તા.૨૧/૦૭/૨૦૧૮


એલ.પી.ડી શાળાના
બાળકોની ઇન્ટ્રા
સર્વેની ટીમ..


એલ.પી.ડી શાળાના બાળકો દ્વારા
કરાવેલ ઇન્ટ્રા સર્વેની કામગીરી..


એલ.પી.ડી શાળાના બાળકો દ્વારા
કરાવેલ ઇન્ટ્રા સર્વેની કામગીરી..


પાણી ભરાવો સાફ
કરતા બાળકો..


પાણી ભરાવામા તેલ નખાવેલ
છે..




૨૭૫

## :: પ્રેસનોટ ::

### ''સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા''

વિષય : સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૭/૨૦૧૮ના રોજ સ્વામી વિવેકાનંદ ઓડીટોરીયમ ખાતે યોજાયેલ વર્ષાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરવા અને વરસાદના આગમનને વધાવવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૧/૦૭/૨૦૧૮ને શનીવારના રોજ સવારે ૦૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગ અને બપોરે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્વામી વિવેકાનંદ ઓડીટોરીયમ, ન.પ્રા.શિક્ષણ સમિતિ શાળા ક્રમાંક : ૬૮, ૬૯, ૭૦, ૭૧ના કમ્પાઉન્ડમાં, જુની બોમ્બે માર્કેટ પાસે, ઉમરવાડા,સુરત ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ,સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ

અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવી સ્પર્ધાની શરૂઆત કરી હતી. આ સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ તથા માધ્યમિક વિભાગ મળી કુલ ૫૦થી પણ વધુ શાળાઓના અંદાજીત ૩૨૫ બાળકોએ ભાગ લઈ પૂરી તન્મયતાથી વર્ષાગીતો રજુ કરી ઉપસ્થિત શ્રોતાઓના મન મોહી લીધાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ જાહેર થયું હતું.

| વિજેતા ક્રમ | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ |
|---|---|---|
| પ્રથમ | સંસ્કાર ભારતી વિદ્યાલય (ગુ.મા.), પાલનપુર પાટીયા | સંસ્કાર ભારતી વિદ્યાલય (ગુ.મા.) પાલનપુર પાટીયા |
| દ્વિતીય | શારદાયતન સ્કુલ, પીપલોદ | શ્રી એચ.એસ.ગજેરા સેકેન્ડરી સ્કુલ(ગુ.મા.), કતારગામ |
| તૃતીય | માધવબાગ વિદ્યાભવન, અમરોલી | શારદાયતન સ્કુલ, પીપલોદ |
| આશ્વાસન વિજેતા | કે.એસ. જોષી પ્રાયમરી ઈ.મી. સ્કુલ, શાહપોર | પી.પી. સવાણી વિદ્યાભવન |
| | ગજેરા વિદ્યાભવન, કતારગામ | મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, ઉત્રાણ |
| | શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, કતારગામ | આર.એસ.એન. પૂણાવાલા સાર્વજનિક એકસપેરીમેન્ટલ સ્કુલ |
| | શારદા વિદ્યામંદિર, સીંગણપોર | |
| | સંતશ્રી સવૈયાનાથ પ્રાથમિક શાળા, અમરોલી | |
| | શેઠ પી.એચ. બચકાણીવાલા વિદ્યામંદિર, ઉધના | |

વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, મ્યુ.અધિકારીશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ તથા પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતોને ભાવસભર માણ્યાં હતાં.





